

સંસ્થાપક·સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી·સ્વ. બચુભાઈ રાવત
આવતી કાલનાં
નાગરિકો માટેનું માસિક
વર્ષ ૫૭મું·અંક ૧૨ મો
ડિસેમ્બર ૧૯૮૦
સળંગ અંક ૬૮૪
તંત્રી·બિહારીલાલ ટાંક

કુમાર



'ટૅન્ગ્રામ' (જુઓ આ અંકની 'કલાવાર્તા') વડે રચેલા કેટલાક આકારો-અને 'કુમાર'ના નામાક્ષરો સુધ્ધાં



કુમાર

ડિસેમ્બર ૧૯૮૦ અંક ૬૮૪

આદ્યતંત્રી : બચુભાઈ રાવત — તંત્રી : બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થયેલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થયેલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત (મૅનેજર) · મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૧૩૭૪૫ · વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

વલ્લભાચાર્ય અને ચૈતન્ય

વલ્લભાચાર્ય (ઈ. સ. ૧૪૭૯, વિ. સં. ૧૫૩૫–ઈ. સ. ૧૫૩૨, વિ. સં. ૧૫૮૭) ને ચૈતન્ય મહાપ્રભુ (ઈ. સ. ૧૪૮૫–૧૫૩૩) સમકાલીન હતા. અનેક વાર એ બંનેનો મેળાપ થયેલો.

ઑક્ટોબર અંકમાં શ્રી પ્રફુલ્લ રાવળ અડેલ નામક સ્થાને તેમના મેળાપનો ઉલ્લેખ કરે છે. અડેલ અલ્લાહાબાદ પાસેનું એક નાનું ગામડું છે. પોતાના શિષ્ય સોમેશ્વરની વિનંતીથી વલ્લભાચાર્યે પોતાની ઉત્તર વયમાં ત્રિએક દાયકા ત્યાં વીતાવેલા. આજુબાજુમાં સફેદ, શ્યામ અને સામાન્ય એમ ત્રણ પ્રકારની તુલસી ઊગતી હોવાથી વલ્લભાચાર્યે પોતાનું સ્થાનક ત્યાં રાખ્યું હતું. શ્રી મણિલાલ સી. પારેખ પોતાના પુસ્તક 'શ્રી વલ્લભાચાર્ય'(અં.માં ૧૮૪૩, પૃ. ૧૬૭)માં રસપ્રદ વૃત્તાંત આપે છે. ચૈતન્ય બંગાળથી વૃંદાવન જતાં રસ્તામાં બપોર પછી વલ્લભાચાર્યને ત્યાં પધારે છે. વલ્લભાચાર્ય પોતાનાં પત્નીને ચૈતન્ય માટે પ્રસાદ લાવવાનું કહે છે. પત્ની કહે છે કે પ્રસાદ તો બચ્યો નથી. હવે પછીની પ્રસાદ વેળાનો પ્રસાદ પણ ભગવાનને ધરાવ્યા બાદ અપાય શકે. પણ વલ્લભાચાર્યે મૂર્તિને ધરાવવાનો પ્રસાદ ચૈતન્ય સમક્ષ ધરી દીધો. ચૈતન્યે તે આરોગ્યો. શિષ્ય પૂછે છે, 'આમ કેમ?' વલ્લભાચાર્ય કહે છે, 'શ્રી ચૈતન્યના હૃદયમાં શ્રી કૃષ્ણ બિરાજે છે.'

શ્રી પારેખનું પુસ્તક નિષ્પક્ષ છે, સમતોલ છે. 'વલ્લભાચાર્ય અને શ્રી ચૈતન્ય' પ્રકરણમાં શ્રી પારેખ બંનેમાંથી કોઈની ખોટી રીતે પ્રશસ્તિ કરતા નથી કે ઉતારી પાડતા નથી. પરંતુ બંને યુગપુરુષોનું ને તેમના સંપ્રદાયનું સમ્યક્ દર્શન કરાવે છે.

'ચૈતન્ય' જીવનચરિત્રના લેખક શ્રી એ. કે. મજુમદારના કથન અનુસાર બંનેનો મેળાપ પ્રયાગમાં અને ત્યાર બાદ પુરીમાં થાય છે. વલ્લભાચાર્ય પુરીમાં પધારે છે, ચૈતન્યને મળે છે. વલ્લભાચાર્ય ભાગવત પુરાણ પરની પોતાની ટીકા ચૈતન્યને સંભળાવવા આતુર છે, ચૈતન્ય ધ્યાન આપતા નથી. બંને વચ્ચે શ્રીકૃષ્ણ વિષે સંવાદ થાય છે, વલ્લભાચાર્યને વાદવિવાદમાં રસ છે, ચૈતન્યને નથી. વલ્લભાચાર્ય ચૈતન્ય અને તેમની મંડળીને પ્રસાદ (ભોજન) માટે આમંત્રે છે. તેઓ પધારે છે. વલ્લભાચાર્ય ચૈતન્યના સિદ્ધાંત પર વારી જાય છે, ચૈતન્યના સાથી ગદાધરને વિનવે છે કે મને દીક્ષા આપો. પણ ચૈતન્યને તે મંજૂર નથી. ગદાધર દીક્ષા આપવા ઇન્કાર કરે છે. ('ચૈતન્ય-હિઝ લાઈફ ઍન્ડ ડૉક્ટ્રિન'–એ. કે. મજુમદાર, ૧૯૬૯, પૃ. ૨૨૯, ૨૩૫–૬.)

'ચૈતન્ય' ચરિત્રના બીજા એક લેખક શ્રી શિશિરકુમાર ઘોષ ('અમૃત બજાર પત્રિકા'ના સ્થાપક)ના કથન અનુસાર વલ્લભાચાર્ય ઉત્તર વયમાં નીલાચલ મધ્યે ગૌરાંગ (ચૈતન્ય)ને મળે છે. દંડવત્ પ્રણામ કરે છે, ગદાધર વલ્લભાચાર્યને દીક્ષા આપે છે. (લૉર્ડ ગૌરાંગ, ત્રીજી આવૃત્તિ, પુસ્તક–૨, ૧૯૨૩, પૃ. ૩૫૧–૨.)

શ્રી પારેખની એક ફરિયાદ (પૃ. ૧૬૮) યથાર્થ છે કે ચૈતન્ય સંપ્રદાયના સાહિત્યમાં વલ્લભાચાર્યને ખોટી રીતે ઉતારી પાડવામાં આવ્યા છે.

રામકૃષ્ણ પરમહંસ ચૈતન્ય મહાપ્રભુને અવતાર તરીકે સ્વીકારીને તેમને વંદતા હતા.

ભક્ત સુરદાસ વલ્લભાચાર્યના સખા હતા.

કુમાર 'સંપાદકીય' વૃત્તાન્તમાં કથન છે કે વલ્લભાચાર્ય 'સંપ્રદાયમાં ગાદીના ઉત્તરાધિકારી ગુરુની પણ તન-મન-ધનથી પૂજા કરવાનું માહાત્મ્ય હતું અને આગળ જતાં ક્યાંક તેનું અનિષ્ટકર પરિણામ પણ જોવા મળ્યું.' પરંતુ તેને માટે શ્રી વલ્લભાચાર્યને દોષ આપી શકાય નહિ.

વલ્લભ સંપ્રદાયના મહારાજોનાં કુકર્મો ને વ્યભિચાર મુંબઈ હાઇકોર્ટની સ્થાપના પહેલાંની મુંબઈની તત્કાલીન સુપ્રિમ કોર્ટમાં ચાલેલા 'મહારાજ લાયબલ કેસ'માં ઈ. સ. ૧૮૬૧–'૬૨માં છતાં થયાં ('મહારાજ લાયબલ કેસ', ૪થી આવૃત્તિ, 'કરસનદાસ મૂળજી' ચરિત્ર (અંગ્રેજીમાં)–બી. એન. મોતીવાલા ૧૯૩૫).

શ્રી પારેખ વલ્લભસંપ્રદાયમાં સડા વિષેના પ્રકરણમાં સડા તરફ આંખ આડા કાન કરવાને બદલે મહારાજ લાયબલ કેસ તેમ જ એ સડાની વેધક છણાવટ કરે છે, સાથે સાથે સડાની નાબૂદી અને સંપ્રદાયની શુદ્ધિ માટે રચનાત્મક સૂચનો પણ કરે છે. (પૃ. ૩૫૧–૩૭૮)

મહારાજ લાયબલ કેસ દરેક સંપ્રદાયના અનુયાયીઓ માટે બોધપાઠરૂપ છે. 'ચમત્કારો'થી અંજાઈ જવાનું નથી, પ્રચારનો ભોગ બનવાનું નથી. 'ભગવાન' આસાનીથી બની શકાય છે, બનાવાય છે. પણ 'ચેતતો નર સદા સુખી.'

(મુંબાઈ) —વી. બી. વણાત્રા

'કુમાર'ના 'વિચાર-વિશેષ' વિભાગમાં પ્રત્યેક અંકમાં છપાતા, બહાદુરશાહ પંડિતના સરળ, વિશદ અને પ્રેરણાત્મક લઘુ લેખો અમે રસપૂર્વક વાંચીએ છીએ.

ઑક્ટોબર ૧૯૮૦ના અંકમાં છપાયેલો 'સત્સંગ' શીર્ષકનો લેખ પણ અભિનવ વિશિષ્ટ પ્રણાલિને બરાબર સાચવે છે.

એમાં સત્સંગનો મહિમા બતાવતો નીચેનો દુહો કબીરજીને નામે ટાંક્યો છે:

એક ઘડી આધી ઘડી, આધી મેં પુની આધ
સંત સમાગમ કીજીયે કોટિ યજ્ઞફલ હોય.

સ્પષ્ટ છે કે આ દુહાની બીજી પંક્તિ બરાબર નથી, ચોથું ચરણ શિથિલ છે અને પ્રાસ પણ બેસતો નથી. 'કબીરજી વળી યજ્ઞ અને યજ્ઞ ફળમાં માનતા હતા?'

મેં સાંભળેલો, આ દુહાનો પાઠ નીચે પ્રમાણે છે:

એક ઘડી, આધી ઘડી, આધી મેં પુનિ આધ;
તુલસી સંગત સાધુ કી, મિટે કોટિ અપરાધ.

(વડોદરા-૭) —ભોગીલાલ જ. સાંડેસરા

* આ પાઠ દર્શાવતા બીજા પત્રો પણ મળ્યા છે.

અમુક એક ચોક્કસ વિષય પર જ ફોટો-પ્રદર્શન* (નવે૦ અંક પૃ. ૩૮૦) યોજવાનું અન્ય દેશોમાં તો ઠીક, ભારતમાં યે વર્ષોથી થઈ રહ્યું છે, ને ગુજરાતમાં પણ થઈ ચૂક્યું છે. ભારત સરકારના માહિતી વિભાગો દ્વારા રાષ્ટ્રીય તેમ જ રાજ્ય સ્તરે વારંવાર થતાં રહેલાં એવાં છબી-પ્રદર્શનો, અમદાવાદની એન. આઈ. ડી. સંસ્થાએ તૈયાર કરેલું નેહરુ પ્રદર્શન તેમ જ એક્સપો-'૭૭ સમયનું ગ્રામભારતી છબીપ્રદર્શન (૧૯૬૪) રઘુ રાયની રાહબરી નીચે યોજાએલા 'ક્રીએટીવ આઈ'(સર્જક દૃષ્ટિ) તથા આંતર રાષ્ટ્રીય મહિલા વર્ષ દરમિયાન યોજેલા 'સ્ત્રી' (સ્ત્રી), ઉપરાંત ભારત સરકારના ડી.એ.વી.પી. વિભાગે 'રાષ્ટ્રીય એકતા' એ વિષય પર તેમ જ આંતરરાષ્ટ્રીય બાળવર્ષ દરમિયાન યોજેલ 'ભારતનાં બાળકો' અને વડોદરાના કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ વાપીના ઈન્વેન્ટા કૉર્પોરેશનની સાથે મળીને યોજેલા 'શૈશવ' છબીકળા પ્રદર્શન વગેરે ઉલ્લેખનીય છે. છેલ્લાં બે પ્રદર્શનોનો સચિત્ર ઉલ્લેખ તો 'કુમાર'ના પાછલા અંકોમાં પણ થઈ ચૂક્યો છે. ઉપરાંત કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ નાના પાયા પર પર્યાવરણ અને શહેરીકરણ એ બે વિષયો પર પણ પ્રદર્શન યોજેલાં. કલકત્તાની વિલ્સ સિગારેટ બનાવતી કંપનીએ 'મેઈડ ફોર ઈચ-અધર' તથા ગુજરાતના વનવિભાગે 'વન્ય સૃષ્ટિ' એ વિષયો પર યોજેલી છબી-સ્પર્ધાઓ તો આ વર્ષની જ ઘટનાઓ છે. 'ભારત-એક કુટુંબ' (ફૅમિલી ઑવ ઇંડિયા) નામથી ઘણું જ મોટું છબી પ્રદર્શન કલકત્તામાં તૈયાર થઈ રહ્યું છે. જો કે વહીવટીય તથા આર્થિક ઇત્યાદિ કારણોસર બે વર્ષથી તેની રજૂઆત પાછી ઠેલાતી રહી છે.

નિહારિકાએ-૧૯૮૦ના અંતભાગમાં 'એક જ વિષયનું છબી-પ્રદર્શન યોજવાની પહેલ કરી તેમ કહેવામાં મુદ્રણક્ષતિ તો નહિ જ હોય!!

(વડોદરા) —જ્યોતિ ભટ્ટ

*કહેવાનું તાત્પર્ય એ છે કે 'અતુલ' અને 'નિહારિકા'એ સહકારમાં આ પ્રદર્શન યોજવાની પહેલ કરી છે અને હવે પછી અવારનવાર આવાં પ્રદર્શનો યોજવાની એમની નેમ છે.

—

'કુમાર'નો ૬૮૦મો અંક મળ્યો. 'વિપ્લવી ઇતિહાસની સમાંતર યાત્રા' લેખ વાંચીને લેખક વિષ્ણુભાઈ પંડયા અને 'કુમાર'ને જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા છે. મારું ચાલે અને શક્તિ-સત્તા હોય તો આ લેખ દેશની બધી ભાષાઓમાં પ્રકટ કરાવું.


લેખ વાંચીને દુ:ખ એટલું જ થાય છે કે આવા ભૂતકાળને યાદ કરવાની કેટલાને ફુરસદ છે? જે વીરોની શહાદતથી આપણે સ્વતંત્રતા માણી રહ્યા છીએ તેઓને ભૂલી જવું નગુણાપણું જ કહેવાય...આ પ્રેરણાત્મક લેખ માટે આ સાથે રૂ. ૧૦૧/- લેખકને મારા તરફથી નમ્ર ભેટ મોકલું છું. આશા છે કે તેઓ એ સ્વીકારશે... મારું નામ જણાવશો નહિ.

—દુબઈથી રૂ. ૧૦૧ મોકલું છું, જે ૧૯૮૧ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીમાં દેશના હિતમાં, દેશાભિમાન પ્રકટાવે, દેશ કાજે કાંઈક કરી છૂટવાની પ્રેરણા પેદા કરે તેવા લેખ માટે ભેટ આપશો.


'કુમાર'માં બહેનોને પ્રેરણા મળે, બાળઉછેર માટે વિશેષ જ્ઞાન મળે તેવું સાહિત્ય પણ પ્રકટ થાય તો સારું. હૉંગકૉંગ જાણે એક મોટું શૉપિંગ સેન્ટર છે. અહીં આવતી ધનવાન સ્ત્રીઓ પાણીની જેમ કપડાં-દાગીના માટે પૈસા વેરતી જોવા મળે છે, પણ માતા તરીકે તેઓ પોતાનાં બાળકોની કેટલી ખેવના રાખતી હશે એનો જે અંદાજ એમના વર્તાવ તથા એમની વાતોમાંથી મળે છે તે પરથી લાગે છે કે એમને માટે પણ કંઈક જ્ઞાનવર્ધક ને પ્રેરણાત્મક લખાવું જોઇએ.

(હૉંગકૉંગ) —એક દેશાભિમાની

*આભાર. 'કુમાર'માં અગાઉ બહેનો માટે 'કંકાવટી' વિભાગ પ્રકટ થતો હતો તેને પુન: શરૂ કરવાની તેમ જ બાળકો માટે પણ એક વિભાગ (મોટા ટાઇપોમાં છાપીને) વધારવાની નેમ છે. હાલમાં તો કેટલાક સંજોગોના કારણે અંક પણ નિયમિત રહ્યા નથી તેનો અમને અત્યંત રંજ રહે છે. સૌપ્રથમ એને નિયમિત કરવા ઉપરાંત આવતા વર્ષમાં કેટલાક ફેરફાર ને ઉમેરણ કરવાનો પણ વિચાર છે.



ભાવનગર જિલ્લામાં સિહોરના રાજઆવાસમાંનું એક ભિંતચિત્ર આતાભાઇ ગોહિલ અઢિસો વર્ષ પૂર્વેની ગુજરાતી કલાનું છેલ્લું અપભ્રંશ સ્વરૂપ
(બ્લોક સાહિત્ય મુદ્રણાલયના સૌજન્યથી : જુઓ આ અંકની 'કલાવાર્તા')



હળેબીડ મંદિરના પ્રાંગણમાંથી દેખાતું દૃશ્ય (ફોટો · ત્ર્યંબકલાલ પટેલ)

અસલથી જ / હસિત બૂચ

· પૃથ્વી · સૉનેટ ·

હવે ક્ષિતિજની દગે અણુપછાણુની ટાઢક;
સહું; પણ સહું ક્યહીં લગણુ – આમ વેઠયા કરું?
નથી નિકટ – દૂરનો ય અણુસાર આત્મીય કો'
હવે વસતિ કે કશે વિજનમાં: ઢસેડયા કરું!

કહું ચરણુને ય શું? – શ્રમિત એ, છતાં ખેડતા
રહ્યા મજલ પ્રાપ્ત એ પથ પરે હજી! કેમ હું
ભરું ચિમટી ચિત્તને? – અસલથી જ આવું મળ્યું:
ઝબૂક થથરે, ઝબૂક થથરે; છતાં ના ઠરે!

કરું નજર: ના બધી, પણ જમીન ગોડાઈ છે;
સિંચાયું જળ; ક્યારીઓ ઊછરતી પ્હણે કે અહીં.
હજી સ્મરણુમાં તરે ઉડણુ પંખીનાં; એમને
ટહુરવ હજી ય કર્ણે રણુકંત; – ના વિસ્મરું.

રહે ક્ષિતિજ છો અજાણુ, અણુસાર ના આપ્ત કો';
અધીરજ રગે રગે ધબકતી ભરુંસે, જુઓ.

આગમન / મુકુન્દરાય પારાશર્ય

· શિખરિણી ·

ઘણે લાંબે ગાળે પ્રિયતમ તણા આગમનને
વધાવા ઔત્કંઠ્યે રજરજ સજ્યું મેં સદનને,
પ્રતીક્ષામાં જાણ્યું નહિ વહી નિશા કેટલી ગઈ,
પડે દૂરે ઘેલી નજર તિમિરે કુંઠિત થતી.

અચિંતા વાઝોડે ઘર–તરુ પરે મોર ગળક્યો,
ભડોભડ્ દ્વારોથી જીવ સ્થિતિ વિષે જાગ્રત થયો;
શિરે શંખોનું તોરણુ તૂટી અને ઉંબર પડ્યું,
ગયું ઢંકાઈ કુંકુમ–ખચિત આલેખન રચ્યું.

ખર્યાં જૂઈ–પાનો–ફૂલ ફળી મહીં ને પગથિયે,
દીવા ગોખે બૂઝ્યા ફફડીફટકી ઘોર તિમિરે,
સુણું પાંખો મેના તણી ફફડતી પિંજર વિષે,
વીંખાતી ઊડી ઓઢણી ગઈ વીંટાઈ શિર પરે.

અહો ત્યાં આફુડી અરવ ઘર–ડેલી ઊઘડી ગઈ,
પ્રકાશી ઊઠ્યાં તત્પર હૃદય સૌ વિસ્મય બની
સ્વયંજ્યોતિકેરાં અવિદિત પદે આગમનની.

આંખને અડી / યોસેફ મૅકવાન

· ગાન ·

આંખને અડી પાંદડી લીલી
ઝૂલવાના હવે ઓરતા જાગ્યા,
ભીતર જાણે પંખી ઊડચાં
પીંછાં હવે મહોરતાં લાગ્યાં.

હાથ હવાનો અડકે ધીરે
શ્વાસમાં આવે મ્હેક,
મારી ચોમેર ઊડતી તોયે
નહીં દોરાતી રેખ.
ગીતના ટશિયા કંઠે ફૂટચા
સૂર હવે તો કૉળતા લાગ્યા.

સાવ રે નાની વાત છે આ તો
બિન્દી જાણે શ્વેત,
અંધારની ઝીણી રજમાં સોહે
કિરણુ સળી એક.
પળને આભલે એમ જોઈ કે—
શબ્દ–સૂરો, લય ને તાલો
એની છવિ દોરતા લાગ્યા!

નથી થતું / મનસુખ વાઘેલા

· ગઝલ ·

બિંબોની ઝાંખી આંખને દેખાય એટલું
દર્પણુની આરપાર બધું આંધળું હતું!

દરિયાનાં ફીણુથી જ ભીંજાવાનું રહી ગયું,
આકાશમાં તો નામનું ય વાદળું ન'તું!

રસ્તાની જેમ એકલો ને એકલો છું હું,
આ કોણુ દેહ–શ્વાસમાં પગલાં ભરી જતું!

ખુદને જ ભૂલવા તને ચાહી છે મેં સતત
તારી સમીપ એ રહસ્ય થાય ના છતું!

'મનસુખ'ના મૌનમાં જ બનાવો બને બધે,
શબ્દોમાં એનાથી તો કશું પણ નથી થતું!

❑ **અસલથી જ :** શેક્સપીયરશાઈ આ સૉનેટમાં પ્રથમ શ્લોક જીવનમજલ ઢસેડવાની વાત કર્યા પછી બીજા શ્લોકમાં શ્રમિત ચરણ અને થથરતા ચિત્તનો ચિતાર અપાયો છે. ચિત્તને સચેત કરવા ચીમટી ભરવાની અભિવ્યક્તિમાં તાજપ અને સારલ્ય આસ્વાદ્ય છે, તો આઠમી પંક્તિમાં 'ઝબૂક થથરે'ની દ્વિરુક્તિ દ્વારા અસ્થિર-અશક્ત ચિત્તની દશા સહજતાથી નિરૂપાઈ છે. પણ ત્રીજા શ્લોકમાં પૂર્વ સ્મરણોની જાગ્રતિથી વર્તમાનની હતાશા હટી જાય છે અને અંતિમ કડીમાં કોઈ 'ભરુસે' જીવનયાત્રા આગળ વધારવાનો આશાભર્યો નિરધાર પ્રકટી રહે છે. ❑ **આગમન :** ગોપીભાવથી નાયિકાની ઉક્તિ-રૂપે રજૂ થતું આ કાવ્ય પરંપરાની અભિવ્યક્તિ અને ભાવસંવેદનથી કશા નાવીન્ય વગર પણ ભક્તહૈયાની પ્રભુ-આગમનના અણસારથી જાગેલી તાલાવેલીનું અને તદ્જન્ય આનંદનું આસ્વાદ્ય પરિણામ છે. ❑ **આંખને અડી :** પ્રકૃતિના દર્શનથી કાવ્યનાયકમાં જે રૂપાન્તરની પ્રક્રિયા જાગી તે અનુભવને અહીં મુલાયમતાથી અભિવ્યક્ત કરવામાં આવ્યો છે. બીજા અંતરામાં 'સાવ રે નાની વાત'નો કાકુ અછતો રહેતો નથી કે એ નાની જણાતી પણ કેટલી મોટી ઘટના બની ગઈ! અને અંતે પ્રકૃતિમાં પાત્રનો પ્રવેશ કરાવી પ્રકૃતિને ઉદ્દીપન વિભાવની સામગ્રી કેવી સહજરીતે બનાવી દેવાઈ તે પણ અનુભવી શકાશે. ❑ **નથી થતું :** કોઈક મિલન બાદની કાવ્યનાયકની જુદાઈના દર્દને પ્રત્યેક શેરમાં વિવિધ અભિવ્યક્તિ મળવાથી તે તીવ્ર બની આવ્યું છે. —શ્રી. પ.

સહાનુભૂતિ

બહાદુરશાહ પંડિત

મહા પ્રભુ ચૈતન્ય એક વાર હોડીમાં બેસી ગંગા પાર કરી રહ્યા હતા ત્યાં એમણે એકાએક ચીસ પાડી. એમની સાથેના શિષ્યે પૂછ્યું : 'શું થયું મહા પ્રભુ?' મહા પ્રભુ ચૈતન્યે કિનારા તરફ આંગળી કરીને એક દૃશ્ય બતાવ્યું. એક તગડો આદમી એના નોકરને નેતરની સોટીથી મારતો હતો. એ નોકરની ચીસો સાથે ચૈતન્ય સ્વામીની ચીસો પણ વધતી જતી હતી. એટલું જ નહિ, પણ શિષ્યે જોયું તો મહા પ્રભુના ખુલ્લા બરડામાં સોટીના મારના સૉળ દેખાતા હતા.

સહાનુભૂતિ શબ્દનો સાચો અર્થ આ જ છે. નોકરના બરડામાં વાગતી દરેક સોટી પોતાના વાંસામાં વાગતી હોય એવો જ અનુભવ થાય અને એ સાથે ચીસ પડાઈ જાય એનું નામ જ સહાનુભૂતિ. સહ એટલે સાથે, અનુભૂતિ એટલે અનુભવ. અન્ય વ્યક્તિને થતો હોય એવો જ અનુભવ તેની સાથે આપણને થાય તે.

સહાનુભૂતિ તો આપણે વારંવાર પ્રકટ કરતા હોઈએ છીએ, પરંતુ એ દર્શાવતાં આપણે પૂરેપૂરા પ્રામાણિક હોઈએ છીએ ખરા? પોતાની જાતને જ પૂછવાનો આ પ્રશ્ન છે.

કહેવાય છે કે શાળામાં મજનુને શિક્ષકે સોટી મારી તો એનો સૉળ લયલાના હાથમાં પડ્યો. આટલી હદે ચમત્કાર થવાની અપેક્ષા તો આપણે ના રાખી શકીએ, પરંતુ અન્યની વેદના જોઈ આપણને વેદનાનો અનુભવ થાય તો પણ આપણે માણસ હોવાની લાયકાત ગુમાવી રહ્યા નથી એનું આશ્વાસન લઈ શકીએ.

સહાનુભૂતિ આંતરિક હોય છે. એથી એની પ્રતીતિ માત્ર વર્તન દ્વારા જ થઈ શકે. આપણા એક મૂર્ધન્ય નેતા જર્મનીના પ્રવાસે ગયા ત્યારે એ સમયના ત્યાંના વડા પ્રધાન એમને હિટલરની ક્રૂરતાના અવશેષ સમી ગૅસ ચેમ્બર બતાવવા લઈ ગયા. આ ગૅસચેમ્બરોમાં હજારો યહૂદીઓને ગૂંગળાવીને મારી નાખવામાં આવ્યા હતા. એનું વર્ણન સાંભળીને એ નેતાના આંખમાં આંસુ આવી ગયાં, એ દિવસે એ પોતાનું ભોજન પણ લઈ શક્યા નહિ.

સંવેદન વિના સહાનુભૂતિ શક્ય નથી, અને સંવેદન સહૃદયતા વિના સંભવી શકે નહિ. ગીતામાં કહ્યું છે : 'આત્માવત્ સર્વભૂતેષુ યઃ પશ્યતિ સઃ પશ્યતિ.' તમામ પ્રાણીઓને પોતાના જેવા ગણે એ જ સાચા અર્થમાં સહાનુભૂતિ રાખી શકે. સોમવંશના રાજા રંતિદેવે એક વાર અડતાળીસ દિવસના ઉપવાસ કર્યા હતા. ઓગણપચાસમા દિવસે એ જમવા બેસતો હતો ત્યાં એક બ્રાહ્મણ આવી ચડ્યો. બ્રાહ્મણે કહ્યું : 'મહારાજ, ત્રણ દિવસથી કશું ખાવા મળ્યું નથી. મને થોડું જમવા આપો.'

રંતિદેવે બ્રાહ્મણને જમાડ્યો. એ પછી વધેલું ભોજન એ જમવા બેસતો હતો ત્યાં એક શુદ્ર આવી ચડ્યો. રાજાએ એને પણ ભોજન કરાવ્યું. આમ, અંતે રાજા એકલું પાણી પીને પેટ ભરવા જતો હતો ત્યાં એક તરસ્યા ચાંડાળે આવીને પાણી માગ્યું. રાજાએ પોતાનું જળપાત્ર એને આપી દીધું. આમ, સહાનુભૂતિ કદી વંધ્યા હોઈ શકે નહિ. સહાનુભૂતિ હમેશાં ત્યાગની પ્રેરણા આપે છે, કર્તવ્યનો રાહ બતાવે છે. બલિદાનનો જુસ્સો પેદા કરે છે.

ઈ. ૧૯૪૭માં ભારતને આઝાદી મળી ત્યારે ડૉ. હરિપ્રસાદ વ્યાસે મહાત્મા ગાંધીજીને પત્ર લખ્યો : 'આપે દાંડીકૂચ વખતે પ્રતિજ્ઞા લીધી હતી કે હવે સ્વરાજ મળ્યા પછી જ સાબરમતી આશ્રમમાં પાછા ફરીશ. હવે સ્વરાજ મળ્યું છે. આપ હવે અમદાવાદ ક્યારે પધારો છો?' એ સમયે નોઆખલીમાં કોમી રમખાણ ચાલતાં હતાં. રોજેરોજ આગ, લૂંટ, મારામારી, બળાત્કારના સમાચાર આવતા હતા. એથી ગાંધીજીએ ડૉ. વ્યાસને લખ્યું : 'મારો માટે નોઆખલી નજીક છે, અમદાવાદ દૂર છે.' અને એ કોમી હુતાશન શાંત પાડવા પગપાળા પ્રવાસ કરવા નોઆખલી તરફ ઊપડી ગયા.

કોઈ વાર આપણી સહાનુભૂતિ છતાં સામી વ્યક્તિને આપણે મદદ ના કરી શકીએ. એવે વખતે આપણી સહાનુભૂતિ વ્યક્ત તો થાય છે, પણ એનું રૂપ લાચારીનું હોય છે. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કર્માસર પ્રદેશના સંથાલો તરફ ખૂબ સહાનુભૂતિ રાખતા. એ પ્રદેશમાં એમણે એક ઘર પણ બંધાવ્યું હતું અને એ ગરીબ લોકો માટે શાળા પણ ખોલી હતી.

એક વખત વિદ્યાસાગરની તબિયત ખૂબ બગડી ગઈ. ડાક્તરે અને એમના સ્નેહીજનોએ એમને આરામ કરવા અને તબિયત સુધારવા કર્માસર જઈને રહેવાની સલાહ આપી.

વિદ્યાસાગરે કહ્યું : 'ત્યાં જઈને રહેવા પૂરતા મારી પાસે પૈસા નથી.' એટલું બોલતાંબોલતાં એમની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં.

આસપાસ ઊભેલા સ્નેહીજનોએ પૂછ્યું : 'પણ આપ આમ રડો છો શા માટે? ખાસ કંઈ મુશ્કેલી આપને છે?'

વિદ્યાસાગરે આંસુ લૂછતાંલૂછતાં કહ્યું : 'ત્યાં રહેતા ગરીબ સંથાલોને બિચારાને એક ટંક ખાવાનું પણ મળતું નથી. ઘણાખરા ભૂખે જ મરે છે. તે વખતે હું ત્યાં રહીને બે ટંક લહેરથી ખાઉં એ મને પાલવે એમ નથી. મારી પાસે એટલા પૈસા નથી કે એ બધાંને પણ ખાવા આપી શકું. એ લોકોને ભૂખ્યા રાખીને મને એકલા ખાવાનું ક્યાંથી ગમે?'

મહાત્મા ગાંધીજીનું જીવન ને કાર્ય સહાનુભૂતિનો વિસ્તાર છે. એમણે બિહારમાં અર્ધનગ્ન લોકો જોયા અને પોતે એક જ વસ્ત્ર પહેરવાની પ્રતિજ્ઞા લીધી. કલકત્તામાં કાલી માતાને બકરાનો ભોગ અપાતો જોયો અને પોતાના દેહના બલિદાનના ભોગે પણ એ પ્રથા બંધ કરાવવાનો સંકલ્પ કર્યો. આ દેશના અસ્પૃશ્યોને દુઃખી જોયાં અને એમની સાથે જ વસવાનું શરૂ કર્યું. આમ, એમના જીવનની ક્ષણેક્ષણનો ઇતિહાસ એ સહાનુભૂતિનો જ વ્યાપક ચિતાર છે.

માનવીમાંથી આ સહાનુભૂતિનું ઝરણું સુકાઈ જાય છે એનું કારણ સ્વાર્થનો તડકો છે. મતલબની ગરમીથી સહાનુભૂતિ વરાળ થઈ ઊડી જાય છે. અનુકંપા તો માનવ માત્રમાં હોય છે. અન્યનું દુઃખ જોઈ દુઃખી થવા જેટલી સંવેદના તો મનુષ્ય માત્રમાં હોય છે, પણ એનો સ્વાર્થ, દેહ પ્રત્યેની આસક્તિ એને જડ થવાની જીકર કરે છે. માનવી પશુમાંથી સીધો યંત્ર બનવા લાગ્યો છે. એ વચ્ચેનું પદ માંડવાનું જ ભૂલી ગયો છે. વળી, આજના યંત્ર યુગે એને સતત સંવેદનહીન બનાવવાની જ વેતરણ કર્યે રાખી છે પરિણામે હવે સહાનુભૂતિ માત્ર આશ્વાસન આપવા માટેનો અર્થહીન શબ્દ બની ગયો છે.

આપણે રોજ છાપામાં અકસ્માતો અને હુલ્લડોના સમાચાર વાંચીએ છીએ. બિહારના જળપ્રલયમાં હજારો માનવીઓ તણાઈ ગયા એ સમાચાર આપણે ચા પીતાંપીતાં આરામથી વાંચી શકીએ છીએ ને શહેરમાં થયેલા ગોળીબારમાં દસ-બાર યુવાનો માર્યા ગયા એ સમાચાર રેડિયો પર સાંભળતાં સાંભળતાં આપણે નિરાંતે ભોજન કરી શકીએ છીએ.

બે વિશ્વયુદ્ધોએ અને હિરોશીમા–નાગાસાકી પર થયેલા અણુ-પ્રયોગે સાબિત કરી દીધું છે કે માનવીની સંવેદના સાવ બુઠ્ઠી થઈ ગઈ છે. ધર્મની સરાણ પર ચડાવીને એને હવે ધારદાર બનાવી શકાય એમ નથી, કારણ કે એ સરાણ પણ હવે ગતિહીન બની ગઈ છે. નિષ્પ્રાણ થઈ ગઈ છે.


સંવેદના ધારદાર બને તો જ સહાનુભૂતિનો સ્રોત ફરી વહેતો થઈ શકે. એ માટે સંતોને ફરી સંભારવા રહ્યા. એમના ઉપદેશને જીવનમાં ઉતારવો રહ્યો. □


જીવન અને સાહિત્ય વચ્ચે ગાઢ અનુબંધ સ્થાપનાર માનવતાવાદી લેખક મુનશી

ધનપતરાય અજાયબલાલ શ્રીવાસ્તવ

પ્રેમચંદ

લેખક: જયેન્દ્ર ત્રિવેદી





મુનશી ધનપતરાય અજાયબલાલ શ્રીવાસ્તવ શાળાનિરીક્ષણનું કાર્ય પતાવીને રાત્રે નિરાંત જીવે રાવટીમાં બેઠા હતા ત્યાં કલેક્ટરનું તાકીદનું તેડું આવ્યું કે જલદી આવીને મળો. કડકડતી ઠંડી, ગાડું જોડીને ત્રીસ-ચાલીસ માઈલ દૂર સાહેબના મુકામે પહોંચ્યા. મનમાં ભારે ફફડાટ. મામૂલી નિશાળોના નાયબ ડેપ્યુટી ઈન્સ્પેક્ટરનું કલેક્ટર સાહેબને શું કામ પડ્યું હશે? મોટાસાહેબને મળ્યા ત્યારે ટેબલ પર તેમની સામે 'સોજે વતન' નામનો ઉર્દૂ વાર્તાસંગ્રહ પડેલો જોયો. મનમાં સમજી ગયા કે આજ આવી બન્યું છે. કારણ પોતે જ 'નવાબરાય' ઉપનામે એ વાર્તાઓ લખી હતી.

'આ વાર્તાઓ તમારી લખેલી છે?' 'જી, હા.'

'આવી રાજદ્રોહવાળી વાર્તાઓ લખો છો? તમને સજા થવી જોઈએ.'

રાજનો નોકર ઊઠીને રાજની વિરુદ્ધ વાર્તાઓ લખે? અમલદારોની ટોળી ન્યાય કરવા બેઠી. સદ્‌ભાગ્યે આ ટોળીમાં ધનપતરાયના એક સંબંધી હતા. તેમણે કુનેહપૂર્વક વાતને વાળીઝૂડી નખાવી. મામલાની માંડવાળ એ રીતે થઈ કે, 'સોજે વતન'ની વધેલી નકલો બાળી નાખવા માટે સાહેબ બહાદુરને સોંપી દેવી અને હવે પછી સાહેબને પૂછ્યા વગર કશું લખવું નહિ! પત્યું. 'નવાબરાય'ની લેખક તરીકેની કારકિર્દી સમાપ્ત થઈ. વાર્તાકલાની દૃષ્ટિએ સાવ સાધારણ એવી આ વાર્તાઓમાં ઉછાળભર્યો રાષ્ટ્રપ્રેમ ભર્યો હતો એ સિવાય એનું કશું મૂલ્ય નથી. એમાંની એક વાર્તાનું આ એક વાક્ય: 'વતનના રક્ષણ માટે રક્તનું જે આખરી ટીપું ટપકે એ સંસારનું સૌથી અણમોલ રતન છે.' લેખકની તત્કાલીન મનોદશા સમજવા માટે પૂરતું છે.

અગ્નિમાં સ્વાહા થવામાંથી જે નકલો બચી ગઈ તેની ઘરાકી વધી. ધનપતરાયને લખવાની કુટેવ પડી ગઈ હતી. સૂરજ ઊગ્યા વગર રહે તો એ લખ્યા વગર રહે, અને કલેક્ટર સાહેબને રોજરોજ લખાણ બતાવવાનું કેમ પોસાય? ધનપતરાયે વાર્તાઓ લખીને પોતાના મિત્ર અને 'ઝમાના' નામની ઉર્દૂ પત્રિકાના તંત્રી મુનશી દયાનારાયણને મોકલી આપી અને લખ્યું કે ઠીક પડે એ ઉપનામ નીચે છાપજો. દયાનારાયણે આ વાર્તાઓ 'પ્રેમચંદ'ના નામે છાપી. ૧૯૧૦ના ઑક્ટોબરમાં કે નવેમ્બરમાં 'પ્રેમચંદ' નામે ધનપતરાયની પહેલી વાર્તા 'બડે ઘરકી બેટી' પ્રકાશિત થઈ. અને ત્યાર પછીનું એમનું બધું લખાણ એ 'પ્રેમચંદ' ઉપનામથી જ પ્રકટ થતું રહ્યું.

બનારસથી આજમગઢ તરફ ચારેક માઈલ દૂર લમહી નામે એક સાવ નાનું ગામ છે. આજ પણ ત્યાં છેક સુધી પાકો રસ્તો થયો નથી. લમહીમાં કાયસ્થ અજાયબલાલને ઘેર ૩૧ જુલાઈ ૧૮૮૦ની શનિવારના રોજ ધનપતરાયનો જન્મ થયો. કાકાએ લાડથી 'નવાબ' નામ રાખ્યું. જિંદગીમાં તો ક્યારે ય આ સજ્જન ધનપતિ થઈ શક્યા નહિ, પણ હિંદી ઉર્દૂ કથા-સાહિત્યના નવાબ જરૂર થયા, અને ઉત્તર ભારતની જનતાનો પુષ્કળ પ્રેમ પામીને પ્રેમચંદ ઉપનામ પણ સાર્થક કર્યું.

ત્રણ પુત્રીઓ પછી જન્મેલા પુત્રને મા આનંદીબાઈએ ગરીબીમાં પણ ખૂબ લાડ લડાવ્યા. પિતા ટપાલખાતાના દસ-પંદર રૂપિયાના પગારદાર કારકુન. હાથ પહોળો અને સ્વભાવ ભલો તથા પરગજુ. દૂરદૂરના કુટુમ્બીઓને પણ એ નિભાવતા. પુત્ર ધનપતરાયમાં પણ આ ગુણ સોળે કળાએ ખીલેલો. ધનપતરાય પૂરા આઠ વર્ષના પણ નહોતા થયા ત્યારે માનું મૃત્યુ થયેલું. પિતાએ મોટી ઉમ્મરે બીજું લગ્ન કરવાની ભૂલ કરી. અને પ્રેમચંદને સાવકી માનો પૂરેપૂરો અનુભવ થયો. કુટુંબમાં અતભાવનાં સંગાંવહાલાંનો જે પ્રત્યક્ષ પરિચય કિશોર ધનપતને થયો અને વડીલો પાસેથી જે સાંભળ્યો તે પાછળથી પોતાની નવલકથાઓ કે વાર્તાઓનાં પાત્રોને આલેખવામાં ખૂબ ખપ લાગ્યો. બાળપણ ખૂબ લહેરમાં વીતેલું. ભણવાનું થોડું અને રખડવાનું ઝાઝું, બધી મામઠી રમતોનો પ્રેમચંદને શોખ, ગોઈ-દાંડિયાના તો પાકા ઉસ્તાદ. પતંગ ખરીદવાના પૈસા ન મળે પણ કોઈની કપાયેલી પતંગ ઉપાડીને ભાગે ત્યારે નિરાંત વળે. કાચી કેરી, આંબલીના કાતરા, કોઈના ખેતરમાંથી ચોરેલી શેરડી ખાવાની મોજ તેમણે પેટ ભરીને માણી. આ બધા અનુભવો પણ તેમની રચનાઓમાં સરસ રીતે ઊતરી આવ્યા છે.

પિતાએ એક બીજી ભૂલ પણ કરી. નવમા ધોરણમાં ભણતા પંદર વરસના પ્રેમચંદનાં લગ્ન કરી નાખ્યાં. કિશોર પ્રેમચંદને પોતાને પણ લગ્નનો એવો ઉત્સાહ હતો કે મંડપ બાંધવા માટેના વાંસ પોતે જ જંગલમાંથી કાપી લાવેલા. પણ પત્ની શારીરિક અને માનસિક દૃષ્ટિએ એવી તો કૂવડ મળી કે લગ્નજીવન શરૂ જ ન થઈ શક્યું. પ્રેમચંદ હતા રૂડારૂપાળા અને પત્ની મળી કાળીમેશ, કદરૂપી, સ્થૂળ, આખા શરીરે શીતળાના ડાઘવાળી, એક પગ પણ સહેજ ટૂંકો, ને જીભ પણ ક્યારેક અચકાય, ભૂતપ્રેતની કૃપા થાય ત્યારે ધૂણે પણ ખરી. ઉમરમાં પણ

પ્રેમચંદથી મોટી, અફીણની ટેવવાળી, ટંટો-ફિસાદ કરવાની પૂરી આવડતવાળી. પિતાએ પુત્રવધૂને જોઈને માથું કૂટ્યું.

લગ્ન પૂર્વે કોઈએ આ કન્યારત્નને જોએલું જ નહિ, સાવકી માના પિતા મારફત બધું ગોઠવાએલું. વહુ ઘરમાં રહી પણ પ્રેમચંદે તેની સાથે ગૃહસ્થાશ્રમ ન માંડયો. સાવકી માએ પણ ધારેલું નહિ કે પોતે પસંદ કરેલી પુત્રવધૂ પોતાની સામે જ શિંગડાં માંડશે. સાસુ-વહુના ઝઘડાઓએ પ્રેમચંદને એ વયમાં જે વ્યથા આપી છે તે પણ પાછળથી એમની વાર્તાઓમાં હુબહૂ ઊતરી આવી છે. દસ વરસ પછી લેખક અને સુધારક પ્રેમચંદે, પોતાના ક્રાંતિકારી વિચારોને અનુરૂપ, એક બાળ-વિધવા સાથે પુનર્લગ્ન કર્યું ત્યાં સુધી પહેલી પત્ની સાસરે રહે કે પિયર, પ્રેમચંદે એની જોડે કોઈ પ્રકારનો સંબંધ રાખ્યો ન હતો. પોતે નોકરી માટે જુદાજુદા સ્થળોએ એકલા રહેતા, પણ કદી આ જૂની પત્નીને સાથે લઈ ગયા નહિ. એક વાર હઠ કરીને તે પિયર ગઈ તે ગઈ. પછી આખી જિંદગી એણે ત્યાં જ ગાળી. પ્રેમચંદ ખરચી મોકલી દેતા.

ગામડામાં ભણવાનું કેવું. પિતાની વારંવાર બદલી થતી. પ્રેમચંદ લમહીમાં રહે અને બનારસ ભણે. વહેલી સવારે ઊઠી જઈ, મોટે ભાગે ઉઘાડે પગે કે કયારેક બાર આનાની મોટી કિંમત આપી પિતાએ ખરીદી આપેલા, ચરૂરૂંચું કરતા ચામડાના જોડા પહેરી, પાણકોરા જેવા જાડા કાપડનાં ચડ્ડી-બાંડિયું પહેરીને બનારસ ઊપડે. સદ્‌ભાગ્યે હેડમાસ્તરે ફી માફ કરેલી. પિતા તરફથી મહિને પાંચ રૂપિયા મળતા. એ વયમાં પણ ટ્યૂશન આપી પોતે એક દોઢ રૂપિયાનો ઉમેરો કરી લેતા, અને રાત્રે ફરી બાર માઈલ ચાલીને લમહી આવી જતા. પુત્રના નિષ્ફળ લગ્ન-જીવનથી બહુ જ આઘાત પામેલા પિતા લાંબુ જીવી શકયા નહિ. પિતાની માંદગી અને મૃત્યુએ પ્રેમચંદનું એક શૈક્ષણિક વર્ષ ઝૂંટવી લીધું. ટૂંકી આવકમાં પિતાએ જે કંઈ બચાવેલું તે એમની જ અંતિમ ક્રિયામાં વપરાઈ ગયું. કિશોર પ્રેમચંદ પર કુટુંબ ચલાવવાનો ભાર આવી પડયો. આવી પરિસ્થિતિમાં મૅટ્રિકમાં પહેલો વર્ગ ન આવવાથી કૉલેજમાં માફી મેળવીને ભણવાનું સ્વપ્ન ભાંગી પડયું. મહેચ્છા તો એમ.એ., એલએલ. બી. થવાની હતી, પણ ઘરના બે છેડા ભેગા કરવામાં જ સમય ખર્ચાઈ જવા લાગ્યો. છતાં હિંમત ગુમાવી નહિ. કુટુંબને લમહીમાં રાખ્યું જેથી ભાડું ભરવું ન પડે. પોતે બનારસમાં રહી ટ્યૂશન કરવા લાગ્યા. પાંચ રૂપિયાની માસિક કમાણીમાંથી ઘેર ત્રણ રૂપિયા મોકલી પોતે બે રૂપિયા-માં રોડવતા. કૉલેજમાં પ્રવેશ મેળવવાની જબરી હોંશ એટલે આને-તેને મળ્યા કરે. આખરે એક ભલામણ-ચિઠ્ઠી મળી. સંજોગવશાત્ એ વર્ષે જ હિન્દુ કૉલેજ નવી ખૂલેલી. પ્રવેશ-પરીક્ષા લીધી. અંગ્રેજીનો પેપર તો બહુ સારો લખ્યો, પણ ગણિતમાં નોંધ લખાઈ 'અસંતોષ-જનક', પરિણામે કૉલેજ અભ્યાસના દરવાજા બંધ. ઘેર અભ્યાસ કરીને કૉલેજની પરીક્ષાઓ આપવાનું નક્કી કર્યું, પણ તે દિવસોમાં કૉલેજમાં ગણિત ફરજિયાત વિષય હતો. અને ગણિતની સાથે પ્રેમચંદને જીવન-ભર અણબનાવ રહ્યો. જીવનમાં આર્થિક દૃષ્ટિએ એમણે જેટલા સરવાળા કર્યા તે અંતે તો બાદબાકીમાં જ પરિણમ્યા, જેટલા ગુણાકાર કરવા ગયા તે બધા ભાગાકારમાં પલટાયા! વર્ષો પછી ગણિત મરજિયાત વિષય બન્યો ત્યારે છેક ૧૯૧૯માં, ૩૯ વર્ષની વયે, લેખક તરીકે નામના થઈ ચૂકી હતી ત્યારે ગ્રૅજ્યુએટ થઈ શકયા!

કૉલેજમાં પ્રવેશ ન મળ્યો એ એક રીતે સારું થયું. વાચનનો બહુ શૉખ હતો જ. ટ્યૂશન સિવાયનો સમય પ્રેમચંદે લાયબ્રેરીઓમાં ગાળવા માંડયો. ફારસી ઉર્દૂનું વાર્તા સાહિત્ય તો હાઈસ્કૂલનાં વર્ષોમાં પૂરેપૂરું વાંચી નાખેલું. નાનપણમાં એક તમાકુવાળાના છોકરા સાથે તમાકુ ભરેલી કોટડીમાં બેસી અદ્‌ભુત-રસની વાર્તાઓ અને તમાકુનું વ્યસન મેળવ્યું. બંગાળીમાંથી ઉર્દૂમાં અનુવાદ થઈને આવેલું બધું સાહિત્ય વાંચી નાખેલું, એટલે હવે અંગ્રેજીમાં પ્રગટ થએલા નવલ-કથા સાહિત્યનું પારાયણ શરૂ થયું. પુરાણો પણ વાંચી નાખ્યાં. રતનનાથ સરશારના 'ફસાન એ આઝાદ' ગ્રન્થનો પ્રેમચંદ પર ભારે પ્રભાવ પડેલો. મજા એ છે કે અદ્‌ભુત રસની વાર્તાઓના શૉખીન પ્રેમચંદે સામાજિક સંઘર્ષથી ભરેલા સુધારાવાદી અને વાસ્તવિક સાહિત્યનું જ સર્જન કર્યું.

આર્થિક ભીંસ ભયંકર હતી. મિત્રોએ પણ ઉધાર આપવાનું બંધ કર્યું. વારંવાર ઉપવાસ કરવો પડે એવા દિવસો આવવા લાગ્યા. ખાવાના શૉખીન પ્રેમચંદને ખીચડીનાં પણ સાંસાં પડવા માંડયાં. ગણિતરૂપી એવરેસ્ટ શિખર ચડવા માટે ચક્રવર્તીની ગણિતની ગાઈડ જીવની જેમ સાચવી રાખેલી તે વેચવા નીકળ્યા, નસીબ જોગે પુસ્તકવિક્રેતાની દુકાને બનારસથી ચાલીસેક માઈલ દૂર ચુનાર ગામે નિશાળ ચલાવતા એક પ્રૌઢ સજ્જન બેઠેલા. તેમને એક સારા સહાયક શિક્ષકની જરૂર હતી. પ્રેમચંદ એમના મનમાં વસી ગયા. માસિક અઢાર રૂપિયાની નોકરી સાંભળીને પ્રેમચંદ સ્તબ્ધ થઈ ગયા! પોતે લખે છે, 'અઢાર રૂપિયાનો માસિક પગાર મારા જેવી નિરાશ વ્યથિત વ્યક્તિને માટે ઊંચામાં ઊંચી કલ્પનાથી પણ ઊંચો હતો.'

ચુનારમાં જે કમાતા તેમાંથી મોટાભાગનું ઘેર આપી દેતા. એક વાર ઘેરથી નોકરીના સ્થળે જવાના પૈસા પણ ખિસ્સામાં નહિ. નવી મા પાસે માગ્યા તો 'નથી' એવો જવાબ મળ્યો. ઠંડીથી બચવા મહા-મુસીબતે પૈસા બચાવીને સિવડાવેલા ગરમ કોટ બે રૂપિયામાં વેચી દઈને ભાડાના પૈસા ઊભા કર્યા! પણ ચુનારમાંયે તેઓ ટકી શકયા નહિ. ફૂટબૉલ મૅચમાં હારેલા ગોરાઓએ કાળા વિદ્યાર્થીઓને અપમાનિત કરતાં મેદાન પરની ઝંડી ઉખાડી એમણે ગોરાઓને ટીપવા માંડેલા, એ ગુનો તો જાણે માફ થયો, પણ શાળાના સંચાલકોએ એક મૌલવી શિક્ષક સાથે અન્યાયપૂર્ણ વર્તન કર્યું ત્યારે પ્રેમચંદે એ મૌલવીનો ઉઘાડે છોગ પક્ષ લીધો. પરિણામે બન્નેની નોકરી ગઈ.

પાછા બનારસમાં. સરકારી પ્રાથમિક શાળામાં નોકરી મળી. ગામે-ગામનાં પાણી પીધાં. આ ધંધામાં રહેવા માટે જરૂરી પ્રમાણપત્ર મેળવવા પ્રાઈમરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં દાખલ થવા અલાહાબાદ ગયા. બે વર્ષમાં 'સિનિયર' થઈ ગયા. આમ તો પ્રથમ વર્ગ મળ્યો, પણ પ્રમાણપત્રમાં ખાસ નોંધ મૂકવામાં આવી કે 'ગણિત શીખવવાની છૂટ નથી.' ટ્રેનિંગ કૉલેજના આચાર્યને પચીસ વરસનો આ ફૂટડો જુવાન એવો તો ગમી ગયો કે કૉલેજ સાથે સંકળાયેલી મૉડેલ સ્કૂલનો આચાર્ય બનાવી દીધો! એમાંથી ગામડાંઓની પ્રાથમિક શાળાઓના ડેપ્યુટી સબ ઈન્સ્પેક્ટરના પદ સુધી પહોંચ્યા. સતત મુસાફરીએ મરડાના રોગની ભેટ આપી જેણે જીવનભર દોસ્તી જાળવી. મરડાના ઈલાજ માટે લાંબી રજાઓ લેવી પડતી તે સાહિત્યલેખનમાં પણ ઉપયોગી થતી. નોકરી દરમિયાન પણ રોજ સવારે તો લખવામાં જ ગાળતા, મરડાથી કંટાળીને ગોરખપુર બદલી કરાવીને મુસાફરીવાળી નોકરી જતી કરી.


આ દરમિયાન પહેલી પત્ની સાથેના એમના સંબંધના સૌ જાણકાર બીજા લગ્ન માટે ખૂબ આગ્રહ કરતા રહેતા. પણ મુનશી પ્રેમચંદે નક્કી કરેલું કે, હવે લગ્ન કરું તો કોઈ વિધવા જોડે જ. મારા સાહિત્યમાં સમાજસુધારાનો આગ્રહ કરું અને મારા જીવનમાં એવી પરિસ્થિતિ આવે ત્યારે કાયર થઈ જઉં એ ન ચાલે. નવી મા તો માને જ નહિ. જ્ઞાતિજનો પણ હા પાડે નહિ. એમાં છાપામાં જાહેરખબર વાંચી કે મુનશી દેવીપ્રસાદ નામના કોઈ એક સજ્જને પોતાની બાલ-વિધવા કન્યાના પુનર્લગ્ન કરવા ઇચ્છે છે. પ્રેમચંદે ફોટો મંગાવ્યો. દેવીપ્રસાદે પ્રેમચંદને રૂબરૂ બોલાવ્યા; બન્ને પક્ષને સંબંધ પસંદ પડયો. અને ૧૯૦૬ના ફાગણની શિવરાત્રીએ મિત્રોની હાજરીમાં સાદાઈથી લગ્ન થઈ ગયાં. શિવરાનીદેવીનાં નાની ઉમરમાં લગ્ન થએલાં. સાસરે પણ



પ્રેમચંદ ઈ. ૧૯૦૭માં



પ્રેમચંદ ઈ. ૧૯૨૫માં



શિવરાનીદેવી ઈ. ૧૯૬૨માં

નહોતાં ગયાં ત્યાં ત્રણ મહિનામાં પતિનું અવસાન થએલું. પોતે ખાસ ભણેલ પણ નહિ, પરંતુ પ્રેમચંદના ઘરે આવી એવો વિકાસ કર્યો કે પોતે પણ વાર્તાલેખિકા થઇ ગયાં. પ્રેમચંદે પોતે લખ્યું છે કે શિવરાનીનાં સ્ત્રીપાત્રો જેટલાં પોતાનાં સ્ત્રીપાત્રો ક્રાન્તિકારી નથી. શિવરાનીને પણ સાસુ જોડે બનતું નહિ. રોજ ઘરમાં ઝઘડા થતા. પ્રેમચંદને જ ઘરમાં સારું ખાવાનું ન મળે, સારાં કપડાં ન મળે, પૂરતો આરામ ન મળે એ શિવરાનીથી સહન થતું નહિ. સાવકી સાસુનાં સગાંવહાલાં લહેર કરે ને પ્રેમચંદ પાઈ પાઈ માટે પરિશ્રમ કરે એ પરિસ્થિતિ ચલાવી લેવા શિવરાની તૈયાર કેમ થાય? પ્રેમચંદ લાચાર હતા. માને કહેવું ગમે નહિ એટલે પત્નીને સહન કરવાનું કહે, પણ સ્પષ્ટવક્તા પત્ની અન્યાય સહન કરી શકે નહિ. છતાં એકંદરે પ્રેમચંદનું દાંપત્યજીવન ખૂબ સુખી રહ્યું છે. પૈસાની ખેંચ જીવનભર રહી પણ કુટુંબજીવન સરળતાપૂર્વક ચાલ્યા કર્યું, શિવરાનીદેવી વ્યવહારકુશળ હતાં. પ્રેમચંદ જે કાંઈ કમાય તે પત્નીને સોંપી દે પણ પોતે વારંવાર દેવું કર્યા કરે. જેને તેને ઉધાર પૈસા આપ્યા કરે જે કદી પાછા ન મળે. પતિ-પત્નીમાં આ બધાંને કારણે મીઠા ઝઘડાઓ થયા જ કરે જે પ્રકારાન્તરે પ્રેમચંદ સાહિત્યમાં યત્ર-તત્ર વેરાએલા જોવા મળે છે.

ઈ. ૧૯૨૧માં ગોરખપુરમાં ગાંધીજીનું ભાષણ થયું. પ્રેમચંદને તો ભાવતું હતું ને વૈદે કહ્યું. સરકારી નોકરીમાંથી રાજીનામું આપી કાશી વિદ્યાપીઠની માધ્યમિક શાળામાં આચાર્યપદ સ્વીકાર્યું. પછી સ્વતંત્ર લેખનકાર્ય કરવાનું જ નક્કી કર્યું. અત્યાર સુધીમાં વાર્તા-નવલકથાના લેખક તરીકે પુષ્કળ કીર્તિ મળી હતી એટલે નિર્વાહ પૂરતું મળી રહેશે એવી શ્રદ્ધા હતી. પહેલાં ઉર્દૂમાં લખતા ત્યારે વળતર ખાસ ન મળતું. હિન્દીમાં લખવા માંડયા પછી ફેલાવો વધતો ગયો. મરાઠી ગુજરાતીમાં એમની વાર્તાઓના અનુવાદો પણ છપાવા લાગ્યા. ઝડપથી તેઓ અખિલ ભારતીય લેખક થવા માંડયાં. સાહિત્ય-શોખીન અલવર-નરેશે પોતાના પ્રાઇવેટ સેક્રેટરી તરીકે આવવા આમંત્રણ આપ્યું. માસિક ચારસોનો પગાર, મફત બંગલો-મોટર. પણ પ્રેમચંદે નિમંત્રણ સાભાર પાછું વાળ્યું. 'રાય સાહેબ'નો ખિતાબ આપવાની ચર્ચા થઈ, તો સામે ચાલીને ના પાડી. ખાદી-પ્રચારને વેગ આપ્યો. ગામડાંમાં ઘેરઘેર રેંટિયો પહોંચાડવાનું આંદોલન કર્યું.

આ સુખનો સમય હતો. લખાતું હતું, વંચાતું હતું, બે પૈસા આવવા માંડયા હતા અને માત્ર સાહિત્યસર્જન કરતા રહ્યા હોત તો સુખેથી જિંદગી જીવી શકત અને કદાચ બે પાંદડે પણ થયા હોત. પરંતુ લાંબા વખતથી મનમાં એક ધૂન હતી કે પોતાનું પ્રેસ કરવું અને સાહિત્યિક પત્રિકા કાઢવી. ઉપરાંત એક સાપ્તાહિક વિચારપત્ર કાઢી રાષ્ટ્રીય આન્દોલનને મદદગાર થવું. મનમાં એવી શ્રદ્ધા ખરી કે પ્રેસને બીજું છાપકામ મળી રહેશે અને પોતે સહેજે બસો-અઢીસો મહિને મેળવી લેશે. વાર્તા-સંગ્રહો અને નવલકથાઓની ખપત સારી હતી, પણ બચાવેલી બધી મૂડી લમહીમાં પાકું મકાન બાંધવામાં ખરચાઇ ગઈ. થોડું દેવું પણ થયું. છતાં આટલું અધૂરું હોય તેમ તેમણે મિત્રો અને સગાંસંબંધીઓ પાસેથી ઉછીનાં નાણાં લઈને બનારસમાં સરસ્વતી પ્રેસ કર્યું. નાનાભાઈ મહેતાબરાયની ચાલુ નોકરી છોડાવીને પ્રેસનું મૅનેજરપદ સોંપ્યું. આશા હતી કે પ્રેસ રળીને આપશે, પણ પોતેય ડૂબ્યા અને પૌતીકાંઓને પણ ડુબાડયાં. જિંદગીભર પછી રળીરળીને પ્રેસમાં હોમ્યા કર્યું. જીવનના અંત સુધી આ પ્રેસ એમના ગળેથી છૂટયું નહિ. એની હાયવૉયમાં જીવનમાં માંડ આવેલું સુખ ખોયું. બસો-અઢીસો મળવા તો દૂર, બહારથી કમાઈને બસો-અઢીસો લાવીને પ્રેસમાં નાખે ત્યારે કર્મચારીઓનો પગાર ચૂકવાય એવી સ્થિતિ દર મહિને ઊભી થતી રહી.

પછી વિચાર આવ્યો કે સાપ્તાહિક પત્ર તો આવક જ કરે એટલે શ્રી વિનોદશંકર વ્યાસ પાસેથી એમનું ખોટમાં ચાલતું 'જાગરણ' પત્ર પોતે ચલાવવા લીધું અને ખોટનો આંકડો સારી પેઠે વધારી મૂકયો. અગાઉ પોતે 'માધુરી' અને 'મર્યાદા'માં પગારદાર તંત્રી તરીકે નોકરી કરી ચૂકેલા, એટલે આવા પત્રો ખોટ જ કરે તે સમજતા હતા તેમ છતાં પોતાના વિચારો રાષ્ટ્ર સમક્ષ મૂકવા માટે પોતાનું જ છાપું જોઈએ એવા માનસિક વળગણમાંથી તેઓ મુક્ત થઈ શકયા નહિ. પોતાના પ્રિય માસિક 'હંસ' પાછળ પણ એમણે હૃદયનું રક્ત રેડયું હતું.

આ તો એનું ઉધાર પાસું થયું. પણ આ પ્રવૃત્તિનું જમા પાસું જેવું તેવું નથી. પ્રેમચંદના પત્રોએ હમેશાં રાષ્ટ્રીય આંદોલનની જબરદસ્ત તરફદારી કરી અને અંગ્રેજ સરકારની ખફાનજર વહોરી. તે વખતના પ્રેસ-ઍક્ટ મુજબ અંગ્રેજ સરકારે વારંવાર તેમની પાસે જામીનગીરીઓ માગીને તેમને આર્થિક અને માનસિક રીતે હેરાન-પરેશાન કર્યા. પણ પ્રેમચંદ કદી હિમ્મત હાર્યા નથી કે વિચાર-સ્વાતંત્ર્યમાં નમતું મૂકયું નહિ. વાજબી લાગે ત્યારે તેમણે રાષ્ટ્રીય નેતાઓની યે પોતાને ગેરવાજબી લાગતી વાતોની નીડર રીતે ટીકા કરી છે.

આ પ્રવૃત્તિનો બીજો લાભ એ થયો કે નવીનવી પ્રતિભાઓને સાહિત્યક્ષેત્રે તેઓ ખેંચી લાવ્યા. આજના કેટલાયે પ્રતિષ્ઠિત સાહિત્યકારોનું સાહિત્યિક બાળપણ 'હંસ'ની ગોદમાં વીત્યું છે, પણ આ પ્રવૃત્તિએ એમને સતત તાણની સ્થિતિમાં રાખ્યા અને એમના આયુષ્યને ટૂંકું કર્યું. હિન્દીના કોઈ સાહિત્યકારે એક પત્રકાર રૂપે આવો તીવ્ર સંઘર્ષ સહન કર્યો નથી. બીજી બાજુ પત્રકારત્વને આટલો સમય આપવાને કારણે પ્રેમચંદ સાહિત્ય-સાધનાનું કલાત્મક ધોરણ સાચવવા માટે જે પ્રકારનો પરિશ્રમ આવશ્યક છે તે કરી શક્યા નહિ.

પ્રેસનું દેવું વધતું જ જતું હતું. આવક એટલી નહોતી કે ઘરખર્ચ અને પ્રેસ બન્નેનો બોજો ઉપાડી શકે. ત્યાં મુંબઈથી અજંતા સિનેટોનનું નિમંત્રણ આવ્યું. આ ફિલ્મ કંપની પ્રેમચંદ સાથે વાર્ષિક આઠ હજાર રૂપિયાનો એવો કૉન્ટ્રેક્ટ કરવા માગતી હતી જે મુજબ પ્રેમચંદે મુંબઈમાં રહીને કંપનીની ફિલ્મો માટે વાર્તા, સંવાદ કે સિનારિયો જે કહે તે લખી આપવાનાં. કંપનીએ પ્રેમચંદના દ્વિધાયુક્ત મનનું સમાધાન કરવા ત્યાં સુધી લખ્યું કે 'વરસમાં ચાર-પાંચથી વધારે વાર્તાઓ નહિ માગીએ. પછીનાં વર્ષોમાં બન્ને પક્ષને અનુકૂળ હોય તો આપ બનારસ કે અલાહાબાદ રહીને પણ જરૂરી સાહિત્ય લખી શકો. દર વર્ષે આટલી રકમ આપવા બંધાઇએ છીએ વગેરે.

પ્રેમચંદ બે કારણે લલચાયા. પ્રેસનું દેવું ઓછું થતું હતું. કાયમી બાંધી આવક શરૂ થતી હતી અને એથી યે વધુ ભારતની અભણ પ્રજા પાસે રાષ્ટ્રીય અને સામાજિક વિચારો પહોંચાડવા માટે પુસ્તક કરતાં પણ જબરું ફિલ્મ જેવું માધ્યમ મળતું હતું. ૧૯૩૪ના જૂનમાં તેઓ મુંબઈ ગયા, પણ થોડા દિવસોમાં જ પામી ગયા કે આ નવી દુનિયા સાથે પોતાના સ્વભાવનો મેળ ખાવો મુશ્કેલ છે. રોજ સ્ટૂડિયો જવાનું તેમને માટે ફરજિયાત નહોતું, પણ પોતે ફરજના આગ્રહી એટલે અચૂક જતા. અણસમજુ અને અસંસ્કારી શ્રીમંત લોકો વચ્ચે એક વરસ માંડ કાઢ્યું. આ દરમિયાન દક્ષિણનો પ્રવાસ થયો. પૈસાની બહુ જરૂર હોવા છતાં બીજા વરસે કૉન્ટ્રેક્ટ ન સ્વીકાર્યો. કારણ તેમાં પોતાનો મુખ્ય ઉદ્દેશ પણ સચવાતો ન હતો. તેમની વાર્તામાં ફેરફાર થઈ જતા અથવા તેમને પોતાના વિચારોથી પ્રતિકૂળ વાર્તામાં સંવાદ લખી આપવા પડતા. તેમ છતાં એમણે એ જમાનામાં ફિલ્મમાં નવી હવા ઊભી કરી ખરી.

મિલમાલિક અને મજૂરના સંબંધની એક વાર્તાના સંવાદ પ્રેમચંદે લખ્યા. વાર્તા બીજાની હતી. કેટલીક વિગતો સાથે પ્રેમચંદ સહમત ન હતા પણ સંવાદો એવા સચોટ અને વેધક કટાક્ષવાળા લખાયા કે 'મજદૂર' નામની આ ફિલ્મ ભારતમાં ઘણાંખરાં રાજ્યોમાં સેન્સરબૉર્ડે પાસ જ ન કરી. કારણ સેન્સરબોર્ડમાં મિલ-માલિકોના મિત્રો બેસતા હતા, મજૂરોના મિત્રો નહિ. પંજાબમાં ફિલ્મ પાસ થઈ અને લાહોરના ઇમ્પિરીઅલ થીએટરમાં એને દેખાડવાનું શરૂ થયું. સેન્સરબોર્ડે કેટલાંક રાજ્યોમાં એને ના મંજૂર કરી છે એ ખબર ફેલાતાં મજૂરોએ એ ફિલ્મ જોવા લાહોરમાં જબરો ધસારો કર્યો. કાયદો અને વ્યવસ્થા જાળવવાની પોલીસને મુશ્કેલી પડવા લાગી. સાતસાત દિવસની ધમાલ પછી પંજાબ સરકારે પણ ફિલ્મ દેખાડવાની મનાઈ કરી. દિલ્હીમાં આ ફિલ્મના એક દૃશ્યના અનુકરણ રૂપે એક મજૂર પોતાની મિલના માલિકની મોટર આડે સૂઈ ગયો અને તોફાનની પરિસ્થિતિ ઊભી થઇ, પરિણામે ત્યાં પણ ફિલ્મનું પ્રદર્શન બંધ થયું.

વિધિની વક્રતા પણ કેવી! મજૂરોના હક માટેની પહેલી ફિલ્મના સંવાદો લખનાર પ્રેમચંદના પ્રેસના મજૂરોએ પ્રેમચંદ વિરુદ્ધ હડતાળ પાડી. જેમને માટે પોતે અરુચિકર કામ કરીને ધન કમાઈ રહ્યા છે એ લોકો પગાર સહેજ મોડા થતાં હડતાળ પર ઊતર્યા એથી પ્રેમચંદને ખૂબ આઘાત લાગ્યો. ક્રોધના પ્રથમ આવેશમાં તો પ્રેસ, પત્ર બધું વેચી મારવાનો નિર્ણય કર્યો પણ પછી શાંત થઈ ગયા.

મહાલક્ષ્મી સિનેટોન કંપનીએ એમની 'સેવાસદન' નવલકથા પરથી ફિલ્મ ઉતારેલી, પણ એ સાવ રેઢિયાળ હતી. એ જ નવલકથા પરથી તમિળમાં ઊતરેલી ફિલ્મે ખૂબ ખ્યાતિ મેળવી. દક્ષિણની પ્રખ્યાત ગાયિકા શુભલક્ષ્મીની એ પહેલી ફિલ્મ હતી. પછી તો પ્રેમચંદની કૃતિઓ પરથી 'ગબન', 'ગોદાન', 'હીરામોતી', 'શતરંજ કે ખિલાડી' વગેરે ફિલ્મો બની પણ એ બધી પ્રેમચંદના મૃત્યુ પછી દાયકાઓ બાદ.

'હંસ' ભારતીય સાહિત્ય પરિષદને સોંપાયું અને પાછું લેવાયું એ પ્રેમચંદના જીવનનો એક કરુણ પ્રસંગ છે. હિંદુસ્તાની ઍકેડેમી દ્વારા હિન્દી ઉર્દૂના સંઘર્ષને શમાવવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો.

લખનૌમાં કૉંગ્રેસના અધિવેશન જોડે અખિલ ભારતીય પ્રગતિશીલ લેખક સંમેલન થયું. એના પહેલા અધિવેશનના પ્રમુખ તરીકે પ્રેમચંદની વરણી થઈ. પ્રમુખસ્થાનેથી 'સાહિત્ય કા ઉદ્દેશ્ય' નામે એમણે આપેલું વ્યાખ્યાન એમની વિચારસરણી સ્પષ્ટ કરે છે.

ઈ. ૧૯૩૬ની ૧૬ મેના રોજ પ્રેસ માટે કાગળ ખરીદવા એમને ધોમ તડકામાં ખૂબ રખડવું પડ્યું, ને ત્યારથી તબિયત લથડી. ૧૯ જૂને 'આજ' કાર્યાલયમાં ગોર્કીની શોકસભામાં અસ્વસ્થ શરીરે એમણે હાજરી આપી. ત્યાંને માટે રાત જાગીને તૈયાર કરેલું વ્યાખ્યાન પોતે તો વાંચી પણ ન શક્યા. પછી તો માંદગી વધતી ચાલી. નિંદર હરામ થઈ ગઈ. રાતની રાત પડખાં ફેરવે પણ ઊંઘ આવે જ નહિ. લખવાનો યે છંદ છૂટે નહિ. કોઇનું ધ્યાન ન હોય ત્યારે નીચે બેસીને નવી શરૂ કરેલી નવલકથા 'મંગલસૂત્ર'નાં થોડાં પાનાં લખી લે. એમાં જાણ્યે-અજાણ્યે એમના જીવનસંઘર્ષની કથા પણ વણાઈ ગઈ છે. આવી બીમાર હાલતમાં લખનૌની મુસાફરી કરવી પડી. બનારસમાં એક્સ-રેનું મશીન એક જ. તે પણ બગડી ગયેલું. લખનૌમાં ડૉક્ટરોએ રોગનું નામ પાડ્યું જલોદર અને લિવરનું બગડી જવું. જેટલા ડૉક્ટર એટલાં નિદાનો થયાં! ખુલ્લા હવાદાર મકાનમાં રહેવાની ડૉક્ટરોએ સલાહ આપી. નસીબજોગે ઓગણીસમી સદીના મશહૂર લેખક અને હિંદી ગદ્યના પિતા ભારતેન્દુ હરિશ્ચન્દ્રનું વિલાસભવન ખાલી હતું તે મળ્યું. વિધિની મજાકો પણ ભારે વિચિત્ર હોય છે. એકદમ અધીર સ્વભાવના ભારતેન્દુના મકાનમાં પચાસ-સાઠ વર્ષો પહેલાં જ્યાં સતત નાચગાન ને સંગીત-નાટકના જલસા થયા કરતા હતા ત્યાં હિંદી ગદ્યને નવો વળાંક આપનાર પ્રેમચંદ જીવનના અંતિમ દિવસો ગાળવા આવી પહોંચ્યા હતા. હજુ 'બીસવી સદી' નામે નવી પત્રિકા શરૂ કરવાની યોજના મનમાં બહુ ઘોળાતી હતી. છેલ્લો લેખ 'મહાજની સભ્યતા' લખાયો જેમાં મૂડીવાદી સમાજ-વ્યવસ્થા પ્રત્યેનો એમનો રોષ સ્પષ્ટ પ્રકટ થયો છે. જીવનભર ગાંધીજીની વિચારધારા પ્રમાણે લખનાર પ્રેમચંદ છેલ્લાં વર્ષોમાં ભારતીય જનજીવનની નવી તાસીર નિહાળી રહ્યા હતા. તેમનો આદર્શવાદ સરી પડ્યો હતો. આ વર્ષોમાં જ 'ગોદાન' અને 'કફન' લખાયા હતા. રાષ્ટ્રીય નેતાઓ માટીપગા છે અને વખત આવ્યે એશ-આરામમાં ડૂબી જઇને સામાન્ય ભારતીય માનવને છેહ દેશે એવી જાણે એમને અંતરસૂઝ થતી હોય તેમ એમનું સાહિત્ય ઝીણવટથી વાંચતાં લાગે છે.

નવા મકાનમાં પહોંચ્યાં તો પથારી ઉત્તર-દક્ષિણ પાથરી રાખેલી. પ્રેમચંદ સૂઈ ગયા. પત્નીનું વહેમી માનસ ગભરાયું. દિશા બદલી નાખવા સમજાવ્યા પણ આજન્મ વહેમોના વિરોધી પ્રેમચંદ માને ખરા? 'થવાનું હશે તે થશે' તેમણે કહ્યું અને થવાનું હતું તે જ થયું. આઠ ઑક્ટોબર ૧૯૩૬ની સવાર. દાંત સાફ કરીને કોગળા કરવા ગયા પણ મોં ન ખૂલ્યું. અગિયાર વાગ્યે સ્મશાનયાત્રા નીકળી. માંડ વીસ-પચીસ માણસ હશે. રસ્તામાં એક રાહદારીએ બીજાને પૂછ્યું, 'કોણ હતો?' જવાબ મળ્યો, 'કો'ક માસ્તર લાગ્યો!' પણ ત્યાં બોલપુરમાં રવીન્દ્રનાથે

ભારે હૈયે ઉદ્‌ગાર કાઢયા, 'એક રતન મળ્યું હતું તમને. તમે ખોઈ નાખ્યું.'

આજે હવે દુનિયાને ભાન થઈ જાય છે કે સાચે જ એક રતન મળ્યું હતું જે ધૂળમાં જ રગદોળાયા કર્યું. નિરભિમાની અને સરળ સ્વભાવના પ્રેમચંદ એવી સાદાઈથી રહેતા કે કોઈને ખયાલ પણ ન આવે કે આ કોઈ મોટા લેખક હશે. આડંબરના પોતે જબરા વિરોધી હતા અને આમસ્તા ય પાંચ માણસમાં જુદા તરી આવવાની એમને કોઈ ઇચ્છા નહિ.

દક્ષિણના એક હિન્દી પ્રેમી શ્રી ચન્દ્રહાસન પ્રેમચંદને મળવા બનારસ પહોંચ્યા. ઘર શોધીને અંદર ડોકિયું કર્યું તો મોટીમોટી મૂછવાળા એક ભાઈ નીચે ફરસ પર બેસીને તન્મયભાવે કંઈક લખી રહ્યા હતા. ઓરડામાં ફર્નિચર નામે કશું નહિ. એમને થયું કે કાં તો પોતે ખોટા મકાનમાં આવી ગયા છે, કાં તો આ પ્રેમચંદનો લહિયો કે ગુમાસ્તો લાગે છે. તેમણે કહ્યું: 'મારે પ્રેમચંદજીને મળવું છે. પેલા આદમીએ લખવાનું છોડી, કલમ નીચે મૂકી, નજર ઉપર કરીને અટ્ટહાસ્ય કરતાંકરતાં કહ્યું 'તે મળો ને! હું જ પ્રેમચંદ, પણ પહેલાં બેસો તો ખરા. કાંઈ ઊભાઊભા મુલાકાત થોડી થશે!'

બસ્તી ગામના તારાશંકર 'નાશાદ' પ્રેમચંદજીને મળવા લખનૌ આવ્યા. શેરીમાં તેમને કોઈ સાદો સીધો ધોતિયા પર ગંજીફરાક પહેરેલો માણસ મળ્યો. તેને પૂછ્યું કે 'પ્રેમચંદજી ક્યાં રહે છે તે બતાવશો?' પેલો હસીને કહે, 'ચાલો મુલાકાત કરાવી આપું.' આગળ આગળ એ આદમી અને પાછળ પાછળ તારાશંકર. એક ઘરમાં જઈ તારાશંકરને ઓરડામાં બેસાડી પેલા ભાઈ અંદર ગયા અને પહેરણ પહેરીને બહાર આવ્યા અને બોલ્યા, 'બોલો, ભાઈ, શું કામ છે? હવે તમે પ્રેમચંદ સાથે વાત કરી રહ્યા છો.'

પટનામાં સાહિત્ય સમારંભ છે. પ્રેમચંદજીએ અધ્યક્ષતા કરવાની છે. સાહિત્ય-પ્રેમીઓનું ટોળું સ્વાગત માટે સ્ટેશને ગયું. એક્સપ્રેસ આવી ને ગઈ. પંજાબમેલ આવ્યો ને ગયો. સવારની એક્સપ્રેસ પણ આવી ને ગઈ. પ્રેમચંદ તો ન ઊતર્યા. પ્રબંધકો ગભરાયા. જાહેરાત ખૂબ થઈ ગઈ છે ને મુખ્ય મહેમાન જ ન આવ્યા. હવે થશે શું? બહાર ધર્મશાળાના દરવાજે કુલી એક આધેડ ઉમ્મરના સાધારણ માણસને પૂછી રહ્યો હતો કે, 'બાબુજી ક્યાં લઈ જાઉં?' એ માણસે ઠેકાણું કહ્યું અને આ લોકો ચમક્યા! અરે આમને તો કાલે રાત્રે પંજાબ મેલમાંથી ઊતરતા જોયા હતા. આ જ પ્રેમચંદજી! આવા સીધા સાદા!

પોતાના વિષે લખવાનો જ્યારે બહુ આગ્રહ થયો ત્યારે લખ્યું. 'મારું જીવન એક સપાટ સમથળ મેદાન જેવું છે, જેમાં ક્યાંક ક્યાંક ખાડા છે, પણ ટેકરા કે પહાડ, જંગલ કે ઝાડી કશું નથી.'

તદ્દન સાધારણ માણસ. આ દેશના કરોડો લોકોમાં સરળતાથી ભળી જાય એવો, એમનો સાચો પ્રતિનિધિ.

હા, આ દેશના કરોડો સાધારણ માણસોની જીવનવ્યથાની કથા કહેનારા પ્રતિનિધિ. લેખક આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદીએ યોગ્ય રીતે નોંધ્યું છે તેમ, 'જો કોઈ ઉત્તર ભારતની સમસ્ત જનતાના આચાર-વિચાર, ભાવ-ભાષા, રહેણી-કરણી, આશા-આકાંક્ષા, દુઃખ-સુખ અને સૂઝ-બૂઝને જાણવા ઇચ્છે તો એને પ્રેમચંદજીથી વધુ સારો પરિચાયક હિન્દી-ઉર્દૂની દુનિયામાં શોધ્યો ય નહિ જડે. ઝૂંપડીઓથી માંડીને મોટા મહેલો સુધી, ખૂમચાવાળાથી માંડીને બૅંકો સુધી, ગ્રામ-પંચાયતોથી માંડીને ધારાસભાઓ સુધી આટલા કૌશલપૂર્વક ને આટલી પ્રામાણિકતાથી આપણને કોઈ નહિ લઈ જઈ શકે. પ્રેમચંદજીની આંગળી પકડીને આપણે નિઃસંકોચ, ખેતરોમાં કામ કરતા ખેડૂતોને, અંતઃપુરમાં રિસાયેલી પ્રિયતમાને, બજારમાં બેઠેલી વેશ્યાને, રોટલાના ટુકડા માટે ટળવળતા ભિખારીને, કાવાદાવામાં રચ્યાપચ્યા રહેતા ખટપટિયાઓને, ઈર્ષ્યા પરાયણ પ્રોફેસરોને, દુર્બળ-હૃદય બૅંકરોને, સાહસિક ચમારોને, ઢોંગી પંડિતોને, ફરેબી ગામ પટેલોને, નીચાશય અમીરોને નિરાંતે જોઈ શકીએ છીએ અને ખાતરી રાખી શકીએ છીએ કે આપણે જે કાંઈ જોયું છે તે સાવ સાચું છે.'

આટલા વિશાળ ફલક પર આવી સરળતાથી વિહરનારો કોઈ લેખક હિન્દી જગતે જોયો નથી. આટલા બધા પ્રકારના માનવીઓનાં સુખ-દુઃખને વાચા આપનાર પ્રેમચંદ અશિક્ષિત, નિર્ધન અને ગમાર ગણાતા લોકોની માનવતાનાં વારંવાર દર્શન કરાવે છે, અને સુશિક્ષિત, શ્રીમંત અને બુદ્ધિમાન ગણાતા લોકોની પામરતાનો પૂરો પરિચય કરાવે છે, ત્યારે આપણી આંખનાં પડળ ખૂલી જાય છે. અને આપણે આસપાસની એક અતિ વાસ્તવિક દુનિયાને ઓળખવા લાગીએ છીએ.

આ વર્ષે ઠેરઠેર એમની જન્મશતાબ્દી ઉજવાઈ ત્યારે લગભગ બધી ગોષ્ઠીઓમાં એક વાત પર ખાસ વિચાર થયો કે પ્રેમચંદજીના સાહિત્યમાં એવું શું છે જે સમયની સીમા બહાર પણ જઈ શકે તેમ છે. કોઈ પણ સાહિત્યકારની બધી રચનાઓ યુગના ઉંબર બહાર પહોંચી શકતી નથી. સમયદેવતા ભારે નિષ્ઠુર હોય છે. પ્રેમચંદ-સાહિત્યની ગણીગાંઠી રચનાઓ જ વિશ્વસાહિત્યમાં સ્થાન પામી શકે તેમ છે, પણ સંપૂર્ણ પ્રેમચંદ-સાહિત્ય તત્કાલીન સમાજને સમજવા માટે ભારે મોટું દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. વીસમી સદીના પૂર્વાર્ધનો ઉત્તર ભારતનો સામાજિક, આર્થિક કે રાજકીય ઇતિહાસ આલેખનારને પ્રેમચંદ સાહિત્ય ખૂબ ઉપયોગી થઈ પડશે, પણ આ ગુણપૂંજ જ એમની મોટી મર્યાદા પણ હતી. બહુ વિશાળ ફલક પર વાર્તાને પાથરવા જતાં અમર સાહિત્ય માટે જરૂરી ઊંડાણ ઘણી વાર એમની કૃતિઓમાં મળતું નથી. આથી સાધારણ અને વ્યાપક પ્રયોજનની દૃષ્ટિએ પ્રેમચંદજી ઉત્તમ કથાકાર ગણાય એ ખરું, પણ વિશિષ્ટ અને સૂક્ષ્મ પ્રયોજનવાળી રચનાઓ એમની શક્તિના પ્રમાણમાં એમની પાસેથી પૂરતી મળી શકી નથી. જીવનભરચરી જેવી આર્થિક પરિસ્થિતિ એમને એવી તો જળોની જેમ વળગેલી રહી હતી કે સાહિત્ય-સર્જન પાછળ આવશ્યક એટલી સાધના તેમનાથી થઈ શકી નહોતી, તેમ છતાં એમને આટલી પ્રશંસા મળી એનું કારણ ભારતીય જીવનની તત્કાલીન વાસ્તવિકતાને તેઓ જીવંત ભાષામાં હૂબહૂ ખડી કરી શક્યા તે છે. પ્રેમચંદની પહેલાંના કથાસાહિત્યમાં સાહિત્યિક તત્ત્વ નહિવત્ છે. સામાજિક સમસ્યાનું સાચું વિશ્લેષણ કરતી, સજીવ પાત્રોવાળી નવલકથાઓ સર્વપ્રથમ પ્રેમચંદે આપી. નારીજીવનની વાસ્તવિકતાઓની તેમની પરખ પણ અદ્‌ભુત હતી. ઘૂંઘટમાં કેદ, ડગલે ને પગલે લાંછિત, અસહાય નારીજાતિની સાચી મહત્તાના પ્રેમચંદજી જબરદસ્ત વકીલ હતા. સદીઓથી પદદલિત, અપમાનિત ને ઉપેક્ષિત ખેડૂતસમાજનું સાચું ચિત્ર પ્રેમચંદ-સાહિત્યમાં પહેલી વાર મળે છે. અંધ સંસ્કારોથી આબદ્ધ જનતાના મધ્યમ અને નીચલા વર્ગ સાથેનો તેમનો ઘનિષ્ઠ પરિચય એક એવી દુનિયાનું નિર્માણ કરે છે જેણે ઘણા-ખરા પ્રશ્નો પોતે હાથે કરીને ઊભા કર્યા છે. નૈતિક મૂલ્યોના વિઘટનનું ભવિષ્ય તેઓ એમની પ્રથમ નવલકથાના પ્રથમ પરિચ્છેદથી જ ભાખે છે. ઈમાનદાર દારોગા કૃષ્ણચંદ્ર આવક ખર્ચના બે છેડા ભેગા કરી શકતા નથી અને દીકરીના દહેજ માટે પૈસા નથી, એટલે લાંચરુશ્વત લેવાનું પચીસ વર્ષની નોકરી પછી નક્કી કરે છે ત્યાંથી એમની પહેલી નવલકથા શરૂ થાય છે. 'ગોદાન' સુધી આવતાંઆવતાં તેઓ કથાને આદર્શવાદી અંત આપવા 'સેવાસદન', 'વનિતાવિશ્રામ' કે 'પ્રેમાશ્રમ' ખોલાવે છે, પણ પછી આવા આરોપિત અંતમાંથી એમની શ્રદ્ધા ખૂટી જાય છે. તેમની નવલકથાઓમાં પહેલી વાર રાજકીય ચેતનાને સાહિત્યિક સંવેદના મળી છે. 'રંગભૂમિ' આ દૃષ્ટિએ મહત્ત્વની નવલકથા છે. તેનું મુખ્ય પાત્ર 'સૂરદાસ', 'ગોદાન'ના હોરી-ધનિયાની જેમ હિન્દી પાત્રસૃષ્ટિનું અમર ચરિત્ર છે.

ધારાસભ્યો પ્રજાહિતનું કામ ન કરે તો તેમને પાછા બોલાવવાનું મતદારોના હાથમાં હોવું જોઈએ તેવો અભિપ્રાય તેમણે આ સદીના બીજા દાયકામાં 'પ્રેમાશ્રમ'માં સ્પષ્ટપણે વ્યક્ત કર્યો છે. 'ગબન' નો દેવીદીન સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, 'આજે તમે સ્વરાજ્ય સ્વરાજ્ય કરો છો, પણ સ્વરાજ્ય આવશે ત્યારે તમે પણ અંગ્રેજોની જેમ બંગલાઓમાં રહેશો, પહાડોની હવા ખાશો અને અંગ્રેજી ઠાઠથી જીવશો, આથી તમારું અને તમારા ભાઇબંધોની જિંદગી લહેરથી વીતશે પણ દેશનું કંઈ ભલું થવાનું નથી!' 'તાવાન', 'નશા' વગેરે અનેક વાર્તાઓમાં પ્રેમચંદે સત્યાગ્રહ કે સમાજવાદની વાત કરનારાઓની પોકળતા પર પ્રકાશ પાડયો છે.

'સેવાસદન', 'પ્રેમાશ્રમ', 'રંગભૂમિ', 'કાયાકલ્પ', 'નિર્મળા', 'પ્રતિજ્ઞા', 'ગબન', 'કર્મભૂમિ', 'ગોદાન' અને 'મંગળસૂત્ર' (અધૂરી) વગેરે નવલકથાઓ ઉપરાંત અઢીસોથી વધુ વાર્તાઓ પ્રેમચંદજીએ લખેલી છે. પત્ર-પત્રિકાઓનાં તકાદાઓને કારણે ઉતાવળે-ઉતાવળે લખાએલી કેટલીયે વાર્તાઓ સરસ વાર્તાબીજ હોવા છતાં યોગ્ય માવજતના અભાવે ફિસ્સી રહી જવા પામી છે. 'કફન', 'શતરંજ કે ખિલાડી', 'પૂસ કી રાત', 'પંચ-પરમેશ્વર', 'નશા', 'ઠાકુર કા કુઆં', 'ઈદગાહ' જેવી દોઢેક ડઝન વાર્તાઓ કોઈ પણ ભાષાની શોભા ગણાય તેવી છે. 'સ્વત્વરક્ષા', 'દો બેલોંકી કહાની' કે 'અધિકાર-ચિન્તા' જેવી પશુ પાત્રેવાળી અન્યોક્તિ-પ્રધાન વાર્તાઓએ સ્વાતંત્ર્ય-સંગ્રામને વેગ આપ્યો છે. 'માનસરોવર'ના આઠ ભાગોમાં એમની લગભગ બધી વાર્તાઓ ઉપલબ્ધ છે.

'કર્બલા', 'સંગ્રામ', 'પ્રેમ કી વેદી' વગેરે નાટકો પ્રેમચંદજીની નિષ્ફળ કૃતિઓ છે. ટૉલ્સટૉય, આનાતોલ ફ્રાન્સ, રતનનાથ સરશાર અને ગાલ્સવર્ધીની કેટલીક રચનાઓના અનુવાદ પણ તેમણે આપ્યા છે.

આજે વિવેચકો પૂછે છે કે પ્રેમચંદજીએ દેખાડેલી દુનિયા આજે છે ખરી? પ્રેમચંદ સાહિત્યનું પુનર્મૂલ્યાંકન કરનારાઓ પણ સવાલ કરે છે કે આજની પેઢીને પ્રેમચંદજીની રચનાઓ વાંચવી ગમશે ખરી? વાત તો સાચી કે ઉત્તમ સાહિત્યકારને છાજે તેવું કૃતિ સાથેનું તાદાત્મ્યભર્યું તાટસ્થ્ય પ્રેમચંદજી કેળવી શક્યા નહોતા. રચના પરિપક્વ થાય ત્યાં સુધી એને સંગોપ્યા કરવાની ધીરજ એમની પાસે નહોતી. રચનાના શિલ્પ-તત્ત્વની ઉપેક્ષા કરીને જીવનની વિવિધ, વિભિન્ન અને સમાંતર વાતોને અત્યધિક માત્રામાં. એક સૂત્રમાં ગાંઠવા જતાં એમની ઘણી કૃતિઓ કથળી ગઈ છે. આમ છતાં જીવન અને સાહિત્ય વચ્ચે એમણે પહેલી વાર જે ગાઢ અનુબંધ સ્થાપી આપ્યો તે આજ પણ મહદ્અંશે દુર્લભ છે. આજ પણ હોરી આંગણામાં ગાય રાખી શકતો નથી, આજ પણ ઘીસૂ પેટ ભરીને ભોજન પામતો નથી, આજ પણ હલ્કૂ પાસે કામળો નથી, આજ પણ સમાજવાદની વાત કરનારા તક મળતાં જ મૂડીવાદી દુનિયામાં પ્રવેશી જાય છે, આજ પણ નાતજાતના કુરિવાજ અટક્યા નથી, આજ પણ હરિજનો સવર્ણોની દુનિયામાં દૂધ-સાકર પેઠે હળી-મળી ગયા નથી, આજ પણ ખેડૂતના દીકરા શહેરમાં જઈ મજૂરી કરી ખાય છે, આજ પણ સમાજમાં સ્ત્રીની સ્થિતિ મોટા પ્રમાણમાં સુધરી નથી, આજ પણ દહેજપ્રથા બંધ થઈ નથી, આજ પણ હિન્દુ મુસલમાન વચ્ચે સાચી દોસ્તી દેખાતી નથી. આજ પણ શ્રીમંતો દ્વારા ગરીબોનું શોષણ બંધ થયું નથી. આવી બધી પરિસ્થિતિઓ ચાલુ રહેશે ત્યાં સુધી પ્રેમચંદજી અને એમના જેવા લેખકો યાદ રહેશે, અને જો આ પરિસ્થિતિઓ બદલાશે તો એને બદલવાની પ્રેરણા આપનાર લેખક તરીકે પણ પ્રેમચંદજી યાદ રહેશે. □


નવેમ્બર માસ માટેનું

મુરારકા ચેરિટેબલ ટ્રસ્ટનું રૂ. ૫૦નું ચરિત્ર-પારિતોષિક

'પ્લુટાર્ક'ના લેખક અશોક હર્ષને મળે છે.

શતરંજના કોયડા-૧૨ . . . . સુરેશ મોદી

આ વખતે ફરી Fairy chess કોયડો લઈએ. આ શ્રેણીમાં પહેલી વાર Fairy મહોરાનો ઉપયોગ કરતો કોયડો આપણે જોઇએ છીએ. K5 (E5) પર સફેદ ઘોડો ઊંધો છાપ્યો છે તે Night-rider છે. જે એક જ સીધી લાઈનમાં ઘોડાની એક કે વધુ ચાલ ચાલી શકે



2s5/8/pP2p3/2KbN3/2pP4/2S5/2s5/k2S4.

છે. દા. ત. K5 પરથી તે Q3 અને આગળ QB1, KB3 અને KN1 તેમજ QB6 અને QR7 પર જઈ શકે. વચ્ચે કાળું પ્યાદુ ન હોત તો તે QR3 પર પણ જઈ શકત.

આ કોયડામાં સફેદે રમવાનું છે અને બે ચાલમાં કાળાના ગમે તે બચાવ સામે મ્હાત કરવાનું છે. ઉકેલમાં ચાવીની ચાલ, ધમકી હોય તો તે અને વિકલ્પોનો સમાવેશ થવો જોઈએ. ઉકેલ તા. ૨૦-૧-૧૯૮૧ સુધીમાં નીચેના સરનામે મોકલો.

Suresh M. Mody,
46 Saraswati Society,
Govandi Road, Chembur,
BOMBAY-400 071.

કોયડા નં. ૯ (સપ્ટેમ્બર '૮૦)નો ઉકેલ.

સ્થિતિ: 3q1Q2/16/7b/3R2Bn/3n4/2p1r3/2rk1K1N.

કોયડો: Self mate in two. સફેદે રમવાનું અને બે ચાલમાં કાળાને સફેદ રાજાને મ્હાત કરવા ફરજ પાડવાની.

ઉકેલ: ચાવી—1 Q-N4!

ધમકી—2 Q-Q2ch. જેથી કાળો ફરજિયાત 2..., K×Q રમે અને હાથીની ઉઘડતી શેહ (Dis. ch.) તેમ જ મ્હાત કરે.

વિકલ્પો:

1..., Q-R4; 2 Q-K1ch, Q×Q mate.
1..., Q-N4; 2 B×Rch, B×B mate
1..., Q-B1 કે Q-B3ch; 2 N-B2ch. Q×N mate.

1..., B×B; 2Q-K1ch, R×Q mate
1..., N-B6; 2N-B2ch, R×N mate.

K. S. Howardના આ રસમય Self-mate કોયડામાં direct mate કોયડાની જેમ સુંદર વિકલ્પો જોવા મળે છે.

૧) ધીરુભા ગોહિલ, વડ-પંચાસર-૧૦ ગુણ
૨) એ. એલ. ગાલાવાડિયા, શારદાગ્રામ-૧૦ „
૩) હરેશચંદ્ર (એચ.એસ.)દવે, સિદ્ધપુર-૮ „
૪) જયંતીલાલ પંડયા, સાવરકુંડલા -૦ „
૫) એ. એચ. વિરાણી, રાજકોટ -૦ „

અમેરિકન લેખક ડેમોન રનિયનની એક અનોખી વાર્તા

બ્લડપ્રેશર

ચંદ્રવદન ચી. મહેતા

તમે નહિ માનો પણ રાતના સાડા અગિયારે સાતમી ઍવન્યુ ઉપર છડતાલીસ નંબરના મહોલ્લાના એક ખૂણામાં હું શાંતિથી ઊભો હતો, ત્યાં એકાએક એક જણને મારી સામે ટીકીટીકીને જોતો જોયો. હું જરા મલકું છું, પણ એ તો ગંભીર મોઢું કરી ડોળા ફાડી ટીકયા જ કરે છે. પછી હું કંઈ પૂછું તે પહેલાં તો એણે એક મોટી દાબડી કાઢી. એમાંથી એક પટો કાઢી મારા હાથની આસપાસ વીંટી, કંઈ ફુગ્ગા જેવું કાઢી, મારા હાથ ઉપરના પટા નીચે કંઈક સેરવી, સાયકલના ટાયરમાં હવા ભરે એમ પંપિંગ કરીને બે પાંચ મિનિટે કટાણું મોઢું કરી કહે છે, 'તમારા જેવી નર્વસ વ્યક્તિએ તબિયતની બહુ કાળજી લેવી જોઇએ. શું ખાવું, કેટલું ખાવું, ક્યારે અને કઈ રીતે ખાવું એનો વિચાર કરવો, અને કોઈ પણ પ્રકારના ઉશ્કેરાટથી તો આઘા જ રહેવું; કારણ તમારું બ્લડ-પ્રેશર ઘણું ઊંચું છે–બિલાડીનો વાંસો કદીક ઊંચો થઈ જાય છે એ કરતાં પણ વધારે–અને જો તમે ધ્યાન નહિ રાખો તો ધાર્યા કરતાં વહેલાં, કોઇને કશી ખબર આપ્યા વિના આ દુનિયામાંથી ઊપડી જશો.' આમ, મારી સામે ટીકનારા ડૉ. બ્રેનને કહ્યું. બ્રેનન મારો ઓળખીતો. એ ઓળખાણ ક્યારે થએલી એનો વિચાર કરું છું ત્યાં જ એણે વધારામાં ઉમેર્યું, 'દસ બક્સ, પ્લીઝ!' એટલે કે દશ કોરા કડકડતા ડૉલરનો ચાંદલો.

પેટમાં ફાળ પડે કે છાતીએ ધક્કો લાગે એ બંને ક્રિયાઓ આમ તો સરખી, અને મારા ધ્યાનમાં એવો કોઈ નબીરો, યુનાઈટેડ સ્ટેટ્સનો પ્રેસિડેન્ટ કે દસ ઘોડા દોડાવનાર ઘોડાનો માલિક યા મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોરનો માલિક કે એવો મારા ધ્યાનમાં બેસતો નથી જેની જિંદગીમાં આવી ફાળ કે આવા ધ્રાસકા–ધક્કા ન લાગ્યા હોય. મે બી, ડૉ. બ્રેનનને કદાચ ઓછા લાગ્યા હોય! એટલે કે એણે કેવળ પોતાના ચાલતા ફીરતા ડાકટરી ધંધામાં જ ચિત્ત પરોવી રાખ્યું હોય, અને કોઈ ઊંચા કે નીચા બ્લડપ્રેશરવાળી નારી પરાકણ તરફ સહેજ પણ નજર ન બગાડી હોય, લાગણીના તંતુને હાલવા જ ન દીધા હોય, અને કેવળ ધંધો, ડાકટરી ધંધો, એના સેવાભાવના ભાવને જ આગળ રાખી જમાવ્યો હોય તો બીજી વાત! બાકી એની સાથે કદાચ થોડાક વકીલોને પણ શામિલ કરી દઇએ તો એ ધક્કા–ધ્રાસકામાંથી બચનારાઓની સંખ્યા કદાચ કંઈક આંકડો મૂકવા જેટલી, એટલે કે નહિવત્ જ થાય, બાકી નહિ.

ડૉકટર બ્રેનનને એની ફી આપી. આમ સીધો ધંધો શોધી લેવાની એની સમાજસેવાની ભાવનાને હું બિરદાવી રહ્યો છું, ત્યાં પેલા દસ બક મારે આજે રેસમાં એક સનજૅા ઘોડા ઉપર લગાડવા હતા, તે ન લગાડાયા તેના શોકમાં અંદરના મનના બીજા પડખામાંથી થોડોઘણો રંજ દૂર કરું છું, ત્યાં તો ડોકાય છે જૂનો અને જાણીતો કારીગર રસ્ટીચાર્લી. ટૂંકમાં પણ એની તે કઈ રીતે ઓળખ આપું? રસ્ટી ચાર્લી એટલે રસ્ટી ચાર્લી. દૂરથી હું જોઉં તો, જાણે મેં એને જોયો જ નથી એમ કરી નજર ફેરવી લઇને રસ્તાની દિશા પણ ફેરવી લઉં, યા અવળી દિશામાં પાછો ફરું. લોકો એને ગોરિલ કહે છે. ગોરિલ એટલે ગજવામાં જ લાંબી નળીની બંદૂકડી રાખે. અને એ જો એણે બહાર કાઢી, અને એના મગજમાં કંઈ બંધબેસતું લાગે નહિ–દાખલા તરીકે મિ. હેરિસની હૅટનો રંગ તેને ગમે નહિ, તો એ હૅટ તો ઊડે, સાથે ડોકું પણ નીચે પડે, લાશ જ ઢાળી દે એ મિ. હેરિસની. વળી, કોટના ગુંજામાં બબ્બે ચાકુ યે રાખે. જેલમાં જાય છે, છૂટે પણ છે, જેલમાંથી નાઠો પણ છે. જો એ એમ કહે કે ત્રણ દિવસ પહેલાં હું ફિલાડેલ્ફીઆમાં હતો, તો તમારે છેલ્લા ત્રણ દિવસનાં છાપાં ફરી જોઈ જવાં પડે. ક્યાંક બૅંક લૂંટાઈ હોય, ક્યાંક હુલ્લડ નોંધાયું હોય, ક્યાંક મોટર ચોરાઈ હોય તો તમારે તરત તાળો મેળવી જ લેવાનો. સરવાળે રસ્ટી ચાર્લીનો જ હાથ, એની જ એ કરામત હોય.

આવો આ રસ્ટી. પણ આ વખતે મારાથી એની નજીકથી છટકાયું નહિ. આવતાંની સાથે જ, 'તારા ગજવામાં કેટલી રકમ છે?' એમ પૂછે અને ડગલો જ પકડે, ત્યાં છૂટા શી રીતે?

'ભઈ દસ બક્સ હતા તે હમણાં જ આ ડાકટરસાહેબને પધરાવવા પડ્યા, આમ તેમ ગજવાં ખંખેરું તો માંડ અરધા ડૉલરનો ભૂકો મળે.'

'અરે ભલા આદમી, બે-પાંચ ડૉલર જેવી રકમ માટે હાથ બગાડવો એ કંઈ અમારા જેવા ઈસમને છાજે? આબરૂ જાય. ચાલો, આપણે કંઈક મોટો હાથ મારવા જઇએ.' અને ક્યાં જઈશું? તો કહે, 'મારી સાથે ચાલ, નાથાનની કાપગેમના અડ્ડા ઉપર જઇએ. ત્યાં હજાર–પાંચસોની રકમ રમતાંરમતાં મળી જાય.'

હવે એની સાથે જવા મારો આટલો પણ વિચાર નહિ. એટલે મેં ડૉ. બ્રેનન સાથે ફરી વાત લંબાવી, પણ એને એની ફી મળી ગઈ એટલે એ તો એના નળી, ચામડા–પટાપટોળા બરાબર પૅક કરી ફરી મને શાંત રહેવાની અને ક્યાંય ઉશ્કેરાટમાં ભાગ નહિ લેવાની સલાહ આપીને ઊપડ્યા. હું એને ઈશારતો કરું છું કે મારે આ બલામાંથી છૂટવું છે, માટે કંઈ ચર્ચા આગળ ચલાવો, પણ આ ડાકટરને એક જ ઇન્દ્રિયનું જ્ઞાન, તે એ સાનમાં સમજ્યો જ નહિ, અને ગુડબાય કરતોક ફરી બ્લડપ્રેશર લેવાની તકેદારી આપી ચાલતો થયો.

હવે, આ નાથાનના અડ્ડામાં જવું એ ભારે જોખમનું કામ. કારણ રસ્ટી ચાર્લીના કામકાજ વિશે હું જાણું. વળી, રસ્ટીની આબરૂ વિષે કોઇને બે મત નહિ. આમ, હું દ્વિધામાં પકડાયો, પણ પેલાનો તો ખેંચ-પકડનો આગ્રહ જ એવો કે ન પૂછો વાત! એક બાજુ ડૉ. બ્રેનનની ચેતવણી કે ગમે ત્યારે ગમે ત્યાં હું ભોંય પર પટકાઈ પડું, બીજી બાજુ આ ગઠિયાનો જીવલેણ આગ્રહ. ન જાઉં અને એ દાઢમાં રાખે તો ઔર મુસિબત. એટલે મન સાથે સમાધાન કરવાનું માંડી વાળી, અને સામે બ્લડપ્રેશરની ચેતવણી યાદ રાખી મેં તો એની સાથે ચાલવા માંડ્યું.

નાથાનનો કાપ જુગારનો અડ્ડો ક્યાં આવ્યો એમ મેં ચાર્લીને પૂછ્યું તો કહે છે કે, 'તું યે બડો ચબરાક છે! એ ક્યાં આવ્યો તે જો આપણા કૉપ્સ, એટલે કે પોલીસને યે જાણ નથી તો મને શી રીતે જાણ હોય? દિલાવર મિત્ર! એ ધંધો એવો છે કે એની જગ્યા, એનું માળિયું, એનું ભોંયરું, એની ગલી, એનો પાટલો એક રાતમાં બેત્રણ વાર પણ બદલવા પડે. તું તારે મારી સાથે ચાલ્યા કર, એ અડ્ડામાં જનારાને ઓળખનારા નાથાનના માણસો આમતેમ ફરતા જ હશે, અને એના સિક્રેટ પાસ-વર્ડની મને ખબર છે, એટલે તું બેફિકર રહે. ત્યાં આજની રાતમાં બે-પાંચ નોટનું તો હું બનાવી કાઢીશ. અને ત્યાં નહિ તો બીજા યે બેપાંચ અડ્ડાઓની મને ખબર છે. આ ધંધા કોઈ રીતસર ચાલતી સરકારમાં રીતસરના નથી ચાલતા, ચાલીચલાવી શકાય જ નહિ.'

ટહેલતાં-ટહેલતાં અમે એક તબેલા આગળથી પસાર થયા ત્યારે 'કન્સાસ સિટી' એવો ધીમેથી બોલાતો મહામંત્ર સાંભળતાં જ રસ્ટી ચાર્લીના બંને કાન સરવા થઈ ગયા. એણે તે દિશામાં નજર ફેરવી, અને

જ્યાં નજર પડી ત્યાં ઊભેલા એક મઢિયાએ દાઢી ઊંચી કરી આંખ બીજી દિશામાં વાળી, મેંઢેથી અચૂક અને અમુક પ્રકારની સિસોટી વગાડવા માંડી. એમાં દિશા, સ્થાન, માળ અને ઓરડીનો નંબર આવી ગયો હશે તે ચાર્લીએ મારો હાથ ખેંચી દિશા બદલીને, એક ગલીમાં ગરાજ પાછળ ચિથ્રં વાળવાના કામકાજવાળી એક દુકાનના અંદરના ભાગમાં, એક બત્તી, એક ટેબલ અને ત્રણચાર ખુરશીઓ—વધારે ફર્નિચર તો એને પાલવે જ નહિ, એવી મોબાઈલ ઑફિસમાં મને ખેંચી ગયો. ત્યાં હેરી ધ હૉર્સ ઑવ બ્રુકલીન, સ્લામ સ્લિપઆઉટ, લોનલી લૂઈ ઑવ હારલેમ, ઍલેક્ઝાન્ડર સેલકર્ક, સિસિલીનો સિઝર અને એવા બીજા કેટલાક જાણીતા, કેટલાક નવા રાજમહારાજાઓનો જમેલો બંધાએલો જોયો. દરેકના હાથમાં એકાદ નહિ તો થોકડો નોટો, ઢીંચનારાઓની પીવીકી માલિકીની રમ યા વિસ્કીની રોજ પૂરતી બાટલી અને રમવાના પાસા. એક ખૂણામાં શાઈલૉક બેઠેલો. તે કંઈક ગિરવે રાખે, ઓળખાણ પ્રમાણે રકમ ઉધાર પણ આપે. બધો હિસાબ એની છબી પર.

'અહીં ગનર કોણ છે?' ખડખડાવીને આપણા રસ્ટી ચાર્લીએ જે અવાજ કીધો કે બધાની આંખ એની ઉપર અને એક બે જણ પેં પેં થતાં બોલ્યા, 'ગનર વળી તમે જ, ચાર્લી! આવી જાઓ, અમે રાહ જ જોતા હતા.' અને ટેબલની આસપાસ બે જણ વચ્ચેથી સોયની અણી યે પાર કરવાની જગ્યા નહિ, ત્યાં ચાર્લી માટે સંકડાશમાં સંકડાશ વધારીને જગ્યા કરી આપવામાં આવી. પહેલી જ તરાપે એણે પાસા, પોતાના હાથમાં લીધા. હવે પોતે ગનર, એટલે બાજુવાળાની હૅટ ઉપાડી એમાં પાસા ખખડાવીને નાખ્યા. કહે, 'મારા દસ, કોણ છે સામે, એકના દસ, એકનો સો, એકનો હજાર ભાવ આપવાવાળા? મારા હાથમાં આ જુઓ દસની નોટ—બોલો, બોલો, લોનલી લૂઈ, હેરી, બોલો.' ત્યાં લોનલી લૂઈએ સામેથી અવાજ આપ્યો, 'એકના દસ, થઈ જાય!' અને આપણા ચાર્લી પેલી હૅટમાં પોતે જ નીચું વળી જુએ છે અને તરત દાણા ગણી લે છે, અને એમાં જોવાની બીજા કોઈની મુરાદ બર આવે કે મારા જેવો એનો દોસ્ત પણ અંદર નજર કરે તે પહેલાં, હસી, 'ઓહ! દસ જ છે, લાક લક! લાવો તમારા સો.' અને ઊભો થઈ સોની નોટ લઈ, પેલી હૅટ બાજુના ભાઈના માથા પર ઊંધી વાળી દે છે, અને પાસા ટેબલ પર પાથરી દે છે. આ પ્રમાણે વેપલો ચાલવામાં, ત્યાં મેં સામે દૂર ખૂણામાં એક ખાલી ખુરશી જોઈ. ત્યાં જઈ એક નિદર ખેંચી કાઢવા એમા બેઠો. કારણ મારે મારા બ્લડપ્રેશરનો તો વિચાર કરવો જ જોઈએ. હું જો આ પ્રમાણે રમું તો મારા ડાક્તરનાં દસ વારનાં બિલ નીકળી આવે અને એટલી આમદા એટલા કમાઈ લેવાની મારામાં કરામત જ ક્યાં હતી?

હવે નાથાનના આ નાનકડા અડ્ડા વિશે ચાર્લીના કહેવા પ્રમાણે જે કમાય એના દરાથી વીસ ટકા નાથાનને ફાળે જાય, જેવી અને જેટલી જેની આવનજાવન, એના સંબંધ ઉપર આધાર, રોજિંદી આવનજાવનના દસ ટકા, ઓછી કે એકાદ બે તો વીસ ટકા. એ પેલો ત્યાંનો શાઈલૉક અમેરિકન જોડકણામાં લખતો રહે—નર્સરી રાઈમ જેવું: 'ચાર્લી ચાર્લી વન ટુ ટેન, હાથમાં લીધો ચિનાઈ ફેન.' કે એવાં અજબગજબનાં ભૂગોળનાં મૅથેમૅટિક્સનાં, ફિઝિક્સનાં જોડકણાંઓ લખે. તે ઉપરાંત, એની ટેક્નૉલૉજી કે એના નૉલેજની આંટીઘૂંટીનો મને ખયાલ નથી. કહે છે કે ભલભલા કૉમ્પ્યુટરો—મે બી લિવિંગ બ્રેઈન, કે મશીન કૉમ્પ્યુટરો ય અહીં ભોંઠાં પડે છે. એટલે એની લાંબી મથામણમાં હું બ્લડપ્રેશરવાળો તો પડું જ નહિ. અને યોગમાં જેને ઊંડી સમાધ કહે છે, એવી ઊંઘની તજવીજમાં હું ગૂંથાયો.

ત્યાં તો ડીપ સમાધિમાંથી ઢંઢોળાવાની પ્રમાણકડી જેવા ઇશારા પડકવા લાગ્યા. ચાર્લી મને બરાબર જગાડીને ગરાજની ગલીની બહાર લઈ ગયો. ત્યાં હું એને કરગરી કહું છું કે હવે ઘર ભેગા થઈને એકાદ સારી નિંદર કાઢીએ, તો એ હજી તો રાત શરૂ થાય છે. એ ઉપર તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એક ભાષણ આપે છે, રસ્તે જતી ટૅક્સીમાં મને ખડકાવે છે અને ડાઉનટાઉન હંકારાવા કહે છે. થોડે દૂર એક ખૂણામાં એ ગાડી ઊભી રખાવે છે, અને કહે છે, પાછળના બૅગ કૅરીઅરમાં કંઈક ખખડે છે. મે બી, જીવતી બિલાડી હોય કે કોઈની નાની બૅગ બરાબર મુકાઈ નહિ હોય, યા રહી ગઈ હોય. અને પછી ડ્રાઈવર એ જોવા પાછળથી ઢાંકણું ઊંચું કરી નીચો વળી અંદર ડોકિયું કરે છે, ત્યાં તો મુષ્ટિપ્રહારમાં માનવ શરીરના ઢાંચકા નીચેના પ્રત્યેક સાંચાકામની કારવાહીના આ આબાદ જાણકારે, તરત નીચે ઊતરીને ઉપરથી એવી તો દીધી કે પેલો ત્યાં પાંચેક મિનિટ માટે તો લબડતો જ રહ્યો હશે, રસ્ટીએ મને બહાર કાઢી, હાથ પકડી નવમી ગલીમાંથી આઠમી અને આ ઍવન્યૂમાંથી બીજીમાં ખેંચતો એક મકાનના ખુલ્લા દાદરા ઉપર ચઢાવી, બીજે માળે મોર્સ ટેલિગ્રાફની સિસ્ટમમાં અઢી ટકોરા મારીને એક બારણું ખોલાવ્યું. બારણા પાછળ આઈ ક્યૂ ક્વીન્સીનું જાળિયું હતું. જાળિયું એટલે? ત્રણ બાજુ જાળી, એક જ બાજુ ભીંત અને એ જાળીઓ પણ લોખંડી, લોખંડના પિંજરા જેવી. મે બી, યુ કૉલ મીઝન હાઉસ. અંદરથી ત્રણે દિશામાં દેખાય. બહારના પણ અંદર આખુંપાખું જોઈ શકે, જાણે દીવાનખાનામાં પાંચસાત જણ ટેબલ પર પાનાં રમવા બેઠા છે એવો આભાસ આપે. અને અહીં પ્રમાણમાં સારા બૅંક ઍકાઉન્ટવાળા આવે. પણ જે પૈસાથી ખેલ ખેલાય, હોડ બકાય, દાવ નંખાય બેટ લેવાય, એકીબેકીની ધારણા ધરાય તે પૈસાનો દુનિયાની કોઈ બૅંક કે શરાફી પેઢીમાં, કે ખાનગી દફતરીને ત્યાં ચોપડે હિસાબ-આંકડા નહિ મળે. આ નાણું ઉપલક નાણું કહેવાય, અને એની જમાત હૉંગકૉંગથી સિંગાપુર, કોલંબો, બૈરુત, દુબાઈ, કાહિરો, સિસિલી, લિબિયા, લુગાનો, પારીસથી મૅક્સિકો થઈ શિકાગો—ન્યૂ યૉર્કના ચકરડામાં ફરે. આઈ. ક્યૂ. ક્વીન્સીને રસ્ટી ચાર્લીનું આગમન ગમ્યું તો નહિ, પણ એને જતાંની સાથે પાસેની નોટો બતાવી, એટલે એણે એક ટેબલ પર જવા ઈશારો કર્યો. અને મેં તો એક સાચા પ્રામાણિક શહેરીની રીતભાતથી ખૂણાની ઈઝીચેરની માગણી કરી, તે દ' ક્વીન્સીએ તુરત મને બતાવી. દ' ક્વીન્સી મને બહુ સારી રીતે ઓળખે, મારા લેખો વાંચે. ઉપરાંત, મારી ચોપડીઓ પણ ખરીદે. મેં એને બ્લડપ્રેશરની વાત કરી. એટલે પાંચ મિનિટમાં એણે મગજ આખાને ઠારે એવું કંઈક પીણું મંગાવી આપ્યું, અને એ લાવનારને હું પૈસા આપવા જાઉં છું તે એણે થૅંક્સ કહીને ન લીધા, ટિપ પણ નહિ લીધી. અહીં રસ્ટીએ કેવો જુગાર ખેલ્યો એની મને ખબર પણ ન પડી.

સવારે પાંચ વાગે એણે મને જગાડયો, ત્યારે એના હાથમાં એકસો અને ત્રીસ મોટી નોટ. એમાંથી દસ કે પંદર ટકા જે દ' ક્વીન્સીને આપવાના તે એણે આપ્યા તો નહિ જ હોય, પછી તો કોણ જાણે! અમે ત્યાંથી નીચે ઊતર્યા, ત્યારે મેં કહ્યું કે, હવે ચલ ઘર. પણ એ તો કહે હજી અજવાળું ક્યાં થયું છે? ચલો બોહેમિયન ક્લબમાં. હવે તો ગજવામાં ઢગલો પૈસા છે. તારા જેવો દોસ્ત મને સાથ નહિ આપે તો કોણ આપશે? અને એની વાતચીત ચાલુ થતાં જ મને મારા બ્લડપ્રેશરનો ખયાલ મગજમાં તાજો થવા લાગ્યો.

પણ રસ્ટી છોડે? મારા મનમાં કે હવે નવ્વાણું, તો કે સો. સવારે છએ કે સાતે તો ઘર ભેગા થઈશું, પણ આ તો નવો ફણગો ફૂટયો. ઓહોહો! માનવજાતને એકની એક જગ્યાએ કેટલા સમયમાં કંટાળો આવે છે! હા, જુગારની એકની એક રમત રમવામાં નથી આવતો, પણ જુગાર જુદીજુદી રીતે રમે છે. એમના મનમાં એમ જ હશે કે નસીબને પણ વિવિધતા ગમે છે, એટલે માનવી જુદીજુદી રીતે જુગાર રમે તે એકાદ રીતમાં એ ભાગ્ય ન્યાલ કરી દે. એમ જ પોઢીઓની બાબતમાં. પોઢીઓ સૌ નામે જુદી, પણ સ્વભાવે સરખી. છતાં ગાઈ કહેવાતા

રંગીલા માનવીઓ એને બહલવા જ કરવાના; એટલીસ્ટ, મનમાં એની ઇચ્છા તો રાખ્યા જ કરવાના. મનમાં એમ કે એકાદી ડૉલ સાથે ગાઇનો મેળ મળી જાય.

તો ઊપડયા બોહેમિયન ક્લબમાં. એનો મૅનેજર નાઈક્ ઓ-હોલોરન, અને એની ખ્યાતિ જ ગઠિયા નંબર એકની. મહિના માસમાં એને ત્યાં એકબે ધીંગાણાં ન થાય તો જાણે એ ક્લબની આબરૂ નહિ ગણાય. બલબલા ગાઈ અને લલલલી ડૉલ ત્યાં આવે જાય. ગ્રીન નોટનો પરતાપ. નાઈક્ અને રસ્ટી ચાર્લી તો બારની પાસેના ટેબલ પર બેઠા. નાઇકે પોતાના ગુંજવામાંથી બાટલી કાઢી બે ગ્લાસ બનાવ્યા. એનું કારણ મને એક વાર રસ્ટીએ જ કહેલું, કે એના બારમાં એ જે દારૂ વેચે એમાં મેળવણ દસ-વીસ ટકા તો ખરું જ. એટલે કે, બાર ટેન્ડરોને એવા કેળવી મૂકેલા કે નવા ઘરાકને ઘટિયો દારૂ મળે. ફરી વારના ગિલાસમાં જરા ફરક લાગે, અને ત્રીજી વાર વધુ ફરક લાગે. એમ રાતના વધવા સાથે, વધારે ગિલાસો કેમ ફરે, અને સારો સ્ટૉક કેમ ઓછો ખપે એનો હિસાબ. એટલે નાઈક્ જાતે પોતાનો જ દારૂ પીએ, અને કહેતો ફરે કે એની બનાવટ કરનારા ધંધાદારો એને ઓળખે, એટલે એના જેવાને બેઠાબેઠા આખી રાત હોય ને કોઈ સાથે પીવો પડે, એટલે 'નરમાશવાળો' ખાસ જાત બનાવવામાં આવે છે તે જ પોતે પીએ છે. મૂળમાં તો હકીકત આવળી, તે આવો આ રસ્ટી જાણે. બંને જામી પડયા, અને જરા વાતે વળગે છે એટલામાં સાદા કપડામાં ચાર કૉપ્સ, એટલે કે પોલીસ કૉન્સ્ટેબલો, નોકરી કરીને ઘેર જતાં એકાદ બે કપ જવાના પીવા ચઢી આવ્યા. અને એ જવા કૉફીનો ઑર્ડર આપે છે. રસ્ટીને તો એમને જોતાં સૂગ ચઢે, અને સૂગની સાથે લોહી વગર બ્લડપ્રેશરે ગરમ થઈ જાય. એટલે એ નાઈક્ને પૂછે છે કે દુનિયામાં સૌથી સુંદર દૃશ્ય શું હોઈ શકે? હવે આ નાઈક્ ડાઉન-ટાઉન ન્યૂ યૉર્કમાંથી ભાગ્યે જ બારમી ગલી પસાર કરીને મિડ ટાઉનમાં આવ્યો હશે— એને મન તો આ નવમી ગલી અને એની નીચેનો શહેરનો ભાગ, એ જ અને એવું જ ન્યૂ યૉર્ક, તે વળી સુંદર દૃશ્ય ક્યાં પારખવા જાય? એટલે એણે સામું જ પૂછ્યું કે કિયું દૃશ્ય સુંદર? તો રસ્ટી ચાર્લી કહે 'ચાર પોલીસ ઑફિસરોના ઠાર કરેલા મુરદાનો ઢગલો.'

આ મેં સાંભળ્યું એટલે મે તો ધીમે રહી બારણા તરફ નજર કરી, એની સામેની દિશામાં જવાનો ડૉળ કરીને એમની નજર ચુકાવીને બારણા તરફ જઈ, બારણા બહાર. દરમિયાન આ રસ્ટીએ પછીથી કહ્યું તે પ્રમાણે, એણે સામેના ટેબલ પર જઈ એકાદ ઑફિસરના ટેબલ નીચે લંબાવેલા પગને જરા લાત મારી. પછી ફરીથી જરા છેડતી કરી કે ત્યાં કામારોળ, ધમસાણ, હોનારત, ધમાચકડી, 'તું આવો', 'તું તેવી' વગેરે ચાલુ થઈ ગયું. પછી તો છોકરીઓએ પણ પોતાનાં કપડાં એકઠાં કરવા માંડયાં, અને મારામારી શરૂ થઈ ગઈ, ગ્રાહક લોકો નાસવા માંડયા; ગઠિયાઓ જતાંજતાં કોઈનાં અધૂરાં રહેલાં પીણાં ચૂસવા લાગ્યા. બહારથી જે મને સંભળાયું, અંદાજે લાગ્યું અને પછી રસ્ટી ચાર્લીએ જે કહ્યું તે ઉપરથી આ મેં જાહેર કર્યું.

પછી તો થોડી વાર આ જ ચાલ્યું, અને મેં દરવાજો ઊઘડતો જોયો. રસ્ટી ચાર્લીને એમાંથી બહાર આવતો પ્રમાણ્યો. મને જોતાં એ કહે છે, 'અરે હું તો તારી ચિંતા કરતો હતો કે તું ક્યાં ગુમ થઈ ગયો, ઠીકઠાક છે ને?' મેં હા તો પાડી અને ઉમેર્યું કે, 'નાઇકે તને સારા પ્રકારનો દારૂ આપ્યો ત્યારે તેં પેલા ચારમાંના એક ઑફિસરના પગને લાત મારી, એના જ ખોખામાં ધાંધલ કરાવી? આ તેં ઠીક ન કર્યું.' તો રસ્ટી કહે છે, 'પહેલાં અહીંથી પોબારા ગણી જવા દે, અને જો સાંભળ, આ તો પીઠાનું પોલિટિક્સ છે. નાઈક્ને હું નુકસાનમાં ઉતારું? છ: છ: છ: જમાનાનો ખાધેલ એવો એ પાકો ગુંડો માર્યાં હાડકેહાડકાં ખાઈ જાય અને ચામડાં તો લસોટીને ફેંકી દે. નાઇકે જ મને સૂચવ્યું કે જરા આટકચાળો કરો, એટલે કે બિચાર ગ્લાસ અને ટેબલ ભાંગે એવું નિવેડો- અને મેં એનો હુકમ પાળ્યો. એનું પીને હું એનું—નાઈક્ ઓ. હોલોરન ઉફેં શાહ હરૂન અલ્ રશીદનું ખોટું?'

'એમ! પણ એવું કરવાનું કારણ?'

'નાઈક્ને આવાં નાનાં ધીંગાણાં કરાવવાં ગમે છે. આ એનો બાર, એનાં ટેબલ-ખુરશી, એના શીશા, એમાં અમુક સંખ્યામાં દારૂના બાટલા, એ બધાંનો જુદીજુદી જાતનો વીમો, તે એવો કે ટેબલખુરશીની મૂળ કિંમત તો એણે ક્યારની ય હાથ કરી લીધી હશે, અને હવે આ બધો રચીલો ક્યારનો એને મફતમાં હશે. હવે એના ભંગાવાના પૈસા એને મળશે. આપણે, હવે દૂર છતાં કેટલી શાન્તિથી ખૂણામાં દારૂ પીતા બેઠા હતા, એવી વીમા કંપનીને જુબાની આપવા જવું પડશે. એ જુબાની આપવા જવાના પણ મને પૈસા મળશે. તું આ કોંટાકબાલા નહિ સમજે. પણ હવે ઘેર જવાનું માંડી વાળ અને મારે ત્યાં ચાલ. ત્યાં જરા, હવે આઠેક વાગ્યા છે તે આમલેટ-કૉફીનો નાસ્તો કરીએ. પછી ગુમાવેલી ઊંઘ મેળવવાની તજવીજમાં પડીશું.'

'ના, હું તો હવે ઘેર જઈને પડીશ.'

'નાસ્તા વિના? આવા જ તમે મારા પ્યારા દોસ્ત કે? મારી બૈરી મને શું કહેશે? એના હાથનું કૉફીનું કપ તો પી જા.' અને અમે એના ઘર તરફ વળ્યા. દરમિયાન મને વિચાર આવે છે કે રસ્ટી ચાર્લીને વળી વહુ ક્યારે હતી? એ પરણ્યો ક્યારે? એની કંઈ મને ગતાગમ પડી નહિ, પણ જિંદગીમાં અણધાર્યા, અચાનક આળવીતરા, બિનઅંદાજી, અને ચકિત કરી નાખે એવા બનાવો ક્યાં ઓછા બને છે? મારો બ્લડપ્રેશરનો જ દાખલો લ્યોને!

એના ઘરમાં અમે રાતના થાકેલા દાખલ થયા કે તુરત રસ્ટીએ પોતાની વહુને કહ્યું:

'હે, ડાર્લિંગ તુલ્સી! અમે આખી રાત ક્યાંના ક્યાં ભટકીને આવ્યા છીએ. આ મારા પ્યારા જિગરજાન દોસ્ત અને મારે માટે કંઈ ચિપ્સ, ઈંડાં અને ગરમાગરમ કૉફીનું કરે તો સારું કે જીવમાં જીવ આવે.'

એની ડાર્લિંગ તુલ્સીએ ત્યાં પાસે પડેલું એક અધવચિયા કદનું બેઈઝબૉલનું બૅટ લીધું, અને ચાર્લીની પીઠ પર જોરથી બે ઝપાટા ઠપકારી દીધા. મારા મનમાં કે ન્યૂ યૉર્કના કંઈક ગઠિયાઓને જેરજબ્બ કરનાર અને પોલીસ ઑફિસરના દંડિયા સાથે અટકચાળા કરનાર રસ્ટી ચાર્લી હમણાં જ એના ગજવામાંથી પોણા ફૂટની બંદૂકડી ખેંચી ડાર્લિંગ તુલ્સીને સ્વર્ગ બતાવી દેશે, અને મારે એક ડૉમેસ્ટિક પ્રામાણિક શહેરી તરીકે મર્ડરના કેસમાં રસ્ટીની વિરુદ્ધ ધર્મગ્રંથ પુસ્તક હાથમાં ઝાલીને સાક્ષી આપવા જવું પડશે. અને એ વિચારે મારું બ્લડપ્રેશર સો તો શું પણ હજારેક ડીગ્રી ઊંચું ચઢી પણ ગયું હશે. પણ ત્યાં તો અચાનક એની ડાર્લિંગ તુલ્સી મારી તરફ ડોળા ઘુરકાવે છે, અને બંદૂકની ગોળી કરતાં વધારે જાલીમ શબ્દોની ઝડી વર્ષાવે છે: '...અને તમે એના પ્યારા દોસ્ત! રોજેરોજ એને આખી રાત કિયાકિયા અડ્ડાઓમાં ક્યાંક્યાં રખડાવો છો, ભટકાવો છો એનો હિસાબ આજે આપણે ચૂકતે કરી દઈએ. તમારું નામ કહો, ભાઈલા, નહિ તો આ ડંગોરિયા બૅટ તમારા ઢીમચામાં....'

અને હું તો ચોંકી જ ગયો, ઊભો થઈ ગયો, બારણા તરફ દોડયો. ત્યાં તો બરાબર માથાના પાછલા ભાગમાં ડંગોરો પડયો, અકળાયો, અને માંડમાંડ બહાર નીકળી બારણું તરત બંધ ન કર્યું હોત તો એ જાલીમ તુલ્સી જે મારી તરફ ધસી રહી હતી, એના બીજા કિયા હથિયારનો હું ભોગ બનત તે તો મારો ભગવાન જ જાણે!

(અનુસંધાન પૃષ્ઠ ૪૦૫)

પ્રદેશ જયવિજયના ૧૩

તરોંગા ઝૂ પાર્ક

પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

આજે સ્વૈરવિહાર માટે દિવસ ફાજલ હતો. પેન કૉંગ્રેસની બેઠકો પતી ગઈ હતી એટલે અમે કેટલાક પ્રતિનિધિઓ સીડનીના જુદાજુદા સમુદ્રકિનારાઓ પર લટાર મારવા ગયા. એક મિત્રે સલાહ આપી કે પાછા ફરતાં વચ્ચે ઊતરી જાઓ તો 'તરોંગા ઝૂ પાર્ક' પણ જોઈ શકશો. બપોરના બારેક વાગ્યા હતા. અને જમવાની દરકાર નહોતી. એટલે આ તક ઝડપી લઈને વચ્ચે સ્પીટ જંક્શન પાસે ઊતરી ગયો, અને ત્યાંથી પૂછતાંપૂછતાં તરોંગા પ્રાણીબાગમાં પહોંચી ગયો.

પ્રાણીબાગ તો ઘણા દેશોમાં જોયા છે. એ દરેકને પોતપોતાની કેટલીક વિશિષ્ટતાઓ હોય છે. સીડનીના આ પ્રાણીબાગની કેટલીક વિશિષ્ટતાઓ તો દુનિયાના બીજા કોઈ દેશોમાં જોવા ન મળે એવી છે.

સીડની પાસે સપાટ ભૂમિની ખેંચ હોવાથી તરોંગા પ્રાણીબાગની રચના એક ટેકરી ઉપર કરવામાં આવી છે. અને તેના સિત્તેર એકર જેટલા વિસ્તારમાં ત્રણેક હજારથી વધુ વિવિધ પક્ષીપ્રાણીઓ રાખ્યાં છે. પ્રવેશદ્વાર પાસે જ એક મોટી દુકાન છે જ્યાંથી પ્રવાસીઓ અહીં આવ્યાની યાદગીરી તરીકે આ પ્રાણીબાગનાં દશ્યો તથા અહીંનાં પક્ષીપ્રાણીઓનાં રંગીન ચિત્રો, ફોટો, સ્લાઈડ્સ વગેરે ખરીદી શકે છે.

અહીં પ્રવેશ માટેની ટિકિટ સાથે બાગની રચનાનો એક નકશો પણ આપવામાં આવે છે, તેના આધારે સૌ પ્રથમ તો હું નિશાચર પ્રાણીઓનો વિભાગ જોવા ગયો. તરોંગા પ્રાણીબાગનું આ એક અનોખું આકર્ષણ છે. એક વિશાળ ભોંયરા જેવી રચના કરીને તેમાં રાત્રિનો કૃત્રિમ અંધકાર સર્જી ત્યાં નિશાચર પ્રાણીપક્ષીઓ રાખવામાં આવ્યાં છે. આ પ્રત્યેક પક્ષી કે પ્રાણી માટે જુદાજુદા વિભાગ પાડી, તેમની આગવી ખાસિયતોને લક્ષમાં રાખીને તેમાં વૃક્ષ-છોડ, રેતી-પથ્થર ને બખોલ વગેરે ગોઠવીને તેમને અનુકૂળ એવું કૃત્રિમ પર્યાવરણ રચ્યું છે. સમગ્ર વિભાગ વાતાનુકુલિત છે.

દાખલ થતાં જ એક સૂચના વાંચી : 'થોડી વાર અહીં થોભો જેથી તમારી આંખો અંધારાથી ટેવાઈ જાય, ઉતાવળ કરશો તો અંદર અંધારામાં ક્યાંક અથડાઈ પડશો.' થોડી વાર ત્યાં થંભીને પછી આગળ ગયો. ફરી સૂચના આવી: 'અંધારામાં તમને સ્પષ્ટ દેખાતું હોય તો જ આગળ વધો, અથવા હજી થોડી વાર અહીં થોભી જાઓ.' આ એક ઉત્તમ ગોઠવણ હતી. બહારના દિવસના તેજ-પ્રકાશમાંથી એકદમ અંધકારમાં પ્રવેશવું ખરેખર મુશ્કેલ બની જાય. ઝૂના આયોજકોએ સહેલાણીઓની સગવડ માટે પૂરો ખયાલ રાખ્યો હતો.

અંદર ખરેખર રાત્રિનો જ આભાસ થતો હતો. છેક ઉપર છતમાંથી લોકોને હરવાફરવામાં જરૂરી એટલા આછા પ્રકાશની યોજના હતી. નિશાચર પક્ષી-પ્રાણીઓ રાતે કેટલાં ચેતનવંતાં બની જાય છે તે અહીં પ્રત્યક્ષ જોવા મળ્યું. રાત્રના આ વાતાવરણમાં એમની બધી આગવી ખાસિયતો અહીં જોવા મળે છે, જે દિવસના પ્રકાશમાં કદી જોઈ શકાય નહિ. ઑસ્ટ્રેલિયા અને ન્યૂગીનીનાં અનેક નિશાચરો અહીં જોયાં. જંગલમાં એ બધાંની વચ્ચે જ જાણે રાત ગાળી રહ્યા હોઈએ તેવો એક અનેરો અનુભવ મળ્યો.

વિભાગના બીજા છેડે પણ એકદમ બહાર નીકળતાં સૂર્યપ્રકાશમાં આંખ અંજાઈ ન જાય એ માટે આછા ઉજાશમાં થોડી વાર થંભી જવાની વ્યવસ્થા હતી. નિશાચરો પછી પ્લૅટિપસ જોવા ગયો. કારણ કે એમને જોવા માટે અમુક સમય નિયત હતો. તરોંગા પ્રાણીબાગની પોતાની



અમુક પ્રાણીઓમાં માદા બચ્ચાને જન્મ આપે ત્યારે તે બચ્ચું ગર્ભાશયમાં પૂરતો વિકાસ પામેલું હોતું નથી. એ પછીનો તેનો વિકાસ માતાના ઉદર પાસેની કોથળીમાં થાય છે. તેમાં જ તેને હૂંફ, પોષણ અને રક્ષણ મળે છે. આ કોથળીના નામ 'માર્સુપીઅમ' પરથી આવાં પેટ કોથળીવાળાં પ્રાણીઓ 'માર્સુપીઅલ્સ' કહેવાય છે. કાંગારુ એ માર્સુપીઅલ્સ પ્રાણીઓનું બહુ જાણીતું ઉદાહરણ છે. આવાં પ્રાણીઓ ઑસ્ટ્રેલિયામાં વિશેષ છે. ન્યૂ ગીની અને સેલીબિસ ટાપુ સુધી પણ એમની અમુક જાત થાય છે. બિએક જાત અમેરિકામાં પણ થાય છે. કોઆલા એ ઑસ્ટ્રેલિયાનું બહુ જાણીતું માર્સુપીઅલ પ્રાણી છે. રમકડાના રીંછ જેવું લાગે. લગભગ બે ફૂટનું કદ, ભારે માથું, રૂંછાંદાર મોટા કાન, નાક રુવાંટી વિનાનું કાળું, શરીર પરની લાંબી રુવાંટી રંગે રતાશ પડતી ભૂખરી, અને પેટ પાસે સફેદ જેવી. યુકેલિપ્ટસ જેવા ઊંચા વૃક્ષોમાં લગભગ છેક ઉપર રહે ને રાતે નીચે આવે. આહાર પણ યુકેલિપ્ટસનાં પાનનો જ. સ્વભાવે રમતિયાળ ને મળતાવડું, પણ ખીજે તો બચકું ભરી લે. જન્મ્યા પછી બચ્ચું ત્રણેક માસ માતાના પેટ પાસેની કોથળીમાં રહે અને તે પછી થી છએક માસ માતા તેને પોતાની પીઠ પર રાખીને ફેરવે છે.

સંજ્ઞામાં પ્લૅટિપસનું આલેખન છે, આ પ્લૅટિપસ પ્રાણી માત્ર ઑસ્ટ્રેલિયામાં જ થાય છે.

પ્લૅટિપસ, મનાય છે તેમ છેક પ્રાગૈતિહાસિક કાળથી ઊતરી આવેલું પ્રાણી છે, ના પક્ષી છે. શું કહેવું તેને! એનું બતકની ચાંચ જેવું ચપટું પહોળું મોં, તરવામાં અનુકૂળ એવા ચામડીથી જોડાએલી આંગળીઓવાળા પંજા અને ઇંડાં મૂકીને પ્રજનન કરવાની તેની ખાસિયત પક્ષી જેવી છે, તો ચાર પગ, નહોરવાળી આંગળીઓ, બિલાડી જેવી અને તપખીરી રંગની રુવાંટીવાળો બેએક ફૂટ લાંબો દેહ, ટૂંકા પગ, ચપટી પહોળી પૂછડી તથા બચ્ચાંને પોતાનું દૂધ પાઇને ઉછેરવાની તેની લાક્ષણિકતા પ્રાણી જેવી છે. ઑસ્ટ્રેલિયા–ખાસ કરીને તેના પૂર્વના પ્રદેશમાં તથા ટાસ્માનિયા ટાપુમાં જ એ જોવા મળે છે. પ્લૅટિપસ પાણી–કાંઠા નજીક જમીનમાં લાંબું દર ખોદી કાઢી તેમાં માદા સાથે રહે છે ને માદા ત્યાં જ પ્રજનન કરી બચ્ચાંને ઉછેરે છે. ક્યારેક એ જમીન તરફ અને પાણી તરફ એમ બંને બાજુ ખુલ્લાં દર બનાવે છે. પાણીમાંના નાના જીવ ખાય છે, એટલું જ નહિ, ખાવા ઉપરાંત, વધારાનો આહાર એ પોતાનાં ગલોફાંમાં પણ








ઑસ્ટ્રેલિયાનાં વિશિષ્ટ પક્ષી-પ્રાણી (મથાળેથી અનુક્રમે) એમુ અને કેસોવરી. આફ્રિકાના શાહમૃગ જેવાં આ બંને પક્ષી ઊડી નથી શકતાં. એમુ ઑસ્ટ્રેલિયાના ઘાસછાયા ખુલ્લા પ્રદેશમાં નાના ટોળામાં રહે છે. તેની માદા કદમાં નર કરતાં મોટી હોય છે અને નર ઇંડાં સેવવા તથા બચ્ચાંને ઉછેરવાનું કામ પણ કરતો હોઈ માદાને જ ઘણા નર સમજી બેસે છે. ખેતીને એ નુકસાન કરતાં હોઈ ખેડૂતોમાં એમુ અપ્રિય છે. કેસોવરી ચાર ફૂટ ઊંચા કૂકડા જેવું લાગે. ઉત્તર ઑસ્ટ્રેલિયા અને તેની નજીકના ટાપુઓમાં ગીચ ઝાડીમાં નાની ટોળીમાં રહે છે. સ્વભાવે શરમાળ. ત્રીજું પક્ષી છે કૂકાબુરા. કલકલિયાની આ કદાચ સૌથી મોટી જાત છે. એનો અવાજ માણસના હસવા જેવો લાગતો હોઈ તેને 'લાફિંગ જૅકઍસ' પણ કહે છે. (બીજી હારમાં) ભીમકાય લાલ કાંગારુ. પાછલા પગ અને પૂછડીના આધારે આ રીતે ઊભું રહે ત્યારે એ સાત ફૂટ ઊંચું હોય છે. વચ્ચે: પેટની કોથળીમાં બચ્ચા સાથે લાલ કાંગારુ માદા. કાંગારુ પણ માર્સુપીઅલ જાતનાં પ્રાણીઓ છે. એની નાની મોટી અને વર્ણભેદવાળી ઘણી જાતો છે. મોટા કાન, સસલા કે હરણ જેવું મોં, ટચૂકડા આગલા પગ સાથે શરીરનો ઉપરનો ભાગ નબળો પણ તેની નીચેનો ભાગ અને લાંબા પાછલા પગ અત્યંત શક્તિશાળી. દૃષ્ટિ અને ઘ્રાણેન્દ્રિય મંદ પણ શ્રવણશક્તિ ઘણી તીવ્ર. લગભગ બધી જાત વનસ્પતિ પર નભનારી. (છેલ્લે) પ્લૅટિપસ. બતકની ચાંચ જેવું ચપટું મોં, એ પરથી ડક-બિલ પણ કહેવાય છે. એ મોં અને પગ વડે પાણી કાંઠે કોરેલાં ઊંડાં ને લાંબાં દરમાં ઘાસપાન પાથરી તેના પર પોચાં બે ઈંડાં મૂકે છે અને તેમાંથી નીકળેલાં બચ્ચાંને છાતી પરથી ઝરતા દૂધથી પોષે છે, અન્ય સસ્તન પ્રાણીઓ કરતાં એનું બહુ ઓછું ગરમ લોહી વાતાવરણ અનુસાર ઠંડું-ગરમ થાય છે. પગ દર ખોદવા જેટલા શક્તિશાળી ને આંગળાં તરવા માટે અનુકૂળ એવી રીતે જોડાયેલાં. દસેક મિનિટ તે પાણીની અંદર રહી શકે છે. બાકીની દુનિયાથી તદ્દન ભિન્ન એવાં અનેક પક્ષીપ્રાણી ઑસ્ટ્રેલિયામાં છે.

ભરી રાખે છે. આ માટે એના મોંમાં સગવડ છે. તરવામાં બહુ કુશળ, તેમ જ પગનાં નખોરિયાં વડે દર ખોદવામાં યે નિપુણ. ક્યારેક તો એ સાઠ-સાઠ ફૂટ લાંબાં દર બનાવે છે. નર પ્લૅટિપસના પાછલા પગની એડીમાં એક ઝેરી નહોર હોય છે જેનો એ શિકાર તેમ જ આત્મરક્ષણ માટે ઉપયોગ કરે છે. માદા પ્લૅટિપસ એક સાથે બે ઈંડાં મૂકે છે, જે કદમાં લીલી દ્રાક્ષ જેવડાં ને સાપનાં ઈંડાં જેમ પોચાં હોય છે. લગભગ પંચોતેર દિવસે તેમાંથી નીકળતાં અંગૂઠાના વેઢા જેવડાં બચ્ચાં માતાના શરીરમાં છાતીના સ્થાનેથી ઝરતા દૂધથી પોષાય છે. પ્લૅટિપસ માદાને આંચળ જેવું અંગ હોતું નથી.

પછી જોયું કોઆલા. ઑસ્ટ્રેલિયામાં વિક્ટોરિયા અને ક્વીન્સલૅન્ડના પ્રદેશોમાં જ એ થાય છે. રૂંછાંદાર નાનકડા રીંછ જેવું એ લાગે. બેથી ત્રણ ફૂટનો દેહ, રબ્બર જેવું આગળ પડતું બુઠ્ઠું કાળું નાક, ઝીણી આંખો એ એનો લાક્ષણિક દેખાવ. એ પાણી પીતું નથી એટલે 'જે પાણી પીતું નથી તે'—કોઆલા એવું નામ ત્યાંના આદિવાસીઓએ આપેલું છે. યુકેલિપ્ટસનાં ઊંચાં વૃક્ષોમાં યે ઉપરના ભાગમાં એ રહે છે. જમીન પર હરવુંફરવું તેને ફાવતું નથી. વૃક્ષોનાં પાન એ એનો મુખ્ય ખોરાક, ક્વચિત્

માટી યે ખાય. ખાઉધરું પણ ખરું, અને વધારાનો ખોરાક મોઢાંમાં ભરી રાખવાની યે ટેવ ખરી. નિશાચર હોઈ રાતે એ સ્ફૂર્તિલું બની જાય પણ દિવસે આળસુની માફક વૃક્ષને વળગીને પડ્યું રહે, ક્યારેક એક-બીજાની ઉપર પણ ઘોરતાં દેખાય. અક્કલ પણ ખાસ નહિ.

કોઆલાની એકાધિક જાતો છે, પણ તેમાં કદ તથા ખાસ તો એમનાં શરીર પરની સુંવાળી ઘાટી રુવાંટીના ભૂખરા, ઘેરા રાખોડી કે બદામી રંગના તફાવત સિવાય બીજો કોઈ મોટો ફેર જોવા મળતો નથી.

કોઆલાનું બચ્ચું જન્મે ત્યારે તો તદ્દન નાનું, એકાદ ઇંચ કદનું ને એક ઔંસના યે ચોથા-પાંચમા ભાગના વજનનું હોય છે. પણ જન્મ્યા પછી છએક મહિના સુધી એ માતાના પેટ પરની કોથળીમાં જ રહે છે અને માતાના દૂધ પર નભે છે. દરમિયાન એકાદ વેંત જેટલું એ વધે છે. આ પછી યે છએક માસ તે માતા પર જ અવલંબે છે, ક્યારેક માતાની કોથળીમાંથી બહાર પણ આવે છે. એકાદ વર્ષના બચ્ચાને માતા ક્યારેક પોતાની પીઠ પર બેસાડીને પણ ફેરવે છે. પુખ્ત વયે કોઆલા આઠ-દસ કિલોગ્રામ જેટલું વધી રહે છે. સરેરાશ એ પંદર વર્ષ જીવે છે. અગાઉ તો સુંવાળી રુવાંટી તથા માંસ માટે કોઆલાનો પુષ્કળ શિકાર થતો, ને એથી એમની સંખ્યા પણ ઘણી ઘટી ગએલી. પણ ૧૮૮૫માં એના શિકાર પર પ્રતિબંધ મૂકતાં નામ:શેષ જતાં આ પ્રાણી બચી ગયાં, એટલું જ નહિ, એમની સંખ્યા પણ પાછી વધી છે.

ઑસ્ટ્રેલિયામાં આ બહુ પ્રિય પ્રાણી છે. હાથમાં લઈને રમાડવું ગમે તેવું હોવા છતાં છંછેડાય તો નહોર મારે કે બચકું ભરી લે. ઑસ્ટ્રેલિયામાં ઠેરઠેર એનાં રમકડાં મળે છે જે આબેહૂબ કોઆલા જેવાં જ હોય છે.

તરોંગા પ્રાણીબાગનો પક્ષીઓનો વિભાગ પણ નોંધનીય છે. ઊંચા-વિશાળ જાળીદાર પાંજરાંની અંદર નાનામોટાં વૃક્ષછોડ ઉગાડી બિલકુલ કુદરતી પર્યાવરણ રચીને તેમાં પક્ષીઓને મોકળાં મૂકી દીધાં છે. અંદર તેઓ આસાનીથી ઊડાઊડ કરી શકે એટલી વિશાળતા આ પિંજરાંની છે. અંદરથી પક્ષીઓ બહાર ઊડી ન જાય તેવા, ફરતા બારણાંવાળાં પ્રવેશદ્વારોમાંથી જોનાર માણસ પાંજરાની અંદર જઈ પક્ષીઓની વચ્ચે જ હરીફરીને તેમને નીરખી શકે છે. શાહમૃગ જેવું 'એમુ', ચાર ફૂટ ઊંચા મરઘા જેવું 'કેસોવરી', ન્યૂઝીલૅન્ડનું 'કિવી' વગેરે જેવાં આ તરફનાં ઊડી નહિ શકતાં પંખીઓ પણ જોયાં. જો કે આ બધાં પંખીઓ ચિત્રો-છબીઓ દ્વારા બહારની દુનિયામાં જાણીતાં છે. આમાં દોઢેક હાથની કાયાવાળું અને મોટું માથું તથા ભારે ચાંચવાળું 'કૂકાબુરા' પહેલી જ વાર જોયું. એ છે તો કલકલિયાની એક જાત જ, પણ આનું કદ ઠીકઠીક મોટું ગણાય. નાનાં જીવડાં, ગરોળીઓ ને નાના સાપ સુધ્ધા એ ખાય. પણ એની ધ્યાન ખેંચતી લાક્ષણિકતા તો છે તેનો અવાજ. કોઈ માણસ ગળામાં પાણી ભરી ગુડગુડ કરતો હોય તેવો લાગે. ટાસ્માનિયા ને ન્યૂ ગીનીમાં પણ આ કૂકાબુરા જોવા મળે છે. ઑસ્ટ્રેલિયામાં એને 'લાફિંગ જૅકઍસ' પણ કહે છે.

પ્રાણીબાગમાં એક તરફ એક જૂનું ખંડેર મકાન નજરે પડ્યું. આપણે ત્યાં આવું કંઈ જોતાં નવાઈ ન લાગે, પણ આ સમૃદ્ધ દેશના આવા સુંદર-સુઘડ બાગમાં એ એક ખટકે તેવું દૃશ્ય હતું. કંઈક નવાઈ સાથે તેની નજીક સર્યો ત્યાં જાણે મારા મનનો પડઘો પાડતું લખાણ વાંચવા મળ્યું: આ મકાન તમને બહુ જૂનું અને વરવું લાગે છે ને! એ બદલ માફ કરજો. આના સ્થાને નવું મકાન બાંધવાના છીએ. જૂન ૧૯૭૮ પછી અહીં આવશો તો આ મકાનના બદલે નવું મકાન જોશો.' આપણે ટીકા કરીએ એ પહેલાં જ એમણે માફી માગી લીધી.

અહીં હોઈ શકે એવાં અનેક જાતનાં પક્ષીપ્રાણીઓ તો જોયાં પણ કાંગારુ ક્યાં? ઑસ્ટ્રેલિયાનું એ વિખ્યાત પ્રાણી હજી મારી નજરે પડ્યું નહોતું. જો કે આપણા ભારતના પ્રાણીબાગોમાં યે કાંગારુ જોવા તો મળે જ છે એટલે એના વિષે સવિશેષ કુતૂહલ તો નહોતું, પણ હજી એ દેખાયું નહિ તેની નવાઈ હતી. અંતે એમનો વિભાગ તો દેખાયો પણ એ પોતે નહિ. પરંતુ એ ભાગમાંથી હું આગળ જતો હતો ત્યાં એકાએક ચોંકી ગયો. બાજુમાં જ એક મોટું કાંગારુ ઊભું હતું. જો કે કાંગારુ હિંસક પ્રાણી નથી એટલે ભયનું કોઈ કારણ નહોતું. કાંગારુની પચાસેક જેટલી જાત છે જેમાં વર્ણ તથા કદનો તફાવત મુખ્ય હોય છે. પોતાનાં બચ્ચાંને પેટ પાસેની કોથળીમાં રાખીને ઉછેરનારાં પ્રાણીઓના વર્ગમાં કાંગારુ સૌથી મોટું પ્રાણી છે.

ઉત્ક્રાંતિના તબક્કામાં કાંગારુનો વિકાસ સસ્તન પ્રાણીઓ જેટલો નથી થયો. તેમ જ નથી એ પ્લૅટિપસ જેટલું આદિ દશામાં. કારણ પ્લૅટિપસ તો ઇંડાં મૂકે છે અને બચ્ચાને દૂધ પાય છે. કાંગારુ બચ્ચાને જન્મ આપે છે, પણ એ બચ્ચું જન્મે ત્યારે અન્ય સસ્તન પ્રાણીઓનાં બચ્ચાં જેમ પૂરતું વિકસિત નથી હોતું. વળી, જન્મે ત્યારે કાંગારુનું બચ્ચું એક-દોઢ ઇંચના કદનું જ હોય છે. અને એનો દેહ પણ કાંગારુ જેવો નથી હોતો. એ પછીનો તેનો દેહવિકાસ તો માતાના પેટ પાસેની કોથળીમાં થાય છે. આઠ દસ અઠવાડિયાં પછી એ કોથળી બહાર પોતાનું મોઢું દેખાડતું થાય છે. કાંગારુના બચ્ચાને 'જૉયે' કહે છે.

કાંગારુનો દેખાવ, તેના નાનામોટા પગની કામગીરી, તેની કલાકે ૨૫-૩૦ માઈલ દોડવાની ઝડપ અને ૩૦ ફૂટ લાંબી છલાંગ મારવાની શક્તિ, એની લાંબી જાડી ને જેના ટેકે કાંગારુ બેસી શકે તેટલી મજબૂત પૂછડી, તેનો વર્ણ, તેનો વનસ્પત્યાહાર વગેરે તેની ખાસિયતો ને લાક્ષણિકતાઓ તો હવે સર્વત્ર જાણીતી છે. ભૂખરા ને લાલ રંગનાં કાંગારુ બહુ મોટા કદનાં હોય છે. એ પાછલા પગ પર ઊભાં થાય તો આઠ નવ ફૂટ જેટલાં ઊંચાં દેખાય. પૂર્વ અને નૈર્ઋત્ય ઑસ્ટ્રેલિયા તથા ટાસ્માનિયામાં એ વિશેષ જોવા મળે છે.

'વેલાબી' નામની નાના કૂતરા જેવડી કાંગારુની એક જાતનો વર્ણ ચૉકલેટ જેવો હોય છે. એમની જ એક જાત ક્વીન્સલૅન્ડના ડુંગરોમાં વસે છે તે 'રૉક વેલાબી' નામે ઓળખાય છે. માત્ર વૃક્ષો ઉપર જ વસનારી એમની એક નિશાચર જાત પણ છે. કાંગારુની એક સૌથી નાની જાત તો માત્ર ઉંદર જેવડા કદની જ છે.

ઑસ્ટ્રેલિયામાં શરૂઆતમાં કાંગારુનો પુષ્કળ શિકાર થવાથી એની કેટલીક જાતો તદ્દન નાશ પામી છે. ગોળ પૂછડીવાળા વેલાબી હવે ભાગ્યે જ જોવા મળે છે. જો કે ત્યાંની સરકારે હવે એ જાતિના શિકાર ઉપર પ્રતિબંધ મૂકી દીધો છે. આ ઉપરાંત, પ્રાણીબાગમાં સિંહ, ગોરિલા, ઉત્તરધ્રુવના રીંછ અને સીલ, હાથી, હરણ, મગર, અનેક જાતના સાપો, વૃક્ષો ઉપર જ રહેતાં અને પાંદડાં જેવા આકાર તથા રંગના દેડકાઓ, વિવિધ જળચર પ્રાણીઓ વગેરે જોતાં થાક લાગે એ સ્વાભાવિક છે. પરંતુ એ માટે બાગમાં ચા-નાસ્તાની સગવડ સાથે આરામગૃહ પણ છે.

તરોંગા પ્રાણીબાગ ટેકરીના ઢાળ ઉપર છે. ક્રમાનુસાર બધું જોતાં જોતાં એક છેડે નીચે ઊતરી અવાય છે. તે છેડે દરિયાકિનારો છે અને ત્યાંથી બોટ દ્વારા સરક્યુલર કવે પહોંચી શકાતું હોઈ મેં તેનો લાભ લીધો.

માખીઓનો ત્રાસ તો અહીં સર્વત્ર છે જ. છેક તરોંગા બાગમાંથી આરંભીને બોટમાં ને બસમાં યે મારો સાથ કરીને બે માખીઓ મારી આસપાસ ઊડતીભમતી હોટેલ સુધી આવી હતી. બહુ વિચાર્યું ત્યારે તેનું કારણ સમજાઈ ગયું. પ્રાણીબાગમાં મેં આઈસ્ક્રીમ ખાઈને મોં સાફ કર્યું ન હતું, એ આઈસ્ક્રીમની સોડમથી આકર્ષાઈને મારી આસપાસ ભમતી રહી હશે. હવે પછી અહીં હોઉં ત્યાં સુધી કંઈ પણ ખાઈ-પીને કોગળો કરી મોં સાફ કરી નાખવાનો સંકલ્પ કર્યો. (ચાલુ)

દલપત-નર્મદ યુગના કેટલાક ઉપ-કવિઓ

પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

દલપતરામે ઈ. સ. ૧૮૪૫માં 'બાપાની પીપર' લખી ત્યારથી અર્વાચીન કવિતાનો આવિષ્કાર થયો એમ કહી શકાય. એ પછી દલપતરામ અને નર્મદ બંનેને હાથે કવિતાનાં વિવિધ સ્વરૂપો વિપુલપણે ખેડાયાં. એમણે મધ્યકાલના કવિઓની પરંપરામાં ઈશ્વર-ભક્તિનાં પદ-ભજનો તો લખ્યાં જ, પણ તે સાથે સંસારસુધારો, પ્રેમ, દેશભક્તિ, પ્રકૃતિ ઇત્યાદિ અનેક વિષયો તેમણે સ્પર્શ્યા. દેશી, ગરબી વગેરે ઢાળો, ચોપાઈ-દોહરા જેવા માત્રામેળ છંદો તેમણે પ્રયોજ્યા, પણ સંસ્કૃતના અક્ષરમેળ વૃત્તો પણ તેમણે સફળ રીતે અજમાવ્યા. ચારેક દાયકા સુધી એમની કવિતા ગુર્જર દેશે ભારતીની જેમ ફરી વળી. દલપત-નર્મદની કાવ્ય પ્રવૃત્તિએ ગુજરાતની પ્રજામાં એક નવી ચેતના જગાવી. પ્રજામાં કવિતા માટે રુચિ જન્મી, એક પ્રકારનો ઉત્સાહ જાગ્યો, કવિ અને કવિતાનાં સન્માન થવા માંડયાં. પ્રજા જીવનમાં કવિતાનો સ્પર્શ વ્યાપક બનવા માંડયો. એ સમયે કેટલાય કવિયશવાંછુ ગૃહસ્થોની કલમો કાવ્યસર્જન માટે સળવળાટ અનુભવવા માંડી. કવિ સુંદરમે નોંધ્યું છે તેમ આ ચારેક દાયકાના 'પહેલા સ્તબકની કાવ્ય-પ્રવૃત્તિ સ્થૂલ પ્રમાણમાં ઠીકઠીક છે. આ ચાલીસ વરસમાં સો એક જેટલા લેખકોનાં નાનાંમોટાં ત્રણસોએક જેટલાં પદ્યનાં પુસ્તકો મળી આવે છે.' (અર્વાચીન કવિતા, આવૃત્તિ પહેલી, ઈ. ૧૯૪૬. પૃ. ૩)

અલબત્ત મોટા ભાગની કવિતા જોડકણાં જેવી ને નિર્માલ્ય છે, તેમ છતાં કેટલાક કવિઓએ કલ્પનાનું સારું ગજું દેખાડયું છે. કોઈક કોઈક કવિની કૃતિઓ દલપત-નર્મદની કૃતિઓ પાસે પણ માથ મુકાવે તેવી રચાઈ છે. દલપત નર્મદે જે વિપુલ સંખ્યામાં કાવ્યો રચ્યાં, એવી વિપુલતા આ કવિઓમાં નથી. આ સ્તબકના કવિઓ મોટે ભાગે દલપત-નર્મદની કવિતાની છાયામાં અથવા એમની આંકેલી કેડીએ ચાલે છે. કેટલાકે દલપત અથવા નર્મદની કવિતાની ઝાટકણી કાઢતી રચના પણ કરી છે. અલબત્ત 'સુવાસિકા' જેવી કોઈક કૃતિ નવી દિશા તરફ ડગ ભરતી દેખાય છે. આ સ્તબકમાં કેટલાકે તત્કાલીન ઘટનાને પણ કાવ્ય-વિષય બનાવી છે. સંસ્કૃત કાવ્યોનાં ભાષાન્તર કરવાનું વલણ પણ આ ગાળામાં દેખાય છે. કેટલાક પારસી કવિઓની કલમ પણ આ ગાળામાં ચમકી ઊઠી છે.

આ સમય ગાળાના સેંકડો કવિઓમાંથી નીચેના થોડાક કવિઓ એમણે દાખવેલી કલ્પનાશક્તિને કારણે અથવા અભિવ્યક્તિની કશીક નવીનતા કે ચમત્કારકતાને કારણે ધ્યાન આકર્ષી રહે છે. ૧ કવિ હીરાચંદ કાનજી; ૨ હરગોવનદાસ દ્વારકાદાસ કાંટાવાળા; ૩ કવિ શિવલાલ ધનેશ્વર; ૪ નવલરામ લક્ષ્મીરામ પંડયા; ૫ ભોળાનાથ સારાભાઈ દિવેટિયા; ૬ મહેતાજી ગણપતરામ રાજારામ; ૭ શેઠ વલ્લભદાસ પોપટ; ૮ કેશવરામ હરિરામ ભટ્ટ; ૯ રણછોડ મગુરામ; ૧૦ ઓઝા લલ્લુભાઈ કાલિદાસ; ૧૧ કવિ મધુવછરામ બળવછરામ; ૧૨ વિજયાશંકર કેશવરામ ત્રિવેદી; ૧૩ કવિ મહાસુખરામ નરભેરામ; ૧૪ કવિ ખુશાખીરામ ચકુભાઈ.

કવિ હીરાચંદ કાનજી સ્વતંત્ર મિજાજના કવિ છે. એમની કવિતામાં તત્કાલીન કવિ તથા કવિતા સામે આક્રોશ દેખાય છે. 'મિથ્યાભિમાન-ખંડન' (ઈ. ૧૮૫૯) તેમનું નોંધપાત્ર પુસ્તક છે. કવિ સુંદરમે તેમના નામે ઘણાં પુસ્તકો હોવાનું નોંધ્યું છે. એમાં ગદ્યનાં કયાં અને પદ્યનાં કયાં તે અંગે માહિતી ઉપલબ્ધ નથી. 'મિથ્યાભિમાન-ખંડન'માં તેમણે નર્મદની કાવ્યાભાસી રચનાની ઠેકડી ઉડાવી છે:

> અ રે રે રે હાય હાય ઠેકાણે ઠેકાણે ગાય,
> એવી શું કવિતા થાય, અં અં અ: અ: શું ભણાય...

તત્કાલીન કવિઓ સામેનો તેમનો કટાક્ષ નીચેની પંક્તિઓમાં પ્રકટ થાય છે:

> બહુ ગુર્જરીના કવી શબ્દ મડે, લઈ દેવ ભાષા પણું શાક્ત ખંડે;
> ન તેથી ઘણા માણસો અર્થ કડે, ખરી નામ પોતાનું સ્થા કાજ બડે;
> ઘણા માસ્તરો અસ્તરો લે ફરે છે, ગુણી ગુર્જરી ભાડવાનું કરે છે;
> કવી લૈ પળી પાશ પોશ ભરે છે, જુઓ સાર કેવું પછી નીસરે છે.'

સુંદરમે નોંધ્યું છે તેમ: 'તેની કવિતાની પદ્ધતિ દલપત-નર્મદથી તદ્દન જુદી છે. તેનામાં કવિતાની કોઈ ખાસ દૃષ્ટિ નથી, પણ તેની ભાષા છંદો તથા લેખનરીતિમાં અનોખું વ્યક્તિત્વ છે.' (અર્વાચીન કવિતા, આવૃત્તિ ૧લી, ઈ. ૧૯૪૬. પૃ. ૫૨).

કવિ હીરાચંદે વ્રજભાષામાં 'પિંગળદર્શન' રચ્યું છે. તેમાં ઉદાહરણ સહિત ગુજરાતી ટીકાઓ પણ આપી છે. તદુપરાંત કવિઓને પ્રાસ મેળવવામાં સહાયભૂત થવા માટે તેણે 'કોશાવલિ' નામે શબ્દકોશ પણ બહાર પાડયો છે. નર્મદની પણ પૂર્વેનો ગુજરાતી ભાષામાં રચાયેલો આ પ્રથમ શબ્દકોશ છે. તેમનાં 'ગાયનશતક' ભાગ ત્રણ (૧૮૬૩–૬૫), 'કુમારબોધ', 'કુમારિકાબોધ' (૧૮૬૩) ઈત્યાદિ કાવ્યપુસ્તકો નીતિબોધ કરનારાં અને સુધારાલક્ષી છે. 'ગાયનશતક' જેવા પુસ્તકમાં પ્રેમ-વિરહની ઊર્મિકવિતા છે.

હરગોવનદાસ કાંટાવાળાનાં બે કાવ્ય-પુસ્તકો 'પાણીપત અથવા કુરુક્ષેત્ર' (૧૮૬૭) અને 'વિશ્વની વિચિત્રતા' ધ્યાનપાત્ર છે. આ સમય-ગાળામાં ઇતિહાસની ઘટનાઓને તેમજ ભૂગોળને પણ કવિતામાં ઉતારવાની એક પ્રણાલી જણાય છે. અનેક કવિઓએ આ કસબ અજમાવ્યો છે, તેમાં મોટે ભાગે હિંદુઓની દુર્દશા અથવા કંઈક બોધપાઠ પ્રગટ થયો હોય છે.

પાણીપત વિશેના કાવ્યમાં હિંદુઓની સંકુચિત મનોદશા તેમ જ તેમના કુસંપ માટે કવિ ધિક્કાર દર્શાવે છે. ક્યાંક તેમનો કટાક્ષ તીવ્ર બને છે. રજપૂતોની અફીણિયાવૃત્તિ વિશેની પંક્તિઓ એ રીતે નોંધપાત્ર છે:

> કાળિ ઘોડિ જે અમલ કહાવે સ્વાર થવાને હવે રહી,
> ખાય બગાસાં ખરે હણહણે વખતસરે જો મળે નહિ!
> તંબાકુ તે ગોળિ સમજીએ ગડગડ બોલે થાય અવાજ!
> પલંગ રણ પર કરે લઢાઈ ધૂણી મોટેગોટ જણાય.
> ખુલ્લી રણમાં પડી ગાળિયે શોર્ય થયું દીસે ઘાયલ!
> માથું રે' ધડ પર ચોંટયું પણ પડે પાઘડું ડક હેઠળ!

'વિશ્વની વિચિત્રતા'માં ધાર્મિક સામાજિક વિષયો પર કટાક્ષ છે, પણ તેમાં કશી વેધકતા નથી.

શિવલાલ ધનેશ્વર (ઈ. ૧૮૫૦ થી ૧૮૯૯) તેમની રમણીય કલ્પનાશક્તિથી દલપત-નર્મદ યુગના કવિઓમાં ધ્યાન ખેંચી રહે છે. કવિ હીરાચંદ કાનજી પછીના આ બીજા શક્તિશાળી કવિ ગણાય. તેમની કવિતામાં વર્ણનોની રમણીયતા ને અલંકારોની ચારુતા આકર્ષક બની રહે છે. આ કવિએ શિક્ષકના વ્યવસાયથી જીવનની કારકિર્દી શરૂ કરેલી.

નાનપણથી એમને કવિતા ગાવા-વાંચવાનો નાદ લાગેલો. પ્રેમાનંદનાં આખ્યાનો તેમને મુખેથી સાંભળવા રસિકજનો આતુર રહેતા. તેમણે સંસ્કૃત, મરાઠી તેમ જ વ્રજ ભાષાનો પણ ઠીક ઠીક અભ્યાસ કરી લીધો હતો. એમનું 'પ્રસ્તાવિક કાવ્ય' એમના શિક્ષકના વ્યવસાય દરમિયાન પ્રગટ થયેલું (૧૮૭૧). 'પ્રસ્તાવિક કાવ્ય' નામનું સામયિક કાઢવાના પણ તેમના મનોરથ હતા. તેમણે તુલસીકૃત 'રામાયણ'નો સમર્થ પદ્યાનુવાદ (ઈ. ૧૮૭૫) કરીને વિવેચક નવલરામની પણ પ્રશંસા પ્રાપ્ત કરી હતી. સંસ્કૃતમાંથી તેમણે 'મેઘદૂત'નો પણ અનુવાદ પ્રકટ કર્યો (ઈ. ૧૮૯૮). 'રામાયણ'ના અનુવાદે તેમને માટે કચ્છના રાજવીને ત્યાં નોકરીની તક ઊભી કરી આપી. કચ્છના મહારાજા સાથે તે ઇંગ્લૅન્ડ તથા અન્ય દેશોનો પ્રવાસ પણ કરી આવ્યા. કચ્છના રાજાના વિવાહ પ્રસંગનું પુસ્તક 'કચ્છ ભૂપતિ વિવાહ-વર્ણન' નામથી (ઈ. ૧૮૮૫)માં તેમણે પ્રગટ કર્યું. એ પછી કચ્છના મહારાજા સાથે કચ્છથી મહાબળેશ્વર સુધી ખેડેલા પ્રવાસને તેમણે 'પ્રવાસ વર્ણન' રૂપે રજૂ કર્યો (૧૮૮૬).

કવિ શિવલાલની આરંભની કૃતિ 'પ્રસ્તાવિક કાવ્ય'માં ઈશ્વરભક્તિનાં પદ, લક્ષ્મણ વિરહનું એક દીર્ઘ કાવ્ય અને થોડીક પ્રાસંગિક રચના છે. ઈશ્વરભક્તિના પદમાં મધ્યકાલીન કવિતામાં પ્રગટ થતી જીવ અને જગતની નશ્વરતા વિશેની વાત છે. તેમ છતાં ક્યાંકક્યાંક કવિની શક્તિનો ચમત્કાર વરતાય છે. જેમ કે :

> મોહ્યો તું તો મનમધુકર રે, પ્રપંચનાં પંકજ પેખી,
> પ્રભુપદ પંકજ અજર ઊંધા તે શું નાખ્યા ઉવેખી.

'શિવસ્તુતિ'માં શિવનું ચિત્ર પણ એમની વર્ણનશક્તિના સારા ઉદાહરણ રૂપ છે :

> સુખાસીનં પલાંઠિ વાળિ અર્ધાંગ ગૌરી ગમે,
> ષડાનન ગણાધિનાથ ચઢિ યુગ્મ ખોળે રમે;
> ઉષા ઉભય મધ્યે શોભિતિ પ્રહર્ષ કલ્લોલિની,
> વિલોકતિ જટા વિષે વસિ સહર્ષ મંદાકિની,
> અર્ધાંગે હિમિયાજી રે જટામાં છે જાહ્નવી રે,
> શશી ઝળહળતો આપ લલાટ
> કોટે રૂંઢમાળા રે પાણીમાં પીનાક છે રે,
> કપુરવર્ણો અંગ તણો ખન્ય ઘાટ.

સંસ્કૃત ગિરાની પ્રૌઢી આ પંક્તિઓમાં યોગ્ય રીતે ઊતરી શકી છે.

'પ્રવાસવર્ણન'માં કવિએ કેટલાંક સ્થળોનાં વર્ણનમાં સારી કલ્પનાશક્તિ દાખવી છે. દૂરથી દેખાતા ભુજના ભુરજનું તેમણે ઉત્પ્રેક્ષાયુક્ત કરેલું વર્ણન રમ્ય છે :

> જાણે સહસ્રમુખ શેષ શુભ, વળિ ગુંચળું વિરાજતો;
> ભુજને ભોગાવતી સમ ગણી, રક્ષણ કરતો ભાસતો.

કોઈ કોઈ વાર દલપતરામની જેમ તે શબ્દચાતુરી દાખવવા પ્રયત્ન કરે છે. શરાબની મહેફિલ માણતા અંગ્રેજોના વર્ણનમાં—

> શાસ્પિનને ઉર કંપ થાય જવ ચતુર ચાંપી ગ્રહે છે;
> લે કર જવ લીકર તવ લપડે, કલબલ વાત કહે છે.
> વાઈન અંગે તે પણ લેતા, વાઈન ચાંપી વિશેષે,
> ભાષણ થાય ભલાં તે સમયે અતિ ખુશીના આવેશે.

'કચ્છ ભૂપતિ વિવાહવર્ણન'નાં વિવેચક નવલરામે સારી રીતે વખાણ કર્યાં છે, પરંતુ સમગ્રપણે જોતાં આ કાવ્ય વ્યક્તિપ્રશસ્તિનું ને કલ્પનાના ખાસ તેજ વિનાનું બની રહે છે.

કવિએ કરેલાં ભાષાંતરોમાં 'રામાયણ', 'કાવ્યકલાપ' અને 'મેઘદૂત' છે. ડૉ. ધર્મેન્દ્ર માસ્તરે કવિનું 'મહાભારત'નું અપ્રગટ ભાષાંતર હતું તે ઈ. ૧૯૮૦માં પ્રગટ કર્યું છે. અલબત્ત કવિની એ અપૂર્ણ કૃતિ છે. 'વિરાટ પર્વ'નો જ ખંડ કવિ ઉતારી શક્યા. (કવિ શિવલાલ ધનેશ્વર– પ્રો. ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર.)

'રામાયણ'ના ભાષાંતરે તેમને લોકપ્રિય બનાવી મૂક્યા. એ કૃતિની એ જમાનામાં પણ સાત રૂપિયા કિંમત હોવા છતાં તેની પંદરસો નકલ ચપોચપ ઊપડી ગઈ એ તેની લોકપ્રિયતા સૂચવે છે. અત્યાર સુધી માત્ર વ્રજભાષાનાં જાણકારો 'રામાયણ'નો આસ્વાદ માણી શકતા હતા. કવિએ વ્રજભાષા નહિ જાણનારા વ્યાપક ગુજરાતી સમાજને તુલસીકૃત રામાયણ ગુજરાતી ભાષામાં સુલભ કરી આપ્યું.

'કાવ્યકલાપ' એ કવિ હીરાચંદ કાનજીના સંસ્કૃત 'કાવ્યકલાપ'નું ભાષાન્તર છે. 'મેઘદૂત' એ તેમની અંતિમ કૃતિ છે. કવિએ તેમાં મૂળ કૃતિનો મંદાક્રાન્તા ત્યજીને પૂર્વ મેઘમાં પૃથ્વી અને ઉત્તર મેઘમાં સ્રગ્ધરાની અજમાયશ કરી છે. સુંદરમે આ અંગે નોંધ્યું છે કે 'છંદ બદલાવા છતાં વિષયનો વેગ જળવાઈ રહ્યો છે. અને સંસ્કૃત જેવી રમણીયતા આવી શકી છે.' (એજન, પૃ. ૫૮.)

કવિ શિવલાલની સમગ્ર કાવ્યપ્રવૃત્તિનું અવલોકન કરતાં દલપત–નર્મદ યુગના એક ઊંચું કલ્પનાબળ દાખવતા કવિ તરીકેની છાપ પડે છે. સંસ્કૃત ભાષાની રમણીયતા, મનોહર અલંકારોનું આયોજન, ચિત્રાત્મકતા ઇત્યાદિ તેમની કવિતાના તરી આવતા ગુણો છે.

નવલરામનું નામ કવિતા સાથે ખાસ સંકળાયેલું નથી, જો કે તેમની સાહિત્યિક કારકિર્દીનો આરંભ લાઈબલ કેસની સુદીર્ઘ કવિતાથી થયો હતો. એ રચના નવલરામે પછી પ્રકાશિત કરી જ નહિ. નવલરામના જીવનમાં ત્રીસેક વર્ષની વયે પ્રેમનાં આકર્ષણ અને તેમાંથી મંથનકાળ આવ્યો. એ મંથનકાળનું પ્રતિબિંબ તેમની કવિતામાં દેખાય છે. છેવટે એ નિશ્ચયપૂર્વક તેમાંથી સફળ થઇને બહાર આવે છે.

> જા શંકરશત્રુ રે। કોપ તું। દુઃખ દે તુજથી જે દેવાય;
> વાપે આપે રસ મીઠડો, આંબા આંબલી નવ થાય.

આરંભકાળની આ કવિતામાં દૈવત નથી. પણ તેમણે સુધારા વિષે લખેલી કેટલીક ગરબીઓ તેમાંનાં કટાક્ષને કારણે તેમ જ કજોડાંનાં વિનોદી ચિત્રોને કારણે આસ્વાદ્ય બની છે :

> મારો પરણ્યો મોટી પાઘડી નાને માથે ઘાલે રે,
> ઊંચી એડીના જોડા પહેરી છાતી કાઢી ચાલે રે.
> જોજે પગ અમળાઈ ન જાયે, હાથ પકડ જા દોડી રે,
> મારો પરણ્યો અક્કડફક્કડ, કામનિઓનો કોડી રે.

એમની કવિતા 'બાળલગ્ન બત્રીશી' (૧૮૭૫) અને 'બાળ ગરબાવળી' (૧૮૭૭)માં સંગૃહીત થઈ છે. એમની ગરબીઓ વિષે નરસિંહરાવે 'મનોમુકુર' ભાગ-૧માં (પૃ. ૩૦૪) આપેલો અભિપ્રાય સુંદરમે 'અર્વાચીન કવિતા'માં ટાંક્યો છે. 'આ સુંદર ગરબીઓ બાળકીઓને અર્થે રચેલી છે છતાં એમાં નવલરામનું કવિત્વ, રસિકતા, શૈલીની સુઘટ સુંદરતા, જનસમુદાય અને વિશેષ લોકોના સ્વભાવાદિકનું સંક્ષિપ્ત શૈલીમાં આલેખન, એમની દેશપ્રીતિ, ધાર્મિકતા ઈત્યાદિ અનેક લક્ષણોનું સચોટ દર્શન થાય છે.' (અર્વાચીન કવિતા, પૃ. ૫૯ની પાદટીપ.) નવલરામનું 'મેઘદૂત'નું ભાષાંતર ઈ. ૧૮૭૧માં પ્રગટ થયું હતું.

ભોળાનાથ સારાભાઇએ અમદાવાદમાં સ્થપાએલા પ્રાર્થના સમાજમાં ગાવા માટે ભક્તિકાવ્યોપદો રચેલાં તે 'ઈશ્વર પ્રાર્થનામાળા'માં રજૂ થયાં છે. એમાં ત્રીસ દિવસ માટેના ત્રીસ અંકો છે. છેલ્લા બે ૨૯ અને ૩૦ અંકો નરસિંહરાવના રચેલા છે. ભોળાનાથ સારાભાઈની કવિતા નિરાકાર પ્રભુની ઉપાસનાની કવિતા છે. કવિ સુંદરમે નોંધ્યું છે તેમ, 'ભોળાનાથનાં કાવ્યોનું વિશિષ્ટ સ્થાન સંસ્કૃતના વિશેષ સંપર્કવાળી તેમની ભાષાને લીધે, હિંદી તથા અભંગ જેવા છંદોના પ્રયોગને લીધે તથા બ્રહ્મોસમાજની વિચારસરણીના આંશિક સ્વીકારમાંથી જન્મેલી પ્રાર્થનાસમાજની તત્ત્વદૃષ્ટિને કાવ્યનો વિષય કરવાને લીધે છે.' (એજન, પૃ. ૭૧.)

એમની કવિતામાં મનોરમ સંસ્કૃતમય ગુજરાતીમાં ભાવો અને વિચારોનું નિરૂપણ આકર્ષક લાગે તો પણ એમાં કોઈ વિચારની કે ભાવની ખાસ ચમત્કારકતા વરતાતી નથી.

ગણપતરામ રાજારામ ભટ્ટ (૧૮૪૮–૧૯૨૦) ભરૂચ જિલ્લાની નિશાળમાં મહેતાજી તરીકે જાણીતા હતા. 'બાળલગ્નનો નિષેધ' (૧૮૭૭), 'બાળલગ્નથી થતી હાનિ' (૧૮૮૯) એ બે નાનકડાં પુસ્તકોમાં બાળલગ્નના અનિષ્ટ વિશે કવિતા છે. પહેલી પુસ્તિકાની એ જમાનામાં ચાર પાઈની કિંમત નોંધી છે. સુધારાના પ્રચારનો જ મુખ્ય હેતુ આ બંને પુસ્તકોના પ્રકાશન પાછળ સ્પષ્ટ છે. ગણપતરામ દલપતરામને પગલે ચાલ્યા છે. પણ તેમનામાં કલ્પનાબળ નથી. પણ કેટલીક વાર પોતાના વક્તવ્ય માટે તે દૃષ્ટાંત સારાં શોધી શકે છે. જેમ કે :

લઘુવયમાં પરણેલો બાળક, રે રે દીસે કેવો?
વીસ વર્ષમાં કોલમાંથી સાંઠો કાઢ્યાના જેવો!

પહેલી પુસ્તિકા નાનકડો પદ્યનિબંધ છે. બીજા પુસ્તકમાં સરસ્વતી અને ગુણવંતની પદ્યકથા દ્વારા બાળલગ્નના અનિષ્ટ પર પ્રકાશ નાખ્યો છે. કથાપ્રચારાત્મક અને રસવિવેકહીન છે.

એમણે લઘુભારત પાંચ ભાગમાં લખ્યું છે, (૧૮૯૬, ૧૯૦૦, ૧૯૦૩, ૧૯૦૭, ૧૯૦૯) પણ એમાં ખાસ કશી આકર્ષકતા નથી. દલપતરામે ભલે એમને માટે સોનાના અક્ષરે કવિપદ કોતરાય તેવી અભિલાષા પ્રગટ કરી હોય, ભલે તેમનામાં પોતાનું સ્થાન જાળવનાર કવિ જોયો હોય, ગણપતરામમાં કવિત્વ શક્તિ અલ્પ છે. એમનું કંઈક નોંધપાત્ર ગણાય તેવું પુસ્તક 'ભરૂચ જિલ્લાના કેળવણી ખાતાનો ઇતિહાસ' (૧૮૭૭) છે. આ સમયગાળામાં દેશના કે પ્રાંતના ઇતિહાસની ઘટનાઓ પદ્યમાં આલેખવી, સંસ્કૃત કાવ્યોનાં ગુજરાતીમાં ભાષાન્તર કરવાં ને તત્કલીન સામાજિક અનિષ્ટો પર કલમ ચલાવવી એ જાણે કે અનેક કવિઓની મનપસંદ પ્રવૃત્તિ હતી.

ભરૂચ વિભાગના એક શિક્ષણાધિકારી ગોપાળજી ગુલાબભાઈએ મહેતાજીની 'કવિતાના કંઈક કટકા' જોયા ને તેમણે સતત પાછળ પડીને તેમની પાસે એ ઇતિહાસનું પુસ્તક લખાવ્યું : એ પુસ્તક માત્ર શુષ્ક ઇતિહાસ નથી. કવિ સુંદરમે યોગ્ય જ કહ્યું છે : 'તે માત્ર કેળવણી ખાતાનો ઇતિહાસ જ નથી, પણ ગુજરાતની પ્રારંભની અવસ્થામાંના સમાજજીવનનું એક રસિક બયાન છે......કવિ કેટલીક સુંદર કલ્પનાઓ પણ કરી શક્યા છે.' (અર્વાચીન કવિતા ઈ. ૧૯૪૬. પૃ. ૬૪) નર્મદા વિશે તેમનો ભક્તિભાવ નીચેની પંક્તિઓમાં સ-રસ વ્યક્ત થયો છે :

ગંગાથી મરવા ગુણ વખ્યા રે અમૃતે, શિવ સ્પર્શને!
જાન્હવી મુક્તી સ્નાનથી દે પણ તું તો નિજ દર્શને.
જન કથે તુજ કંકર બધાંને નામ શંકરનું અહીં,
શંકર તણી શુભ મે'ર તુજપર, તેહમાં બાકી નહીં!

ગુજરાતમાં હોપની વાચનમાળા એક સમયે ખૂબ જાણીતી હતી. હોપના આગમન પૂર્વે કેળવણી વ્યાવહારિક નહોતી, માત્ર પુસ્તકિયા હતી. એવી કેળવણી લેનાર વેદિયા વિજયાનંદની મૂર્ખામીની વિનોદીકથા કવિએ વર્ણવીને હોપની વ્યાવહારિક કેળવણીનો મહિમા કર્યો છે. કવિએ ઇતિહાસને રસિક કથાનકો દ્વારા આકર્ષક બનાવ્યો છે. ગુજરાતમાં કેળવણીનો ઇતિહાસ સમજવા માટે આ પુસ્તકમાં સારી એવી સામગ્રી છે.

શેઠ વલ્લભદાસ પોપટના 'સુબોધ ચિંતામણી' (ઈ. ૧૮૮૨) પુસ્તકનું નવલરામે કમળકાથી ને વિગતવાર વિવેચન કરીને તેમના પર કવિત્વની મહોર મારી દીધી હતી. એમનું પ્રથમ કાવ્ય પુસ્તક 'મહેશ્વર વિરહ' (૧૮૮૦) એમના ગુરુ શંકરલાલ મહેશ્વરને અંજલિ રૂપે રચાયું છે. એમાં 'ફાર્બસ વિરહ'નું સ્મરણ થાય તેવા મનહર છંદમા ઉદ્ગારો છે. પરંતુ ઊર્મિ અકૃત્રિમ રૂપે પ્રગટતી નથી.

'સુબોધ ચિંતામણિ' (૧૮૮૨)માં કવિની સુધારાની ધગશ પ્રગટ થઈ છે. નવલરામે નોંધ્યું છે તેમ : 'એ ગ્રંથ ખરેખરું કહીએ તો કટ્ટરતા સુધારાનો, હરિયાપાડના સુધારાનો કેવળ ઉચ્છેદક સુધારાનો છે. એમાં સુબોધ ચિંતામણિ એ નામ સિવાય બીજું કાંઈ પણ જૂનું સ્વીકાર્યું નથી...' (નવલ ગ્રંથાવલિ-તારણ, પુનર્મુદ્રણ, ૧૯૬૬, પૃ. ૫૭)

કવિના ઉદ્ગારો વારંવાર કઠોર ને રુક્ષ બને છે, તેમ સુધારાની મનોવૃત્તિમાં તે નર્મદને પણ એકકોરે બિસાડે તેવા છે. કાવ્યના મુખપૃષ્ઠ ઉપર જ કવિએ પોતાના સ્વતંત્ર મિજાજી વ્યક્તિત્વને છતી કરતી પંક્તિ મૂકી છે :

'કલ્યાણકર્તા કવિનો તમાચો, શચો મુખે ખાઈ સદૈવ સાચો'

એમની કેટલીક પંક્તિઓ નર્મદની જોસ્સાદાર પંક્તિઓનું સહેજે સ્મરણ કરાવે છે. જેમ કે :

ઊભાં થાય રૂંવાડાં એવો વાય જુઓ વાવડો;
હાથ ચલાવો હે શૂરવીરો જીતસમય ઢૂકડો.

અને

ઊઠો વીર બળવંતા બંકા રે, નગારે ઘા દઈ દો ડંકા.

એમની કજોડાંની ગરબીઓ નવલરામની ગરબીઓનું સ્મરણ કરાવે છે. તત્કાલીન સામાજિક અનિષ્ટોને તેમણે વીણીવીણીને ઝાડ્યાં છે. કવિ પોતાની રચનાઓને 'ચાબખા' તરીકે ઓળખાવે છે કવિમાં અહંભાવ ઘણો છે ને એમનો જુસ્સો અનેકવાર ગ્રામ્યરૂપે પ્રગટ થાય છે. એ કવિનું 'દષ્ટિ ચિંતામણિ' સામાન્ય કક્ષાનું પુસ્તક છે.

કેશવરામ હરિરામ ભટ્ટનું નામ એમની 'કેશવકૃતિ' (બીજી આવૃત્તિ, ૧૯૦૯)માંનાં કેટલાંક ભક્તિપદોને કારણે જાણીતું બન્યું છે. સામાજિક વિષય પર પણ તેમની કટાક્ષવૃત્તિ પ્રગટ કરતાં થોડાંક કાવ્યો જાણીતા છે તેમાં :

હાય હાય રે હિંદુપણું જાય હાલ્યું, બૂટ પાટલૂને ઘર ઘાલ્યું રે
એ પંક્તિથી શરૂ થતું કાવ્ય સારું બન્યું છે.

એમનાં ભક્તિકાવ્યો ભોળાનાથનાં કેટલાંક પદોનું સ્મરણ કરાવે છે. બંનેમાં એક પ્રકારની ભક્તમાં જોવા મળતી દીન વૃત્તિ છે. તેમ છતાં ભોળાનાથનાં પદોમાં થોડો વિચારભાર વરતાય છે. 'કેશવકૃતિ'માં ઊર્મિનું તત્ત્વ આકર્ષે છે. એમનાં પદોમાં લાવણ્ય પણ સવિશેષ છે :

મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે.

એ પદમાં તેમના અંતરની આર્દ્રતાનો સ્પર્શ થાય છે.

'માયાનો મહિમા' પદમાં એમની અવળવાણી દ્વારા ભાવ પ્રકટ કરવાની રીત નોંધપાત્ર બને છે :

જલમાં મીન મરે છે તરસ્યું, વેલ બળી ગઈ વાડ.
શિયાળે સાવજને માર્યો, ક્યાં જઈ કરીએ રાડ?
સંસારતણી વાતો રે, અટપટી આમ છે.

'સ્વભાવ ટળતો નથી તે વિશે'ના તેમના કેટલાક દુહા પણ સચોટ ને દૃષ્ટાંતસભર છે

કવિ રણછોડ ગલુરામનાં પાંચ પુસ્તકો અને એક સંપાદન સુંદરમે નોંધ્યાં છે. એ પુસ્તકોમાં 'રેલનો ભયંકર ખેલ' (૧૮૭૫) પ્રાસંગિક ઘટના પર રચાયેલું છે. વર્ણનોની સુરેખતા અને વિગતોની ચસંદગીને કારણે તે નોંધપાત્ર બન્યું છે. કટાવ છંદમાં રચાયેલાં આ પુસ્તકમાં કવિએ તે છંદ વિશે કરેલી રસિક નોંધનો ઉતારો સુંદરમની 'અર્વાચીન કવિતા'માંથી અત્રે ઉતાર્યો છે—'આ છંદ રેલવે ગાડીની પેઠે ઝપાટાબંધ વાંચ્યા જવો અને જેમ ગાડી સ્ટેશને સ્ટેશને થોડી થોડી વારે થોભે છે તેમ આ છંદને વાંચતાંવાંચતાં પણ દમ ભરાઈ જાય તો ત્યાં પાસેના પ્રાસ ઉપર જરા અટકીને પછી આગળ ચાલવું'. (પૃ. ૮૦).

કવિનું ખાસ નોંધપાત્ર પુસ્તક 'કાવ્યસુધા' (૧૮૯૬) છે. કવિ

દલપતરામના સત્સંગથી પોતાની કવિતાને લાભ મળ્યો હોવાની નોંધ તેમણે પ્રસ્તાવનામાં કરી છે. આ કૃતિમાં સાતેક પદ્યવાર્તા શામળની વાર્તામાં પ્રતીત થતાં લક્ષણો સમસ્યા, અર્થચાતુર્ય વર્ણનસગાઈ આ વાર્તાઓમાં પણ દેખાય છે. કવિની કથનશૈલી રસિક છે. પહેલી કથા 'ઘરાણાં નિષેધક'માં ઘરેણાં પહેરવાથી કોઈકવાર બાળકના બિહાલ થાય છે તે કથા દ્વારા કવિએ દર્શાવ્યું છે. કવિએ સમાજ-સુધારાનું સીધું પ્રયોજન તાક્યું નથી, તેમ છતાં વ્યવહાર નીતિબોધ અને મનોરંજકતા જેમ શામળમાં તેમ આ કવિમાં પણ વાચકને સહેજે મળી રહે છે. શામળની વાર્તાઓમાં આવે છે તેમ વાર્તાનાં નાયક-નાયિકાની મુલાકાત પણ કવિ ગોઠવે છે. તેમની વચ્ચે સમસ્યાબાજી ચાલે છે. 'સીતા સ્વયંવર'ની કથામાં સીતાની સાથે બગીચામાં રામલક્ષ્મણની મુલાકાત યોજાય છે. અને સીતા આત્મપરિચય આપતાં કહે છે:

> જ્યારે નિશાળે હું જતી રે, દેતા ગુરુજી બોધ;
> ભામિનીને ભણવા વિશે, કયા શાસ્ત્રમાં દીસે ન રોધ—
> રોધ બતાવે રોબડ લોક, બોલ્યું તેઓનું ગણિયે ફોક
> ગુરુની શીખ માની સપ્રેમ, વિદ્યા ભણી હું તજીને વહેમ.

અર્વાચીન યુગની કન્યાશાળાની વાત વણી લેવામાં કવિને ઇતિહાસ-દોષ નડતો નથી.

શામળની વાર્તામાં ઘટના પર જ ઝોક છે. પાત્રનાં મંથનો કે એમની લાગણીઓને નિરૂપવાનું તેને ઇષ્ટ લાગતું નથી. આ કવિ એ રીતે શામળ કરતાં થોડાક આગળ જાય છે. જનકના દરબારમાં રાજાઓ શિવધનુષ્ય તોડી શકતા નથી ત્યારે જનકની રાજાઓ પ્રત્યે ધિક્કાર ને ઉપહાસની વૃત્તિ કવિએ સરસ વર્ણવી છે. એ જ રીતે રામ ધનુષ ઉઠાવવા તત્પર બને છે તે સમયે સીતાના ચિત્તની આશંકા મૂંઝવણ વગેરેનું વર્ણન પણ રસપ્રદ છે. કવિને ઝટઝટ કથા કહી નાખવાની ઉતાવળ નથી. એ પાત્રોના વ્યક્તિત્વને પ્રકાશિત કરવા તરફ પણ ધ્યાન આપે છે.

'સરસ્વતી ચરિત્ર'માં મંડનમિશ્ર, તેની પત્ની સરસ્વતી અને શંકરાચાર્યની પ્રસિદ્ધ કથા કવિએ પોતાની રીતે પણ સરસ વર્ણવી છે. શંકરાચાર્ય ને સરસ્વતી વચ્ચેના વાદવિવાદવાળો ખંડ આસ્વાદ્ય બન્યો છે. એમની સાતે ય પદ્યકથાઓ કવિની કુશળ વાર્તાકાર તરીકેની પ્રતીતિ જગાવે છે.

રણછોડ કવિએ આઠમા ખંડમાં વિવિધ વિષયો પર રચના કરી છે. તેમાં મુખ્યત્વે નીતિબોધ છે. કેટલીકવાર દલપતરામની જેમ કાવ્યકથા રૂપે નીતિબોધ પ્રગટ કર્યો છે. અલબત્ત, દલપતરામમાં છે તેવી ચોટ એમનાં કાવ્ય-કથાનકોમાં આવતી નથી. આ ખંડમાં તેમનાં બે કાવ્યો તેમની કવિત્વ શક્તિનાં સારા ઉદાહરણરૂપે છે. 'માતૃવિયોગ' આઠ શ્લોકોનું પણ કવિની ઊર્મિની સચ્ચાઇનો રણકો પ્રગટ કરતું સુંદર કરુણ પ્રશસ્તિરૂપ કાવ્ય છે. સ્વર્ગે સંચરેલી માતાને કવિ હૃદયસ્પર્શી વાણીમાં ઉપાલંભ આપે છે—

> એક ઘડી અળગો કરતી નહિં કેમ હવે અળગી હઠિ માંડિ,
> સૂત વિના સુખ માણતિ ના પળ, કેમ તહાં તું નિભાવીશ દાડિ;
> દેવ અધીરિ હતી પણ ત્યાં જઈ, દેવ શું ધીર ધરયા તણી પાડી,
> સ્વર્ગ વિષે સુરવર્ગ મહીં વસિ, પુત્ર વિસારિ દિયો શું પછાડી.

કવિ સુંદરમ્‌ને 'એ જમાનામાં આટલું સુંદર આત્મલક્ષી કાવ્ય એ કાળના કવિજગતના એક અસાધારણ ઘટના જેવું લાગે છે.(અર્વા૦ કવિતા, પૃ. ૮૧)

અમદાવાદની દાણાપીઠ પર પડેલી ધાડના પ્રસંગ પરથી કવિએ 'ફૂડિયાનો રાસડો' રચ્યો છે. એમાં કવિની ઘટનાને પ્રત્યક્ષ કરાવવાની શક્તિ ધ્યાન ખેંચી રહે છે. જેમ કે:

> ખેતર માંઈ વાવેતર ખાવા, તલપે તેતર તીડા;
> એમ જ લોકો લુટવા લાગ્યા, ભારે થઈ રહી ભીડ.
> જાણે અચાનક આવી પોહોંચી માર દેશની મારી.
> હાકી હોકારા હાકહાક કરતી, ઊચરતી ખાઉખાઉ.

ઓઝા લલ્લુભાઇ કાલીદાસ દલપતશૈલીના પુરસ્કર્તા છે. દોહરા પર તેમનો પ્રશસ્ય કાબૂ છે. 'લલ્લુ સતશઈ' (૧૮૯૨)માં તેમના સેંકડો દોહરા સંઘરાયા છે. એમાં 'પ્રેમબંધન'ના, ગુરુઓ વિશેના તથા પત્રના અધિપતિ વિશેના દોહરા ચોટદાર છે. ગુરુઓ અને અધિપતિ પરના કટાક્ષ સબળ છે:

> મા, બા, ભૂ પા શીખિને, ભોળી હોય નિશાળ;
> જાણે નહિ જરિ જોડણી, એવા અધિપતિ હાલ.
> ધંધો જ્યારે નવ મળે, ત્યારે ધારે ધંધ;
> કોરે આખા દેશને, આ જ અધીપતિ અંધ.

'પ્રસ્તાવીક'માં પણ કેટલાક સુંદર દોહરા છે. તેમની દૃષ્ટાન્તો યોજવાની સમર્થતા તેમાં વરતાય છે:

> પ્રીતિ નવ છાની રહે, સો કોટિ સંતાય;
> નિરખી નભમાં સુર્ય ત્યાં, પદ્મ પ્રફુલ્લિત થાય.
> લોભી પાસે લક્ષ્મિ જ્યમ, શંઢ પાસ સતિ નાર;
> વિવેકહિન પાસે વધે, વિદ્યા મળે ન સાર.

'કાવ્યકુસુમાકર' ભાગ ૧ (૧૯૦૬)માં તેમણે મનમોજથી શૃંગાર ગાયો છે. સુંદરમ્ એમાં બાલાશંકરની અસર કલ્પે છે:

> પદપંકજે પડયો પ્રિયા ગુલામ પ્રેમનો,
> રૂચ્યો ન પ્રેમ પંથ જગત નીતિ નેમનો.
> નિંદા સ્તુતી સમાન જ્યાં અપમાન માન ના,
> દિદારમાં દિલ્લદાર દીવાનો થઈ ભમ્યો.

'ગુજરાતી કાવ્ય રામાયણ' (૧૯૧૭)માં તેમણે રામાયણની કથા સંક્ષેપમાં પદ્ય રૂપે વર્ણવી છે. તેમની કથન શૈલી આકર્ષક છે. સોરઠા–સવૈયાનો તેમણે ઉચિત ઉપયોગ કર્યો છે. શબરી રામને એઠાં બોર ખવડાવે છે તેનું વર્ણન તેમની કળાના નમૂના રૂપે ટાંકી શકાય:

> ફળ ફોલિ રઘુવર હાથ દિયે શબરી, પ્રભુ લ્યો વળિ અન્ય લિયો;
> પ્રભુ આ બહુ મીઠું મધુર રૂડું. મુજ હાથનું નાથ જરૂર લિયો.

કવિ મધુવચ્છરામ બળવચ્છરામ હોરા વિશેષે કરીને એમના 'સુવાસિકા' કાવ્યથી ધ્યાન આકર્ષે છે. કાવ્ય-પ્રવૃત્તિ તે નર્મદરીતિને અનુસરીને આરંભે છે. પણ 'સુવાસિકા'માં તે નર્મદની જ નહિ, પણ તે યુગની અન્ય કવિત્વ રીતિ પણ ત્યજીને પંડિત યુગની શૈલીમાં પોતાનું કાવ્ય રચે છે. 'સુવાસિકા' કરુણ રસની છાંટવાળું રમણીય ખંડકાવ્ય છે. કુસુમ અને સુવાસિકા નામનાં બે કિશોર-કિશોરીના ખંડિત થયેલા પ્રેમની કથા કવિએ સળંગ ઇન્દ્રવજ્ર છંદમાં નિરૂપી છે. કથામાં કવિની વિચારધારાઓ વિક્ષેપ પાડે છે તેમ છતાં યુવા હૃદયની ભાવસૃષ્ટિનું પ્રથમવાર સુભગ દર્શન આ મનોરમ ખંડકાવ્યમાં થાય છે. કુસુમની દીર્ઘ સમયની અનુપસ્થિતિમાં સુવાસિકાને બીજા યુવાન સાથે પરણવાનું થાય છે. એની સ્થિતિ પ્રમાદધનને પરણેલી કુમુદ જેવી થાય છે:

> સ્વામી સું તેને નથિ સત્ય પ્રેમ, તે ધર્મના તો ય ચુકે ન નેમ.
> સ્વામી પ્રતી હેત સદાય રાખે, ને પુજ્ય તે દેવ સમાન લેખે.

કુસુમ અને સુવાસિકાની અંતિમ મુલાકાતમાં સુવાસિકાની હૃદયવેદનાને સરસ અભિવ્યક્તિ મળી છે. કુસુમ સંન્યાસી બની ગયો છે. તેનો વેશ જોઈને સુવાસિકા વ્યથિત બને છે:

> જોયો ન જાએ તુજ વેશ આવો, હું કાજ કુસુમ બન્યો તું બાવો.
> હું કૂર કેવી થઈ છું અજાણે, કો કષ્ટ એ કાળજાનું પિછાણે;
> તે પૂર્વનો પ્રેમ હજી તપે છે, રે નામ તારું જીવ આ જપે છે;
> કીધો ભૂંડો મેં અપરાધ તારો; દે જે ક્ષમા તું જિવનેશ મારો.

કુસુમના મૃત્યુનું ચિત્ર પણ કવિ શબને સ્થાને ફૂલોની ઢગલી દ્વારા ઇંગિત કરે છે. સુંદરમે આ મનહર કાવ્યને બિરદાવતાં લખ્યું છે: 'એ જમાનામાં આ પ્રકારનું પ્રણય-કથાનક કાવ્યમાં ગૂંથવું અને તે નવીન

શૈલીમાં, એ બંનેને લીધે આ કાવ્ય એક અગત્યનું સીમાચિહ્ન બને છે. (અર્વાચીન કવિતા, પૃ. ૧૧૭) 'સરસ્વતીચંદ્ર'ની કથાને પ્રેરણા આપનારાં બીજ આમાં હોઇ શકે ખરાં.

વિજયાશંકર કેશવરામ ત્રિવેદી. એમની 'વિજયવાણી' (૧૮૭૦)ને કારણે જાણીતા છે. ૧૮૮૨માં એ પુસ્તકની બીજી આવૃત્તિ થઈ હતી. સાડા ત્રણસો કરતાં ય વધુ પૃષ્ઠના આ દળદાર પુસ્તકમાં કુદરત, નીતિ, શૃંગાર એમ વિવિધ વિષયો પર કવિએ રચના કરી છે. પ્રસ્તાવનામાં કવિતા કોને કહેવાય તે અંગે પણ તેમણે પોતાનું મંતવ્ય રજૂ કર્યું છે; 'કવિતામાં રહેલી વ્યંગાર્થ ચમત્કૃતિ એ તેનો જીવ છે, ને એ ચમત્કૃતિ કવિતામાં ઘણેક પ્રસંગે માત્ર મશમ અણસારરૂપે રહેલી હોય છે. તે અણસારો, જે આંખ ઘણી જ તીક્ષ્ણ અને જાગ્રત હોય તેનાથી જ દેખાય છે.' કવિતા પદાર્થ વિશે તેમણે શેક્સપીઅરના 'મિડ સમર નાઈટ્સ ડ્રીમ' તેમ જ 'કુવલયાનંદ' ઇત્યાદિ અનેક પુસ્તકોમાંથી અવતરણો ટાંકી ઠીક ચર્ચા કરી છે. નર્મદ કે નવલરામની જેમ આ કવિએ પણ કવિતા વિશે સારી જાણકારી દર્શાવી છે. કવિતા વિશે તેમણે સ્તોત્ર-દોહરા પણ રચ્યા છે :

> ઉદ્દીપન કરિ અનુભવ, ભેદિ હૃદય દેતિ જ્ઞાન આનંદ;
> પૂર્ણ પ્રેમરસ પાતી, કવિતાદેવી તું ભક્તસુખકંદ.
> કવિતા હું તુજને કહું, અર્થ વર્ણની ખાણ;
> ચિત્ર દર્દ શૈલી જહાં, હોય ભરી રસ વાણ.

કવિતા વિશે એમની સૂઝ આદરપાત્ર છે. નર્મદની જેમ આ કવિ પણ સ્વતંત્રતા વિશે સભાન છે :

> કદાપિ પશ્ચિમે રવી ઊગ્યો પ્રભાત ના જડે;
> વિના સ્વતંત્રતા ન તો કદિ સુખ સાચું સાંપડે.

નર્મદની જેમ કેટલીક વાર પીડિત આર્ય પ્રજા વિષે તેમની બળતરા સચોટ રીતે પ્રગટ થાય છે. કોઈ વાર આ કવિ આવેશમાં આવી નર્મદની જેમ જ પોકારી ઊઠે છે :

> જંગ વાત ત્યાં શાનિ, માર્ઈકાંકલિ જ્યાં સૃષ્ટિ,
> પુરુષો દિસે જનાનિ દીર્ઘ ત્યાં કેવી દૃષ્ટિ?

'વિજયવાણી'માં કેટલાક દોહરા પણ તેમાંના વિચારની સચોટતાને કારણે આકર્ષક બન્યા છે. 'ચિંતા વિષે' :

> ચિંતા થકી ચિંતા વડી, અધિક એક અનુસ્વાર;
> ભક્ષ ચિતાનો માત્ર શબ, ચિંતાનો સંસાર.

'કવિતાના ધંધા' વિષે—

> કવિતા હે પારસમની, કિમિયાગર કબિજંન
> જિરિક બાત જો હી બુઝે, પાર ન પાવત અન્ય,

'તત્ત્વબોધ'—

> મન તજ મિથ્યા મામલો, ક્ષણભર ન રહે ખિન્ન;
> બ્રહ્મ સત્ય, મિથ્યા જગત, જીવ શીવ નવિ ભિન્ન!

દલપત શૈલીમાં તેમણે રસપ્રદ કવિતો પણ રચ્યાં છે. 'આગગાડી' :

> ખખડાટ ધમડાટ આ શો સંભળાય કાને,
> આંખે જોતાં આ શી સ્વર્ગ વૈમાન અંબાડી છે;
> મનમાં વિચારતાં તો માયા કો દૈત્યોની હોશે.
> એવી તીક્ષ્ણ બુદ્ધિ ઉપયોગમાં લગાડી છે;
> રામ-અવતાર થયો, કે આ શું છે સેતુ બાંધ્યો?
> ઊડે પૂંછ મારુતિ, કે મૂખે રીસ ધાડી છે!
> મનજીન કહે છે કે–તજો વ્હેમ, એ ન જીન,
> આગગાડી કહે છે કે–જોયું? આજ ગાંડી છે!

કવિનાં શૃંગાર રસનાં કાવ્યોમાં દયારામની ગરબીઓની અસર વરતાય છે. પણ દયારામમાં છે તેવાં લાલિત્ય, નજાકત તેમનામાં નથી. કવિએ વ્યંગ્યાર્થને કવિતાનો જીવ માન્યો, પણ એમની મોટા ભાગની કવિતા વ્યંગ્યાર્થ વિનાની છે. તેમ છતાં દલપત-નર્મદ યુગના એક નોંધપાત્ર ઉપકવિ તરીકે તેમનું સ્થાન છે.

કવિ મહાસુખરામ નરભેરામમાં કલ્પનાચાતુર્ય ઠીકઠીક છે. એમનું એક કાવ્ય 'દિપોત્સવી હર્ષ યા દિવાળી' (૧૮૯૫) તેમની ઉપર્યુક્ત શક્તિનું નિદર્શક છે. તેમનું 'પક્ષીસમાજ' પ્રજાજીવન પરની કટાક્ષભરી વિચારણાને કારણે જાણીતું છે. પક્ષીઓનાં પ્રવચનો દ્વારા માણસજાતની દાંભિકતા પર કટાક્ષ કરવામાં કવિ સફળ રહ્યા છે.

કવિ બુલાખીરામ ચકુભાઈનું મહત્ત્વનું પુસ્તક 'કાવ્યકૌસ્તુભ' છે (ઈ. ૧૮૮૪). એમાં 'કાવ્ય ચરચા શતક'માં તેમણે તેમના યુગની કવિતાની અને કવિઓની ઠીક ઝાટકણી કાઢી છે. કવિ તળપદીવાણીમાં કટાક્ષપૂર્વક કહે છે :

> કવિતાના કથનનું કારદ વિચારવું જે,
> એ તો નથી બાપતણો બાટી જવો લાડવો;
> રસ અલંકાર તણી રીતભાત જાણવી જે,
> કળા વિણ એ તો કાંઈ કાંદો નથી કા'ડવો.

કવિને દલપતરામની જેમ વર્ણાનુપ્રાસ–ઝડઝમક પ્રયોજવાનો ખૂબ શૉખ છે. પણ એકંદરે તેમનામાં ઝાઝું વિત્ત નથી.

પ્રભાશંકર શામળજીનો કાવ્યસંગ્રહ 'તુખમ તાશીર કે સોબત અસર' (૧૮૬૫) નામનો છે. એમાં શામળ ભટ્ટની રીતિએ 'સોબત તેવી અસર' દર્શાવતી નિઃસત્ત્વ પદ્યવાર્તા છે અને વિવિધ વિષયો પર રચનાઓ છે, તેમાં મહિનાઓ વિશેની તેમ જ કૃષ્ણ વિશેની ગરબીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત કવિ મનમોહનદાસ રણછોડદાસ ઝવેરી, શુકલ નથુરામ સુંદરજી, પૂજારી જટાશંકર અભેરામ, કવિ ભવાનીશંકર નરસિંહરામ, કવિ ગોવિંદ ગીલાભાઈ વગેરે કવિઓનાં નામ નિર્દેશપાત્ર છે. (પ્રકરણ ૬ઠ્ઠુ સંપૂર્ણ)

અનુસંધાન] બ્લડપ્રેશર [પૃષ્ઠ ૩૯૭થી

માંડ બે માળ નીચે ઊતરી મારા બ્લડપ્રેશરના વિચારમાં પડું છું, પાછળ હાથ ફેરવું છું તો માથામાં ધીમેધીમે દરદ ઊપસવા લાગે છે! અને એક રીસ્પેક્ટેબલ — કોઇને પણ લાગે કે આ ઢોંગ નથી, એવું ઢીમણું પણ ઊપસવા માંડે છે, એટલે ગજવામાં હાથ નાખી કેટલા ગોળમટોળ બક્સ છે તે ગણી, ટૅક્સી કરી ડાક્તર બ્રેનનને ત્યાં ઊપડું છું. રસ્તે ચોખ્ખા હવાની અસર થકી મારું મગજ ચોખ્ખું છે, એની ખાતરી કરી લઉં છું. ટૅક્સી પતાવીને બ્રેનનને બીજી સવારે સાડા આઠને સુમારે મળું છું. એને મારું માથાના પાછલા ભાગનું ઢીમણું બતાવું છું અને એ એને માપે છે, જુએ છે, મોટા કાચથી એક્ઝાગરેટ કરી તપાસે છે, અને કહે છે, 'મે બી, ટ્યુમર; મે બી સેસ, મે બી કૅન્સરસ ગ્રૉથ, મે બી નથિંગ, મે બી...'

વચમાં જ મેં એને બ્લડપ્રેશરની વાત કરી તો તરત એણે પેલા પટાપટ્ટાળા કાઢી, હાથને ગઈ સવારની જેમ તેમાં લપેટી પંપિંગ શરૂ કરી દીધું. 'હં! તમારું બ્લડપ્રેશર બિલો નૉર્મલ હોય એ કરતાં યે નીચું છે! હવે ચિંતા નહિ, પણ થોડા દિવસ આરામ તો કરવો જોઇએ. પેલા પાછળના બમ્પનો એક્સ-રે કરી જોઈશું, પણ આગળ ઉપર. હાલ તો એને વધવા દો, જોઇએ કેટલો વધે છે. બાકી બ્લડપ્રેશર તો ત્રણ દિવસમાં નીચેથી ઉપર આવી નૉર્મલ થઈ જશે. ટેન બક્સ પ્લીઝ.'

અને મેં કહ્યું, 'આપણે પેલા પાછલા કૅન્સરની સારવાર અને આ બ્લડપ્રેશરની ફી સામટા બિલમાં પતાવીશું. કારણ કે, ડાક્તર, જે દસ બક્સ હતા તે મેં તમને ગઈ કાલે જ આપી દીધા, બાકીનો ખુરદો અત્યારની ટૅક્સીમાં વપરાયો. ગઈ કાલનો હું હજી ઘેર જ નથી ગયો, એટલે હવે બિલ જ ઠીક પડશે. જઇને તમે કહો છો તેમ જરા આરામ કરવો જરૂરી છે. મે બી, પેલો કૅન્સરસ ગ્રૉથ બેસી પણ જાય.' □

ગુરુ ગ્રહનો અભ્યાસ શા માટે?

લેખક · ડૉ. સુશ્રુત પટેલ

ઈ. ૧૯૩૦ સુધી એવું મનાતું હતું કે ગુરુ મુખ્યત્વે બરફ, ખડકો અને નક્કર ધાતુઓ ધરાવતો ઘન ગોળો છે. પણ હવે 'પાયોનિયર-૧૦' અને '૧૧' તથા 'વૉયેજર-૧' અને '૨' યાનોએ દર્શાવ્યું છે કે ગુરુ અતિ-તપ્ત એવા બહુધા હાઇડ્રોજન તેમ જ ૧૦ ટકા હીલિયમ વાયુનો પ્રવાહી ગોળો છે. પૃથ્વી કરતાં ગુરુનું દ્રવ્યમાન ૩૧૮ ગણું છે. તે છતાંય એની ઘનતા પૃથ્વી કરતાં ઓછી–ચોથા ભાગ જેટલી જ છે. ગુરુને આપણે વાયુ ભરેલા એક વિશાળ ફુગ્ગા સાથે સરખાવી શકીએ. જો એને પાણીમાં મૂકી શકાય તો એ પાણી ઉપર તરશે!

જ્યાં સુધી પરમ શૂન્યાંક (Absolute zero)થી ચાર અંશ ઉપર ઉષ્ણતામાન ન જાય ત્યાં સુધી હીલિયમ પ્રવાહી સ્વરૂપમાં આવતો નથી. પરમ (નિરપેક્ષ) શૂન્યાંકની લગોલગ પોતાનું ઉષ્ણતામાન જાળવી શકે એવું જો કોઈ તત્ત્વ હોય તો તે એક માત્ર હીલિયમ જ છે. પરમ શૂન્યની પાસે અતિશીત પ્રવાહી હીલિયમ બહુ વિચિત્ર રીતે વર્તે છે. જેમ કે એનો વીજવાહક પ્રતિરોધ શૂન્ય થઈ જાય છે, તો ચુંબકીય-ક્ષેત્ર પણ વિલુપ્ત થઈ જાય છે. આમ, પરમ શૂન્યાંક પર હીલિયમ પરમ-વાહક (Superconductor) બની જાય છે. આવા હીલિયમનો ઉપયોગ એક આદર્શ વીજવાહક કૅબલ તરીકે થઈ શકે, તેમ જ વીજળીનો ઘણા મોટા પાયા પર સંગ્રહ કરવામાં પણ થઈ શકે. અત્યંત શક્તિશાળી સુપર મૅગ્નેટ-માં, ભવિષ્યના કૉમ્પ્યુટરમાં, રૉકેટને છોડવામાં, તેમ જ અણુ-પરમાણુના અભ્યાસ માટેના અગત્યના ઉપકરણ તરીકે આવા હીલિયમનો ઉપયોગ વિચારી કાઢ્યો છે. હાલમાં પણ હીલિયમના ઘણા ઉપયોગો છે. જેમ કે દરિયામાં ડૂબકી મારનારા મરજીવા શ્વાસ લેવા હીલિયમ-ઑક્સિજનનું મિશ્રણ ધરાવતા સિલિંડર સાથે લઈ જાય છે.

વૈજ્ઞાનિકોને મૂંઝવતી સમસ્યા એ છે કે પૃથ્વી ઉપર હીલિયમ બહુ ઓછી માત્રામાં ઉપલબ્ધ છે, અને એમાંય, એક વાર વાપર્યા પછી એ વાતાવરણમાં ભળી જાય છે અને ત્યાંથી પછી બારોબાર અવકાશમાં ચાલ્યો જાય છે. કેટલીક સદીઓ પછી હીલિયમ ખૂટી ગયો હશે ત્યારે એની અવેજીમાં કશું જ નહિ ચાલે–કારણ એ ઘણી બધી રીતે અજોડ છે.

હીલિયમના બે સ્થાયી સમસ્થાનિકો (Stable Isotopes) છે, જે 'હીલિયમ-૩' અને 'હીલિયમ-૪' તરીકે ઓળખાય છે. (આઈસોટૉપ એટલે તત્ત્વનું એવું સ્વરૂપ કે જેના પરમાણુઓના કેન્દ્રમાં પ્રોટોનની સંખ્યા તો એક સરખી જ રહે, પણ ન્યૂટ્રૉનની સંખ્યા બદલાતી રહે. દા. ત. 'સામાન્ય' હાઇડ્રોજનમાં એક પ્રોટોન, જ્યારે એના સમસ્થાનિક ડ્યુટેરિયમમાં એક પ્રોટોન અને એક ન્યૂટ્રૉન હોય છે, તો રેડિયો-સક્રિય સમસ્થાની ટ્રિટિયમમાં પણ પ્રોટોન તો એક જ હોય છે, જ્યારે ન્યૂટ્રૉન બે.) નાભિકીય સંયોગીકરણ (nuclear fusion) જેવી પ્રમા-ણમાં સલામત, એટલે કે રેડિયો સક્રિય આડપેદાશોથી બાકાત, એવી પ્રક્રિયામાં હીલિયમ-૩ની જરૂર પડવાની. ભવિષ્યના એક વિરાટ શક્તિ-સ્રોત તરીકે આ પદ્ધતિ ઉપર બહુ મોટો મદાર રખાયો છે. પરંતુ વૈજ્ઞા-નિકોને ભય છે કે હીલિયમ-૩ સંયોગીકરણની પદ્ધતિ ભલે હજી શક્ય ન બની હોય, પણ જ્યારે એ વ્યવહારુ બનશે, ત્યારે જરૂરી માત્રામાં હીલિયમ-૩ ઉપલબ્ધ નહિ હોય.

હીલિયમના આ અને આવા કેંક ઉપયોગો અસ્તિત્વમાં આવી રહ્યા છે, જે દર્શાવે છે કે ભવિષ્યમાં એની જરૂર પડવાની જ અને પાસેમાં પાસેનો હીલિયમનો જો કોઈ સ્રોત હોય તો તે છે સૂર્ય. સૂર્યમાં એક ટકા ભારે તત્ત્વો છે, જ્યારે હાઇડ્રોજન, હીલિયમ વાયુઓ અનુક્રમે ૮૦/૨૦ પ્રમાણમાં છે. પણ સૂર્યમાંથી હીલિયમ મેળવવાની કલ્પના પણ ધ્રુજાવી દે તેવી છે. આપણે જાણીએ છીએ કે ગુરુ ઉપર બહુ મોટા પ્રમાણમાં હીલિયમ મોજૂદ છે. આ ઉપરાંત, શનિના વાતાવરણમાં પણ હીલિયમ હોવાનું જણાયું છે. વૈજ્ઞાનિકોના મતાનુસાર યુરેનસ અને નેપ્ચૂન ગ્રહો પણ હીલિયમ ધરાવતા હોવા જોઈએ.

આમ, આપણે ગુરુ ઉપરથી બહુ મોટી માત્રામાં હીલિયમ (અને હાઇડ્રોજન) અહીં લાવી શકીએ.

ગુરુ આપણને આનાથી પણ વધુ ઉપયોગી થઈ શકે તેમ છે. આપણે જાણીએ છીએ કે સૂર્ય આપણા માટે અતિ મહત્ત્વનો છે. ત્યાં થતા વિકિરણમાંનો થોડોઘણો વધારો યા ઘટાડો પણ આપણા માટે તો ઘાતક બની શકે. સૂર્ય માટે એ બહુ નગણ્ય હોય, પણ આપણા માટે તો એ તલવારનાં તોરણો બની રહે; સમગ્ર માનવજાત નાશ પામે.

શું આવું બની શકે ખરું? અબજો વર્ષો સુધી આપણો સૂર્ય એક વિનયી અને સૌમ્ય તારા તરીકે વર્ત્યો છે, એટલે એમ ધારી લઈએ કે એ વધુ ઉધમાતિયો તો નહિ બને. પણ ઉપર કહ્યું તેમ થોડોઘણો પણ ખોંખારો ખાય તો શું થાય?

લગભગ અર્ધા સૈકાથી આપણે સૂર્યકલંકોનો અભ્યાસ કરતા આવ્યા છીએ, જેને પરિણામે આપણે જાણીએ છીએ કે બહુ નિયમિત નહિ એવા દર ૧૦૭ વર્ષના ગાળે એમાં પરાકાષ્ઠા આવે છે, અથવા કહો કે વધ–ઘટ થતી રહે છે, તાજેતરમાં સૂર્યકલંકોની સક્રિયતા વધી ગઈ છે. અને ઑગસ્ટ ૧૯૭૯થી આરંભાએલી આ સક્રિયતા ફેબ્રુઆરી ૧૯૮૧ સુધી ચાલશે એવું મનાય છે. છેલ્લાં ૩૦૦ વર્ષમાં સૂર્યકલંકોની આટલી સક્રિયતા આ પહેલી જ છે. આમ સૂર્ય અમુક–અમુક સમયે પ્રવૃત્તિ-શીલ તેમ જ સુસ્ત બનતો રહે છે, જેમ કે અગાઉ આવી ખલેલ ઈ.સ. ૧૬૪૫ થી ૧૭૧૫ની સમયમાળામાં નોંધાએલી છે ૭૦ વર્ષો દરમ્યાન સૂર્ય ઘણો સુસ્ત હતો. અને યોગાનુયોગ એ જ અરસામાં પૃથ્વી ઉપર લઘુ હિમયુગ (little-ice-age)નું આગમન પણ નોંધાયું છે, જેની બૂરી અસરો ઋતુઓ તેમ જ ખેતી ઉપર અનુભવાએલી. આજ સુધી વૈજ્ઞાનિકો નથી તો સૂર્યની આ પરાકાષ્ઠાના આવર્તન (ચક્ર)ને પૂરું સ-મજી શક્યા કે નથી સમજ્યા એની આવી એકાએક ન દેખાવાની હ-કીકતને. પણ આ હકીકત દર્શાવે છે કે સૂર્યને અટકચાળાં કરવાની ટેવ છે ખરી, હિમનદીઓના અભ્યાસ બાદ વૈજ્ઞાનિકો એવા નિર્ણય પર આવ્યાં છે કે સૂર્યમાં એક ૮૦ વર્ષનું અને બીજું ૨૫૦૦ વર્ષનું, એમ બે ચક્રો ચાલતાં હોવાં જોઈએ.

સૂર્યમાં સંયોગીકરણની પ્રત્યેક પ્રક્રિયા (fusion reation) દર-મિયાન હાઇડ્રોજનના ચાર પરમાણુઓ (atoms), હીલિયમના એક પરમાણુ સાથે સંયોજાતા એમાંથી બે ન્યૂટ્રિનો (Neutrino, જેનો ખરો ઉચ્ચાર છે : (Noo-trē'nö) ઉદ્ભવે છે. વજનવિહોણા, કોઈ પણ જાતના વીજભાર વિનાના આ મૂળભૂત કણ ન્યૂટ્રિનો સૂર્યમાંથી વછૂટીને અત્યંત ઝડપે આપણી તરફ ધસી આવે છે, અને જીવ–અજીવ, અરે, પૃથ્વીની પણ આરપાર નીકળી જાય છે! ઉપરોક્ત સમીકરણથી વૈજ્ઞા-નિકોએ ગણી કાઢ્યું છે કે પ્રત્યેક સેકન્ડે દર ચોરસ સેન્ટિમીટરે સાઠ અબજ ન્યૂટ્રિનો આ આણ્વિક પ્રક્રિયાના સિદ્ધાંત અનુસાર પૃથ્વી ઉપર આવવા જોઈએ. પરંતુ આધુનિક સંશોધનોએ દર્શાવ્યું છે કે બ્રહ્માંડના આ મૂળભૂત કણો આપણી પાસે વૈજ્ઞાનિકોએ અંદાજેલી જે ઝડપે અને જે સંખ્યામાં આવવા જોઈએ, એનાથી ઓછી ઝડપે અને ઓછી સંખ્યામાં આવે છે. આવું કેમ થાય છે, તે આપણે જાણતા નથી. સંભવ

છે કે સૂર્યમાં (અને અન્ય બધા જ તારાઓમાં) આપણે માનીએ છીએ તેવી સંયોગીકરણની પ્રક્રિયાને સ્થાને કોઈ બીજી જ — અજ્ઞાત પ્રક્રિયા થતી હોય કે પછી પૃથ્વી સુધી આવતાં સૂર્યમાંથી વછૂટેલા આ ન્યૂટ્રિનો (જે ઈલેક્ટ્રૉન ન્યૂટ્રિનો કહેવાય છે) પૈકી કેટલાંક આપણે પકડી ન શકીએ એવા અન્ય પ્રકારના ન્યૂટ્રિનો (જેમ કે મ્યુઑન ન્યૂટ્રિનો અને ટાઉ ન્યૂટ્રિનો)માં દોલન (oscillation) જેવી પ્રક્રિયા દ્વારા રૂપાંતરિત થતાં હોય.

ખરી વાત તો એ છે કે સૂર્યની અંદર, એના કેન્દ્રમાં ખરેખર શું બની રહ્યું છે, આપણે જેને સંયોગીકરણની પ્રક્રિયા કહીએ છીએ તે કે પછી અન્ય કોઈ પ્રક્રિયા ચાલી રહી છે, તેની જો આપણને ખબર હોત, તો આવી ખલેલ સંબંધી આપણે વધુ જાણી શકત. અને એમ થતું રોકી તો ન શકીએ, પણ રક્ષણાત્મક પગલાં જરૂર લઈ શકીએ.

આ માટે સૂર્યના જન્મ સમયના રાસાયણિક બંધારણનો અભ્યાસ કરવો જરૂરી બની જાય છે, અને તો જ આજના સૂર્યની સાથે આપણે એની સરખામણી કરીને કહી શકીએ કે એમાં શા શા ફેરફાર થયા છે, અને આમ કરવાથી સૂર્યની અંદર ખરેખર શું ચાલી રહ્યું છે. એની સચોટ જાણકારી સાંપડી શકે.

અલબત્ત, આજના સૂર્યના અભ્યાસની એક પણ તક વૈજ્ઞાનિકો ગુમાવતા નથી. તા. ૧૪ ફેબ્રુઆરી ૧૯૮૦ના રોજ અમેરિકાએ છોડેલો 'સોલર મેક્સિમમ મિશન' ઉપગ્રહ સૂર્યની ઘણી બધી માહિતી આપે છે, પણ પેલા પાંચ અબજ વર્ષ અગાઉના પ્રાચીન સૂર્યનો અભ્યાસ કેવી રીતે કરવો ? ગુરુના અભ્યાસની અગત્ય આ પ્રશ્નમાં જ આવી જાય છે.

જો કે આપણી પૃથ્વી પણ સૂર્ય જેમાંથી ઉદ્ભવ્યો એ જ ધૂળ અને મુખ્યત્વે હીલિયમ તથા હાઇડ્રોજન જેવા વાયુના વાદળમાંથી બનેલી છે, પણ એના કેન્દ્રમાં સૂર્ય જેવી પ્રક્રિયા—આણ્વિક પ્રક્રિયા—થઈ નથી. ખરું પૂછો તો, હકીકતે પૃથ્વી પોતાના જન્મદાતા આદિ વાદળની ખાસિયત ધરાવતી નથી. વળી, એનું કદ નાનું હોવાથી એણે હાઇડ્રોજન ને હીલિયમ જેવાં મૂળભૂત તત્ત્વો પણ પ્રારંભથી જ મોટા પ્રમાણમાં ગુમાવ્યાં છે.

પણ ગુરુની વાત જુદી છે. મૂળ વાદળમાંનાં લગભગ બધાં જ તત્ત્વો એમાં જોવા મળે છે, કારણ કે એનું કદ ઘણું મોટું છે. એટલે એમાં હાઇડ્રોજન અને હીલિયમ પણ એના મૂળ સ્વરૂપમાં હોવાનું મનાય છે. તો સામે પક્ષે, એનું કદ એટલું મોટું, એટલે કે સૂર્ય જેટલું તો નથી જ, જેને પરિણામે શરૂમાં સૂર્યમાં આરંભાએલી આણ્વિક પ્રક્રિયાઓનો સદંતર અભાવ છે. એટલે આજે, આટલાં વર્ષો પછી યે ગુરુનું બંધારણ આદિ વાદળ જેવું જ અકબંધ રહ્યું હોવાનું અનુમાની શકાય. (કેટલાક વૈજ્ઞાનિકો માને છે કે આજથી એકાદ અબજ વર્ષ પછી ગુરુના કેન્દ્રમાં પણ આણ્વિક પ્રક્રિયા શરૂ થઈ જશે, જેને પરિણામે ગુરુ પણ એક નાન-કડો સૂર્ય બની જશે—કદાચ એ સૂર્યના જોડિયા તારાની જેમ પણ વર્તે!)

ટૂંકમાં, આજનો ગુરુ ગ્રહ એ આપણા સૌર-પરિવારના એના આરંભના લગભગ પાંચ અબજ વર્ષ પહેલાંના બંધારણનો આબેહૂબ નમૂનો પૂરો પાડે છે. એ સમયના સૂર્યની પ્રતિકૃતિ એટલે આજનો ગુરુ ! ગુરુનો અભ્યાસ એટલે સૌર પરિવારના જન્મની કથાનો કડીબદ્ધ ઇતિહાસ.

એટલે જ જો આપણે ગુરુના રાસાયણિક બંધારણનો અભ્યાસ કરીએ તો સૂર્યના ગર્ભમાં આજથી પાંચ અબજ વર્ષ અગાઉ શું બન્યું હશે એનો ચિતાર મળી રહે, અને એના ઉપરથી હકીકતે આજે શું ચાલી રહ્યું છે, તે વધુ સારી રીતે સમજી શકીએ, અને આમ કરવાથી ભવિષ્યમાં આવી પડનારી આફતમાંથી આપણી સંસ્કૃતિને ઉગારી શકીએ. આ ઉપરાંત, અનેક રીતે ઉપયોગી એવો હીલિયમનો મોટો જથ્થો એમાંથી મેળવી શકીએ એ વધારામાં.

ગુરુ અને તેના ઉપગ્રહો

સૂર્યથી પાંચમા ક્રમાંકે આવતા સૌર-પરિવારના સહુથી મોટા ગ્રહ ગુરુ અને એના ઉપગ્રહોએ, પેલા બહુચર્ચિત 'જ્યુપિટર ઇફેક્ટ' નામના (વાહિયાત) પુસ્તકની* વાત પડતી મૂકીએ તોપણ વૈજ્ઞાનિકોમાં ગત મહિનાઓ દરમિયાન અસંખ્ય પ્રશ્નો જન્માવ્યા છે. આ રીડિયારમણ કાંઈ અમસ્તી જ નથી. અત્યાર સુધી કુલ ચાર અવકાશયાનો ગુરુની નજદીકની મુલાકાત લઈ ચૂક્યાં છે, તે પૈકી 'પાયોનિયર-૧૦' અને '૧૧' યાનોએ પાણી વલોવવા જેવું તો કામ ન કર્યું, પણ અનુક્રમે ૧૯૭૩ અને ૧૯૭૪માં એમણે જે 'આંખે દેખ્યા' અહેવાલ પ્રસારિત કર્યા એણે ગુરુ અંગેનો સસ્પેન્સ ખુલ્લો કરવાને બદલે ઓર વધારી મૂક્યો. એ પછી ૧૯૭૭માં વધુ સજ્જ એવા 'વૉયેજર-૧' અને '૨' યાન એકમેકથી ૧૬ દિવસના આંતરે છોડવામાં આવ્યાં.

આ બંને અને એમાં ય ખાસ તો વૉયેજર-૧ યાને ૧૯૭૮ના ડિસેમ્બરથી ફોટાઓ દ્વારા જે માહિતીઓ મોકલી એનાથી ગુરુનો રહસ્યમય નકાબપોશ પૂરેપૂરો નહિ તો, થોડોઘણોય ઊંચકાયો ખરો, અને એટલી અલપઝલપમાં પણ અસંખ્ય નવી બાતમીઓનો જાણે કે ઢગ ખડકાયો, જેમાંથી ત્રણેક મુખ્ય તરી આવી. જેમ કે આ યાનોએ ગુરુની ફરતે, તેનાથી આશરે ૫૮,૦૦૦ કિલોમીટર (૩૬,૦૦૦ માઈલ)ના અંતરે, અગાઉ જેની શક્યતા અંગે વિચારી રખાયું હતું તેવું એક વલય શોધી કાઢ્યું. આ રીતે શનિ અને યુરેનસ પછી વલયધારી ગ્રહ તરીકે ગુરુનો નંબર ત્રીજો આવે છે. હવે તો સૂર્યની તેમ જ પૃથ્વીને ફરતે પણ વલય હોવાની વાતો ચર્ચાવા માંડી છે. 'પાયોનિયર-૧૧' યાને હવે તો શનિના પણ એક વધુ 'એફ' (F) નામના વલયની શોધ કરી છે!

ફ્રાન્સના રૉશ (Edouard Roche) નામના ખગોળજ્ઞે ૧૮૪૮માં રજૂ કરેલા નિયમ મુજબ જ્યારે કોઈ બાહ્ય અવકાશી પિંડ કોઈ ગ્રહ જેવા મોટા પિંડની અમુક હદથી નજદીક જવાની ઉદ્ધતાઈ કરે છે, ત્યારે એના પર ભરતી-ઓટના જેવી સંકોચન-પ્રસરણ જેવી અસર થતાં એના ટુકડા થઈ જાય છે અને એનો ભંગાર એ મોટા ગ્રહની ચોપાસ વલય રચી રહે છે. આ રીતે કોઈ પણ બે અવકાશી પિંડો વચ્ચેના સલામત અંતરની મર્યાદા અથવા લક્ષ્મણરેખાને 'રૉશ-લિમિટ' કહેવાય છે. પિંડોના બંધારણ, કદ, ઘનતા વગેરેને અનુલક્ષીને આ મર્યાદાની ગણતરી થાય છે. જેમ કે કોઈ ગ્રહની રૉશ-હદ, વિશિષ્ટ સંજોગોમાં એની પોતાની ત્રિજ્યાથી આશરે અઢી ગણી (૨·૪ ગણી) હોય છે. પૃથ્વીની રૉશ-હદની અંદર જો ચંદ્ર આવી જાય તો એના પણ ટુકડા થઈ જાય! ગુરુની આ હદમાં એનો જ કોઈ ઉપગ્રહ કે ધૂમકેતુ આવી પડવાથી આવું વલય રચાયું હોવાનું મનાય છે, કારણ કે આ વલય ગુરુની રૉશ-હદની અંદર

* ઈ. ૧૯૮૨ના એપ્રિલની પહેલી તારીખે (એપ્રિલ ફૂલ?!) બધા જ ગ્રહો અવકાશમાં આશરે એક સીધી હરોળમાં આવી જવાથી એ બધાના સામટા ગુરુત્વાકર્ષણને કારણે મહા પ્રલય થશે એવું ભાખતું બે વૈજ્ઞાનિકો-એ લખેલું પુસ્તક. ગુરુ ગ્રહ સહુથી મોટો એટલે એના ગુરુત્વાકર્ષણની અસર પણ આ લેખકોના મતે સહુથી વધુ, એટલે આ પુસ્તકનું આવું નામકરણ થયું છે, બહુ બહુ તો હળવો ધરતીકંપ થઈ શકે—એથી વિશેષ કશું નહિ. આ પુસ્તક વાહિયાત એ અર્થમાં કે હકીકતે ૧૭૯ વર્ષો અગાઉ ૨૭, ફેબ્રુઆરી ૧૮૦૨ના રોજ આવી જ પરિસ્થિતિ ઉદ્ભવું, બહો-વધુ સચોટ રીતે સર્જાઈ હતી, પણ કશું બન્યું ન હતું!

આવેલું હોવાનું જણાયું છે.

પાઠ્યપુસ્તકોમાં લખવામાં આવે છે કે ઈ. ૧૬૧૦માં માત્ર એક જ વર્ષમાં ગેલિલીઓએ ગુરુના ચાર મોટા ઉપગ્રહો (ચંદ્રો) શોધી કાઢેલા, પણ બહુ ઓછા લોકો જાણતા હશે કે ગેલિલીઓથી સ્વતંત્રપણે, સાયમન (Simon Marius) નામના વૈજ્ઞાનિકે પણ એ શોધેલા. જો કે આ ઉપગ્રહોને સમૂહમાં આજે તો 'ગેલિલીઅન સેટેલાઈટ્સ' જ કહેવાય છે, જેમાં આયો (Io), યુરોપા (Europa), ગેનિમીડ (Ganymede) અને કૅલિસ્ટો (Callisto)નો સમાવેશ થાય છે. આજે ગુરુના ચંદ્રોનો આંક ૧૬ ઉપર પહોંચ્યો છે. ૧૩મો ચંદ્ર લીડા (Leda) ગુરુથી ૧,૧૧,૦૦,૦૦૦ કિ. મી. જેટલો દૂર છે, અને માંડ ૧૫ કિ.મી.નો વ્યાસ ધરાવે છે. માઉન્ટ વિલ્સન અને પાલોમર વેધશાળાઓ (જે હવે ૧૯૭૦થી 'હેલ વેધશાળા'ના સંયુક્ત નામે ઓળખાય છે તે.)ના ૩૦ વર્ષના યુવાન ચાર્લ્સ કોલ (Charles T. Kowal) નામના ખગોળશાસ્ત્રીએ ૧૪ સપ્ટેમ્બર ૧૯૭૪ના રોજ આ ૧૩મો ઉપગ્રહ શોધી કાઢેલો. '૧૯૭૦-જે-૧' તરીકે ઓળખાતા ૧૪મા ઉપગ્રહની શોધ ઑક્ટોબર ૧૯૭૫માં આ કૉલ મહાશયે જ કરેલી, કે પછી કૅલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજિના ડેવિડ જેવિટ (David Jewitt) અને ઍડવર્ડ ડેનિઅલસન (G. Edward Danielson) નામના બે વૈજ્ઞાનિકોએ કરેલી, એ વિવાદની વાત જવા દઈએ તોપણ આ ઉપગ્રહ અંગેની જે ખાસિયતો એની શોધ વખતે જણાઈ ન હતી, તે આ વૉયેજર યાનોએ વિગતે દર્શાવી આપી, અને જણાવ્યું કે બટાકા જેવા અનિયમિત આકારનો આ ઉપગ્રહ ગુરુના વલયની કોરે—ગુરુ અને એમાલથીઆ (Amalthea)ની લગભગ વચ્ચે ગુરુથી આશરે ૧,૨૮,૭૦૦ કિલોમીટર દૂર આવેલો છે. પાછળથી વૉયેજર-૧ યાને મોકલેલી ગુરુની ચાલીસ હજાર જેટલી તસવીરોના અભ્યાસે સૂચવ્યું કે ગુરુને કુલ ૧૪ નહિ, પણ ૧૫ ઉપગ્રહ છે, આ ૧૫મા ઉપગ્રહને હાલમાં '૧૯૭૯-જે-૨' એવું નામ અપાયું છે.

આ નવો શોધાએલો ૧૫મો ઉપગ્રહ ગુરુથી માત્ર દસ હજાર કિલોમીટરને અંતરે રહીને જ ગુરુની પ્રદક્ષિણા કરે છે, આ માટે એ ૧૬ કલાક અને ૧૬ મિનિટ જેટલો સમય લે છે. ૧૪મો ઉપગ્રહ પ્રદક્ષિણામાં ૮ કલાક અને ૩૨ મિનિટ જેટલો સમય લે છે. ૭૫ કિલોમીટર વ્યાસ ધરાવતો ૧૫મો ઉપગ્રહ ગુરુની સહુથી પાસે આવેલો હોવાનું મનાય છે. આ અગાઉ ગુરુથી ૧,૮૧,૦૦૦ કિ.મી. દૂર આવેલો એમાલથીઆ સહુથી નજદીકનો ઉપગ્રહ મનાતો હતો. આ એમાલથીઆ સંબંધી પણ ઘણી બધી જાણકારી આ યાનોએ આપી છે.

અને છેલ્લે ગઈ ૫ સપ્ટેમ્બરે (૧૯૮૦) ખબર પ્રકટ થયા છે કે વૉયેજર યાનોએ ગુરુના ૧૬મા ઉપગ્રહની છબીઓ પણ મોકલી છે. હાલમાં તેને '૧૯૭૯-જે-૩'ની સંજ્ઞા આપવામાં આવી છે. આ નવો ઉપગ્રહ ૪૦ કિ. મી.નો વ્યાસ ધરાવે છે અને દર ૭ કલાક અને ૪ મિનિટે તે ગુરુની એક પ્રદક્ષિણા પૂરી કરે છે. અંદાજ છે કે આ ઉપગ્રહ ગુરુના વલયની બહારની કિનાર પાસે રહીને ગુરુની આજુબાજુ ઘૂમે છે.

વલય અને ઉપગ્રહ પછી ત્રીજી મહત્ત્વની શોધ આ બધાના શિરમોર સમી ગણાય. એ છે 'આયો'નામના ઉપગ્રહ ઉપર ધધકતા જ્વાળામુખીની શોધ. આયોના દક્ષિણ ગોળાર્ધમાંથી ઉદ્ભવેલી આ જ્યોત ૬૮૦ કિ. મી. (૧૭૪ માઈલ) સુધી અવકાશમાં ઊંચે ફેલાતી જોઈ શકાઈ. પૃથ્વીને બાદ કરતાં અવકાશી પિંડ ઉપર જ્વાળામુખી ફાટતો જોવાની આ સૌ પ્રથમ જ ઘટનાના સાક્ષી બનવાનું માન લઈ ગઈ જેટ પ્રપલ્શન લૅબોરેટરીની કુ. લિન્ડા મોરાબીટો (Linda A. Morabito). જો કે આ શોધ આકસ્મિક જ હતી, પણ એ પછી બીજા આશરે આઠેક જેટલા સક્રિય જ્વાળામુખો તેમ જ સામાન્ય પર્વતો પણ શોધી કઢાયા, જેમાંનો કમસે કમ એક પહાડ તો હિમાલય કરતાં પણ વધુ ઊંચો જણાયો છે. એક વાદ મુજબ આવા જ્વાળામુખોમાંથી નીકળતા અંગારથી ગુરુની ચોપાસ વલય બન્યું હોઈ શકે.


આપણાથી ચંદ્ર જેટલા અંતરે છે તેટલા જ અંતરે ગુરુથી 'આયો' છે. પણ એનું કદ આપણા ચંદ્રથી ઘણું વધારે છે. અગાઉ 'આયો'ને ખૂબ પુરાણી મૃત દુનિયાનો ઉપગ્રહ માની લેવાયો હતો. પણ આ યાનોએ એના સંબંધી તદ્દન નવી જ માહિતીઓ આપી. જેમ કે 'આયો' પર ક્યાંય બહારથી આવીને પછડાએલા ઉલ્કા પિંડોના આઘાતગર્તો નથી. એટલે કે એની સપાટી આપણા ચંદ્ર જેવી કે બુધ યા મંગળ જેવી ઉબડખાબડ નથી. એનું સ્તર પ્રમાણમાં અર્વાચીન જણાયું છે. આનો અર્થ એ થયો કે 'આયો'ની સપાટી પર સતત ફેરફાર થતા રહે છે. 'આયો' પર જોવા મળેલા સક્રિય જ્વાળામુખો તેમ જ આઘાતગર્તવિહીન એની સપાટી પરથી એવું તારવી શકાય કે 'આયો' આપણા સૌર-મંડળમાં અત્યાર સુધી જ્ઞાત એવો સહુથી યુવાન પિંડ હોવો જોઈએ. અલબત્ત, યુરોપા ઉપર પણ આવા ખાડા જણાયા નથી. કદાચ યુરોપાનું પડ પ્લાસ્ટિક જેવું યા પોચા બરફનું બનેલું હોવું જોઈએ.

આયોની સપાટી પર ચાસ અને તિરાડો છે. એમાંથી ઘણી વાર સલ્ફર ડાયૉક્સાઈડ વાયુ બહાર નીકળી આવતો હોવાને લઈને એના પર વાદળ છાએલાં જણાયાં છે. આમેય 'આયો' પર સલ્ફર (ગંધક)નું સામ્રાજ્ય હોવું જોઈએ. એનું બધું પાણી ઊડી ગયું હોવાનો મત છે. કદાચ ત્યાં પ્રવાહી ગંધક ધરાવતા પાણીના સમુદ્રો હોવા જોઈએ, અને વાતાવરણમાં ગંધકના રજકણો.

આ યાનોએ જણાવ્યું કે ગુરુનું વાયુમંડળ કાયમ વીજળીઓના ચમકારા અને ગડગડાટથી ગાજતું રહે છે. ઘણા વૈજ્ઞાનિકો માને છે કે આ વીજળીઓ જીવન ઉત્પન્ન કરતી જટિલ રાસાયણિક પ્રક્રિયા માટેનું પ્રથમ સોપાન છે. વળી, સૂર્યના ગર્ભથી ક્યાંય વધુ ઊંચું ઉષ્ણતામાન ધરાવતા વીજભારયુક્ત કણો ગુરુ ઉપર મળી આવ્યા છે. પૃથ્વી ઉપર ધ્રુવપ્રદેશોમાં જોવા મળતા ધ્રુવપ્રકાશ યા આભા (ઑરોરા) ગુરુ પર પણ બહુ મોટા પ્રમાણમાં જોવા મળ્યા છે. આ ઉપરાંત, 'વૉયેજર-૧' યાને ગુરુ અને આયોની વચ્ચે એક પ્રચંડ વીજપ્રવાહ શોધી કાઢ્યો છે, જેમાંથી ૫૦ લાખ ઍમ્પીઅર અર્થાત્ બે મહાપદ્મ વૉટ (Two trillion watts) જેટલો વીજપ્રવાહ વહે છે. (એક મહાપદ્મ એટલે એક ઉપર બાર મીંડાં). અંદાજ મેળવવો હોય તો કહી શકાય કે દુનિયાભરનાં તમામ વીજઉત્પાદક ઘટકો એકીસાથે જેટલો પેદા કરે એટલો વીજપ્રવાહ ત્યાં જોવા મળ્યો છે.

આજથી આશરે ૪.૬ અબજ (બિલિયન) વર્ષ અગાઉ જ્યારે સૌર-પરિવારનો જન્મ થયો ત્યારે સૂર્યમાંથી આશરે ૭૦ ટકા જેટલું દ્રવ્ય તો એકલા ગુરુએ જ પચાવી પાડ્યું હોવાનો અંદાજ છે. પણ પછી કદાચ ત્રણેક મહિનામાં જ એ તપ્ત વાયુઓ સંકોચાતાં આખરે ૨,૦૦,૦૦૦ કિ. મી. પહોળાઈનો ચળકતો લાલ ગોળો રહ્યો હશે. આજે તો એ સંકોચાઈને ૧૪૩,૦૦૦ કિ. મી. જેટલો થઈ ગયો છે. તેમ છતાં ય સરખામણી કરવી હોય તો કહી શકાય કે આપણી પૃથ્વી જેટલી ૧૩૦૦ પૃથ્વીઓને સમાવી શકે એટલું કદ ગુરુ ધરાવે છે.

આ યાનોએ કરેલાં નિરીક્ષણો દ્વારા ગુરુ ગ્રહ વિષે પ્રચલિત ઘણી બધી માન્યતાઓનું ખંડન કર્યું છે. જેમ કે ૧૯૩૦થી માનવામાં આવતું હતું કે આ ગ્રહ બરફ, ખડકો અને ધાતુનો બનેલો એક નક્કર ગોળો છે. પણ હવે જણાયું છે કે ગુરુ ઉપર બહુધા પ્રવાહી જ છે. એના અંદરના ભાગમાં સિલિકેટ તેમ જ ધાતુઓ પ્રવાહી સ્વરૂપે પૃથ્વીના કદ જેટલા કદમાં હોવાનું મનાય છે. બાકી એનું બંધારણ મુખ્યત્વે આપણા સૂર્યને વિશેષ મળતું આવે છે, અને હાઇડ્રોજન તેમ જ હીલિયમનું પ્રચંડ




△ ગુરુના એક ઉપગ્રહ 'આયો' અને ગુરુની વચ્ચે ૫૦ લાખ એમ્પીઅર જેટલો પ્રચંડ વીજપ્રવાહ 'ફ્લક્સ'માં ધુમરાતો રહે છે. 'ટોરસ' તરીકે ઓળખાતો વીજભાર આવેશિત કણોનો એક અદૃશ્ય વાદળ પટ્ટો પણ ગુરુની ફરતે વીંટળાએલો હોવાનું જણાયું છે. (જમણી બાજુ) ગુરુના ચુંબકીય ક્ષેત્ર સાથે અફળાવાથી સૌરવાયુના કણોનો વેગ ઘટે છે અને તેની દિશા ફંટાય છે.

દબાણ એના કેન્દ્રની ચોપાસ કેટલાક હજાર કિ.મી.નું આવરણ (shell) રચી રહે છે.

જ્યારે મૂળ ગુરુનું સંકોચન થયું હશે, ત્યારે એમાંથી પુષ્કળ ઉષ્મા વછૂટી હશે. આમાંની કેટલીક ઉષ્મા એના કેન્દ્ર ભાગમાં ઝડપાઈ હશે, જે પૈકી થોડીથોડી આજે ચૂવાક થતી રહે છે. આ કારણે જ ગુરુની સપાટી અને એના કેન્દ્રના ઉષ્ણતામાન વચ્ચે ઘણો મોટો તફાવત જોવા મળે છે, આ હાલતમાં એમાંનો હાઇડ્રોજન વાયુ પ્રવાહી થઈ જાય છે, બલ્કે કહો કે ધાતુરૂપમાં ફેરવાઈ જાય છે. આપણે જાણીએ છીએ કે આવું ધાતુસ્વરૂપ વીજવાહક હોય છે, અને આંતરિક પ્રચંડ ઉષ્માને લઈને પ્રવાહી બહારની તરફ વહેવાતા ગુરુની ચોપાસ એક વિશાળ ચુંબકીય-ક્ષેત્ર રચાય છે. આ ક્ષેત્ર અવકાશમાં આશરે ૭૦ લાખ કિ. મી. જેટલું દૂર પ્રસરેલું જણાયું છે. આવા ક્ષેત્રને ચુંબકીય ગોળો કે પ્રભાવક્ષેત્ર (Magnetosphere) કહેવાય છે. આ ક્ષેત્રમાં અત્યંત ઉચ્ચ શક્તિ-યુક્ત કણો ઝડપાય છે, જે ક્યારેક એમાંથી મુક્ત થાય છે. આ કણો કે કૉસ્મિક–રેઝ (વિશ્વકિરણો) યા ક્ષ–કિરણો છેક બુધ સુધી પહોંચતાં હોવાનું નોંધાયું છે. ૧૯૪૦ સુધી એવું મનાતું હતું કે આ વિશ્વકિરણો આપણી સૌર-પ્રણાલિની બહારથી આવતાં હોવાં જોઈએ. આ યાનોએ દર્શાવ્યું કે એમાંથી મોટા ભાગનાં ગુરુમાંથી જ આવે છે. અહીં એ નોંધવું રસપ્રદ નીવડશે કે આવું મૅગ્નેટોસ્ફીઅર ગુરુ ઉપરાંત આપણી પૃથ્વી અને બુધ ગ્રહ પણ ધરાવે છે.


બધા જ ગેલીલિયન ઉપગ્રહો આ મૅગ્નેટોસ્ફીઅરમાં આવી જાય છે. એને પરિણામે અતિશક્તિશાળી ઈલેક્ટ્રોન, પ્રોટોન અને એવા જ જોખમી આયન (ions) કણોના સતત મારાના ભોગ બનતા હોવાથી ત્યાં માનવનું ઉતરાણ શક્ય નથી. આ પૈકી કદાચ 'કૅલિસ્ટો'ને બાકાત રાખવો જોઈએ, કારણ કે એ થોડે દૂર આવેલો છે, આ શક્તિશાળી વિકિરણ. 'આયો'ની સપાટી પર હુમલો કરીને એના અણુએ અણુને છૂટા કરી નાખે છે. સપાટીના આ અણુઓ તેમ જ આયો પર જોવા મળેલા જ્વાળામુખોમાંથી ઉદ્‌ભવતા કણો આ બંને, ગુરુના ચુંબકીય-ક્ષેત્રમાં ઝડપાય છે અને ગુરુની ચોપાસ, પોતાની કક્ષાને ફરતો એક



અદૃશ્ય, વીજભાર આવેશિત વાદળપટ્ટો રચી રહે છે, જે 'ટોરસ' (Torus) નામથી ઓળખાય છે.

સૂર્યની બહારની સપાટી અતિ તપ્ત એવા આયનિત (ionized) વાયુ કે કણોનો ચોમેર સતત મારો કર્યાં કરે છે, જે સૌર-વાયુ (Solar wind) કહેવાય છે. અત્યંત વેગે ધસી આવતા આ કણો જ્યારે ગુરુની પાસે આવે છે, ત્યારે ત્યાંના મૅગ્નેટોસ્ફીઅરની બહારની ધાર કે જે 'બો–શૉક' (Bow-shock) તરીકે ઓળખાય છે, ત્યાં પ્રચંડ તાકાતથી અફળાય છે, પરિણામે એમનો વેગ અવરોધાય છે, અને એમાંના મોટા ભાગના તો આડે માર્ગે ફંટાય છે. અગાઉ એવું મનાતું હતું કે આમાંના કેટલાક કણો ગુરુના ઢાંકણ કે આવરણના છેવાડેથી અંદરની તરફ ઘૂસી જતા હશે અને સીધા જ ગુરુના ધ્રુવો તરફ ધસી જતા હશે. જ્યાં ત્યાંના વાતાવરણમાં રહેલા અણુઓ સાથે અથડાવાથી એક જાતનો પ્રકાશ ઉદ્‌ભવતો હોવો જોઈએ. પૃથ્વીને પણ આવું મૅગ્નેટોસ્ફીઅર હોવાને કારણે અહીં પણ આવું જોવા મળે છે, જેને આપણે 'અરોરા' (ઑરોરા) કહીએ છીએ. અરોરાની ઉત્પત્તિ અંગેની આ પ્રચલિત માન્યતા વૉયેજર યાનોએ ખોટી પાડી અને જણાવ્યું કે ઑરોરા એ સૌર-વાયુના કણોના અથડાવાથી નહિ, પણ ગુરુના ઉપગ્રહ 'આયો'એ રચેલા 'ટોરસ'માંના ઈલેક્ટ્રોનના કણોના મારાથી સર્જાય છે!

વૉયેજર યાનો હાલમાં શનિ તરફ ધસી રહ્યાં છે, અને જો બધું સમુંનમું ઊતરશે, તો 'વૉયેજર–૨' યાન યુરેનસ અને એ પછી નેપ્ચૂન-નની મુલાકાત લઈને એથીય આગળ નીકળી જશે, ગુરુ અંગેની બાકીની જાણકારી કદાચ 'ગેલિલીઓ' નામનું અમેરિકાનું અવકાશયાન આપશે એવું લાગે છે. આ યાન ૧૯૮૩માં છોડવાની ધારણા હતી, પણ હવે પલટાએલા સંજોગોમાં કદાચ એમાં વિલંબ પણ થાય. જે ગુરુના ઉપ-ગ્રહોના અભ્યાસ ઉપરાંત ગુરુના વાતાવરણમાં નિરીક્ષણયાન પણ છોડશે? જોઈએ, ગુરુ એનું કેવુંક સામૈયું કરે છે! □



ટૅંગ્રામ વડે શક્ય કેટલીક ઉદાહરણ રૂપ આકૃતિઓ. આવી તો બીજી મબલખ આકૃતિઓ રચી શકાય.

ટૅંગ્રામ

ગમ્મત સાથે સર્જનનો આનંદ આપતી ચોરસના સાત ટુકડાની કલા ને ચાતુરીભરી એક ચીની રમત

લેખક-આલેખક • જ્યોતિ ભટ્ટ

ભૌમિતિક આકારોના કોયડા જેવી એક રમત હજારેક વર્ષથી ચીનમાં જાણીતી છે. અંગ્રેજીમાં એ 'ટૅંગ્રામ' (Tangram) નામે ઓળખાય છે. એક સમચોરસના ચાતુરીપૂર્વક કરેલા સાત ટુકડાને એકબીજાની પાસેપાસે ગોઠવીને વિધવિધ આકાર-આકૃતિઓ બનાવવાની આ રમત છે. એ જ રીતે અમુક આપેલા આકારમાં આ સાતે ય ટુકડાને સમાવવાની રમત પણ રમી શકાય.

નાનાંમોટાં સૌને ગમ્મત આપતી આ રમત નવરાશની પળો પસાર કરવા માટે તો ઉપયોગી છે જ, પરંતુ તેમાં સાત ટુકડાઓ દ્વારા વિવિધ આકૃતિઓ રચવાના પ્રયાસમાં સર્જનાત્મક કલ્પનાના સીમાડા વિસ્તારવા સાથે વિવિધ વસ્તુઓના બુનિયાદી આકાર, બંધારણ અને સંબંધના રહસ્ય અંગે સૂઝ-સમજ પણ કેળવાય છે. અને એટલે હવે તો કલાકારો, સ્થપતિઓ, ડિઝાઈનરો અને ગણિતજ્ઞોનો પણ આ રમતમાં રસ વધ્યો છે. ગ્રાફિક ડિઝાઈન અને સર્જનાત્મક કળાની તાલીમ આપતી શાળાઓમાં પણ ટૅંગ્રામનો ઉપયોગ થવા લાગ્યો છે.

તદ્દન સરળ રમત છે. પૂઠા કે તેવા જાડા, મજબૂત ને સપાટ કોઈ પણ પદાર્થમાંથી એક સમચોરસ આકાર કાપીને તેની દરેક બાજુના ચાર સરખા ભાગ પાડી તેનાં નિશાન કરો. પછી આકૃતિ ૧માં તૂટક રેખાથી દર્શાવ્યા પ્રમાણે ચોરસના ભાગ પાડતી રેખાઓ દોરી, આ. ૨ મુજબ તે ચોરસના સફાઈપૂર્વક સાત ટુકડા કાપો. (ભારતની પેઠે ચીનમાં યે ૭નો અંક શુકનિયાળ ગણાય છે.) આમાં ૭ ટુકડા તો આગળ પાછળ બંને બાજુથી એક સરખા જ લાગે છે, પરંતુ સક્કરપારાના આકારનો એક ટુકડો એવો છે કે તેને આગળપાછળથી જોતાં આ. ૩ મુજબ ફેર પડે છે. આ સમચોરસની બંને બાજુએ એકસરખા રંગ-દેખાવની જ હોય તો ટુકડા અવળાસવળા મૂકવા પડે તોય તે દેખાવમાં એકસરખા જ લાગે.

ધીરજ કેળવવા, આહ્વાન ઉપાડી લેવાનો સંતોષ પામવા ને નજરની એક શિસ્ત કેળવાય તે માટે આ શરતો રમતમાં સ્વીકારવી લાભદાયી છે. (૧) કોઈ પણ આકારઆકૃતિ બનાવવામાં સમચોરસના સાતેસાત ટુકડા વાપરવા જોઈએ. અને (૨) બધા ટુકડા એક યા બીજા ટુકડાની અડોઅડ ગોઠવવા જોઈએ, તેમજ (૩) આકારની ગોઠવણીમાં એકે ય ટુકડો બીજા કોઈ ટુકડાથી સહેજ પણ ઢંકાવો ન જોઈએ.

સત્તરમી-અઢારમી સદીમાં તો ચીન જાપાનમાં ટૅંગ્રામથી રચી શકાતી અનેકવિધ આકૃતિઓના સંગ્રહો પ્રકટ થયા છે. હવે તો યુરોપ અમેરિકામાં પણ ટૅંગ્રામને બહોળી લોકપ્રિયતા મળી હોઈ ત્યાં પણ એવા સંગ્રહો પ્રકટ થવા લાગ્યા છે. એવા સંગ્રહોમાંથી દષ્ટાંત રૂપે આ સામે આપેલી કેટલીક આકૃતિઓની સંખ્યા બહુ ઓછી છે છતાં તેના પરથી યે તેના વૈવિધ્યની શક્યતાનો ખયાલ આવશે.


સમચોરસના ચતુરાઈથી કરેલા આ સાત ભાગમાં ૧, ૨ અને ૪નો એક વિશિષ્ટ સંબંધ જોઈ શકાશે. એ જ રીતે ૪૫, ૯૦ અને ૧૩૫ અંશના ખૂણાઓનો સંબંધ પણ છે. આ નાનામોટા સાત ભૌમિતિક આકારોનો તથા તેના વડે રચાતી આકૃતિઓમાં એક પ્રકારનો સુંદર સુમેળ જોવા મળે છે. આ અંકના પૂઠા પરની આકૃતિઓ તથા 'કુમાર'ના નામાક્ષરો પણ આ રીતે જ બનાવેલા છે. આટલાં દષ્ટાંતો પરથી યે ટૅંગ્રામથી રચાતા આકારોના બહોળા વૈવિધ્ય તથા એ વિવિધતામાં યે જળવાતું એક ઐક્ય સરળતાથી જોઈ શકાશે. પશુપંખી, જીવનના પદાર્થો, માનવ-આકૃતિઓ, અંકઅક્ષરો વગેરેના અનેકાનેક આકારો ને તેના ભૌમિતિક સ્વરૂપોનો આ રીતે અચ્છો ખયાલ મળે છે.

કલાકૃતિઓમાં જોવા મળતાં આકાર સ્વરૂપો જે તે કૃતિના સર્જનમાં પ્રયોજાએલાં માધ્યમ સાથે સંબંધ ધરાવે છે. અનેક વિકૃત આકારોવાળી કલાકૃતિઓમાં માધ્યમ જે ભાગ ભજવે છે તે સમજવાની દિશામાં પણ આ રમત રમનાર વ્યક્તિ આપોઆપ આગળ વધી શકે તેવી તેમાં શક્યતા છે. ◘


(જૂસ્ટ એલ્ફરના પુસ્તક 'ટૅંગ્રામ'ના આધારે)




આકૃતિ ૧




આકૃતિ ૨



આકૃતિ ૩





ટૅંગ્રામના સાત ટુકડાની ગોઠવણ ને તેનાથી રચાએલો પક્ષીનો આકાર ▷

આ અંકનું રંગીન મુખચિત્ર અને એક ચિત્રમય ડાયરી

ગુજરાતની ચિત્રકલાની પરંપરા તો સદીઓ જૂની છે. કાળબળે તેમાં ચડતીપડતી પણ થતી રહી છે. એક એવો યે કાળ હતો કે જ્યારે દિલ્હી દરબારમાં અનેક ગુજરાતી ચિત્રકારો પણ પોતાની પ્રતિભા દર્શાવતા હતા. 'આઇને અકબરી'માં અબુલ ફઝલે અગિયાર જેટલા ગુજરાતી ચિત્રકારોનો ઉલ્લેખ કરેલો છે. એ સમયનાં અનેક મુઘલ ચિત્રોમાં તેના કર્તા તરીકે ભીમ ગુજરાતી, સૂર ગુજરાતી, કેશવ ગુજરાતી અને માધવ ગુજરાતી જેવાં નામો વાંચવા મળે છે. સોળમા સૈકાથી મુઘલ ચિત્રશૈલીનો જુવાળ ઊતરવા લાગ્યો. અને દિલ્હી દરબારના ચિત્રકારો રાજ્યાશ્રય માટે યત્રતત્ર સ્થળાંતરો કરી ગયા. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાંની સ્થાનિક ચિત્રકલાની અસર એમણે ઝીલી, અને તેમાંથી આગવી લાક્ષણિકતાઓવાળી નવી કલમો વિકાસ પામી. કાળાંતરે અને કાળબળે એ પણ ઘસાતી ગઈ અને ધીમેધીમે લોકકલાનું રૂપ ધારણ કરી રહી. રાજ્યાશ્રય તો રહ્યો નહિ એટલે શ્રીમંતોની હવેલીઓ, દરબારગઢો, દેવાલયો, ગામના ચૉરા ને ધર્મશાળાઓ વગેરેની ભીંત ઉપર અપભ્રંશ જેવા રૂપે એ ટકી રહી. રામાયણ-મહાભારત ને ભાગવતનાં કથાનકો, તીર્થંકરોના જીવનપ્રસંગો, યુદ્ધનાં દશ્યો, રાજાની સવારીઓ કે 'ઢોલા-મારુ' જેવી લોકવાર્તાઓનાં ચિત્રો તેમાં ચીતરાતાં ગયાં. વડોદરાના તાંબેકરવાડામાં વિવિધ આલેખનો, જામનગરના લાખોટા કોઠામાં ભૂચર મોરીનાં

મુગ્ધ કરશે, કચ્છમાં ભૂજના આયના-મહેલમાં, અંજારના મૅકમર્ડોના બંગલામાં, ઘોરમનાથના ભંડારામાં, ભારાપરના સુલ્તાનાના દરબારમાં આ લોકકળાનાં નમૂનાઓ આજે યે જોવા મળે છે. ગુજરાતમાં અન્યત્ર પણ ઘણાં ગામમાં આવાં ચિત્રો ઓછાવધતા પ્રમાણમાં મળી આવે છે. પણ અસલનું લલિતલાવણ્ય તેમાંથી લુપ્ત થયું છે. તેના આલેખનની રેખાઓ જાડી ને જોરદાર છતાં અક્કડ અને અગતિક છે. છતાં ય આ બધાં ચિત્રોમાંથી જે તે કાળના પહેરવેશ, અલંકારો, રાચરચીલું અને અન્ય સરંજામ વગેરેના વિધવિધ ઘાટ આકૃતિનું જ્ઞાન થાય છે. આ બધાંમાં ભાવનગર નજીકના સિહોરના રાજઆવાસનાં ભીંતચિત્રો પણ ગુજરાતી કળાના લગભગ અઢીસો વર્ષ પૂર્વેના અપભ્રંશ સ્વરૂપ તરીકે ઉલ્લેખનીય છે. ભાવનગર વસાવાયું તે પૂર્વે સિહોર ગોહિલવાડની રાજધાની હતું. આ અંકના રંગીન મુખચિત્ર તરીકે આપેલું ચિત્ર તે આ સિહોરના રાજમહેલની ભીંત પર આલેખાએલું છે. તેમાં રાજવી આતાભાઈ ગોહિલને રણમોરચે જતા આલેખ્યા છે.

જેના સૌજન્યથી આ ચિત્રના બ્લૉકો પ્રાપ્ત થયા છે તે સાહિત્ય મુદ્રણાલય (સિટી મિલ્સ કૉમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૨૨)ના મુદ્રણ-કલા વિભાગે ૧૯૮૧ના વર્ષની સચિત્ર ડાયરીમાંનું આ એક ચિત્ર છે. ડાયરીનો ચિત્રવિષય છે – ગુજરાતનું લોકજીવન.

સમાન્યતઃ કલાત્મક ડાયરીમાં હોય છે તે વસ્તુઓ—સુંદર રીતે બિરંગી છપાઈમાં તારીખ-વાર સાથેનાં અઠવાડિક પૃષ્ઠો, વાર-તહેવારના ઉલ્લેખો, અંગત નોંધ-નામ વગેરેનું પાનું, ચાલુ અને પછીના વર્ષનું કૅલેન્ડર વગેરે તો તેમાં છે જ. ગુજરાત રાજ્યના મંત્રીમંડળના સભ્યોની, તેમના ખાતાં, કચેરી, ફોનનંબર અને રહેઠાણના સરનામાં સાથેની યાદી, રાજ્યકક્ષાના ને નાયબ કક્ષાના મંત્રીઓની પણ એવી જ યાદી, ૧૯૮૧ની સાલની જાહેર રજાઓની તારીખો, ગુજરાત રાજ્યની 'એક ઝલક' દર્શાવતા (૧૯૭૭–'૭૮ના) આંકડા, કેન્દ્ર સરકારના કૅબિનેટ પ્રધાનો, રાજ્યકક્ષાના પ્રધાનો, નાયબ પ્રધાનોની ખાતાવાર નામાવલિ, રાજ્યસભા ને લોકસભાનાં ચૂંટાઈને ગએલા ગુજરાતના સભ્યોની નામાવલિ, રાજ્ય સરકારનાં જાહેર સાહસો, રાજ્યનાં વ્યાપારિક અને ઔદ્યોગિક મહામંડળોની યાદીનો વગેરેનો તેમાં સમાવેશ છે. ગુજરાતનાં વિહારધામોની પણ એક નાનકડી યાદી તેમાં આપી છે.

પરંતુ તેમાં મુખ્ય છે 'પ્રકૃતિને ખોળે પાંગરેલું ગુજરાતનું રંગીલું લોકજીવન' વિષેનો જોરાવરસિંહ જાદવનો લઘુલેખ, તેમાં એમણે લોકસંસ્કૃતિના સીમાડાથી આરંભી ગુજરાતની લોકસંસ્કૃતિનાં વિધવિધ પાસાંઓ–લોકકળા અને શોભનો, લોકગીતો અને લોકનૃત્યો, લોકબોલીઓ અને લોકસાહિત્ય, લોકરિવાજો ને લોકજીવનની કેટલીક લાક્ષણિકતાઓનો ટૂંકમાં ખયાલ આપ્યો છે. આ જ લખાણને અંગ્રેજીમાં પણ રજૂ કરેલું છે.

પણ ડાયરીનું મુખ્ય અંગ તેમાં દરેક પાના સામે આપેલી રંગીન અને એકરંગી છબીઓ છે. ગુજરાતી લોકજીવનનું તેમાં દર્શન કરાવવાનો પ્રયાસ છે. લગભગ ૧૬ જેટલા ગુજરાતી છબીકારોની કુલ ૬૯ છબીઓ તેમાં આપી છે જેમાંની ૩૬ પૂર્ણરંગી છે. પરંતુ કઈ છબી કોની છે તે જાણી શકાતું નથી. એ જ રીતે કેટલાંક ચિત્રો આ ગુજરાતના કયા વિસ્તારનાં છે તે યે જણાતું નથી. પ્રત્યેક છબી સાથે જે તે ચિત્રવિષયને અનુરૂપ લાગ્યાં એવાં ગુજરાતી લોકગીતોનાં અવતરણો તથા અંગ્રેજીમાં ચિત્રપરિચય આપ્યો તો છે, પણ ક્યાંક એ બંને વચ્ચે મેળ તૂટી જાય છે. છબીઓ સાથેના અંગ્રેજી લખાણમાં પણ છે તે કરતાં વધુ યોગ્ય શબ્દ-પ્રયોગો થયા હોત તો વધુ ઉચિત લાગત. દા. ત. 'પાળિયા' માટે 'ટુમ્બ સ્ટૉન' શબ્દ ખૂંચે છે. પાળિયો એ કબર પરનો પથ્થર નથી જ. એ જ રીતે ઘંટી માટે 'ગ્રેઈન-ક્રશર', ગાંઠડી માટે 'જગ્લર', દેવગઢ બારિયાની પ્રૌઢ સ્ત્રીઓ માટે 'યંગ વીમેન', હીર ભરતના ચાકળા વિષેના અંગ્રેજી લખાણમાં રગીન ટુકડા લગાડીને કરેલું કામ કહ્યું છે તે, વગેરે આ બધાંથી પરિચિત હોય તેમને ખૂંચે એ સ્વાભાવિક છે, પણ એ ઉપરાંત, પરપ્રાંતીઓ કે પરદેશીઓમાં ખોટી સમજ ઊભી કરે તેમ છે.

પ્રધાનોની નામાવલિ જરૂર ઉપયોગી બને, પરંતુ આ પ્રકારની—ગુજરાતના લોકજીવનને રજૂ કરતી ડાયરી સાથે તો લોકોની સાથે સંકળાએલી બાબતો જ ઉપકારક બને. ગુજરાતમાં ક્યાં ક્યાં ક્યારેક્યારે લોકમેળા યોજાય છે, તે સ્થળે જવું કઈ રીતે સુગમ પડે, ગુજરાતની સખ્યાબંધ કોમોની આગવી વિશિષ્ટતા, લોકતહેવારો અને ઉત્સવોનો પરિચય વગેરે જેવી કેટલીક બાબતો સમાવાઈ હોત તો એક સંગ્રહણીય ઉત્તમ ચીજ બની શકત. આ છતાં યે અહીં ગુજરાતના લોકજીવનની રજૂઆતનો એક પ્રયાસ જોવા મળે છે. અલબત્ત, એની ૫૦ રૂપિયા જેટલી કિંમત પણ સામાન્ય રીતે ભારે જ ગણાય. પણ આ પ્રકાશન પાછળ લેવાએલી મહેનત અને તેના નિર્માણ ખર્ચને કારણે કદાચ એ અનિવાર્ય બન્યું હશે. છતાં એ અંગે પણ કોઈ માર્ગ કાઢી શકાયો હોય તો તે વધુ સારો પ્રચાર પ્રસાર પામી શકત. □

સાહિત્યસંપર્ક

કાવ્યની પરિભાષા

ધીરુ પરીખ

કાવ્ય લખનારાઓની અને કાવ્ય વિવેચનારાઓની સંખ્યા આજે વધતી જતી જોવા મળે છે ત્યારે તત્પરક પારિભાષિક શબ્દોની આડેધડ ફેંકાફેંકીને પણ એટલો જ છુટ્ટો દોર મળી ગયો છે. આવા પ્રવર્તમાન સંજોગોમાં શ્રી યશવંત ત્રિવેદીએ પ્રસ્તુત પુસ્તક તૈયાર કરીને એક તાકીદે કરવા જેવું કામ કર્યું છે.

સમગ્ર પુસ્તકને લેખકે આઠ પ્રકરણમાં વહેંચી નાખ્યું છે: 'સંદિગ્ધતા', 'કલ્પના ને કલ્પન', 'કલ્પનતંત્ર, અલંકારો, કલ્પનવાદ, ચક્રાવૃત્તિવાદ', 'રૂપક', 'પ્રતીક', 'પુરાણકલ્પન', 'પ્રતિબદ્ધતા' અને 'આકાર અને અન્તર્ગત'. કાવ્યને આસ્વાદમાં જે પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે તેનું અહીંયાં સૂક્ષ્મ વિશ્લેષણ છે. એટલું જ નહિ, પણ એ પ્રક્રિયાના તબક્કે તબક્કે જે પરિભાષાથી ભાવનનો આલેખ અપાતો જતો હોય છે તેની અહીં ચર્ચા છે. કાવ્યની પરિભાષાના શબ્દોના રૂઢ અર્થોને અહીં લેખકે લક્ષમાં લઈને ચર્ચા કરવા ઉપરાંત આવા પારિભાષિક શબ્દો કૃત્યાસ્વાદમાં કઈ રીતે સુગમતા લાવે છે તે પણ ચર્ચ્યું છે. આમ કરવા જતાં પ્રસ્તુત પારિભાષિક સંજ્ઞાઓની શક્યતાઓનું વર્ણન કરવા તરફ વધુ લક્ષ અપાયું છે. પરિણામે અત્ર ચર્ચિત પારિભાષિક સંજ્ઞાઓના ઇતિહાસમાં કે કોઈ સાહિત્યિક વાદના એ સંજ્ઞા પરના દાવાની વિતંડામાં પડવાનું લેખકે મુનાસિબ માન્યું નથી.

પ્રથમ પ્રકરણમાં કાવ્યાર્થની સંદિગ્ધતા વિશે સંક્ષિપ્ત ભૂમિકા પછી વિલિયમ એમ્પ્સનના 'સેવન ટાઈપ્સ ઑવ ઍમ્બિગ્યુટી'ને આધારે સંદિગ્ધતાઓની વિશદ છણાવટ કરી છે, જે ભાવકને કાવ્યાસ્વાદમાં ખૂબ જ ઉપકારક થાય તેવી છે. બીજું પ્રકરણ કલ્પના અને કલ્પન અંગેનું છે. અહીં કાવ્યસર્જનમાં કલ્પનાના મહિમાનો, પાશ્ચાત્ય તદ્‌વિદો ને તદ્‌વાદોના મતસંદર્ભે, વિગતપૂર્ણ નકશો અપાયો છે. આની સાથે સાથે જ કલ્પનની સમજ આપી પ્રકરણ પૂરું થાય છે. પછી ત્રીજું પ્રકરણ ઉક્ત ચર્ચાને આગળ વધારે છે. એમાં સમગ્ર કલ્પનતંત્રની

* કાવ્યની પરિભાષા: લે. યશવન્ત ત્રિવેદી, મુખ્ય વિક્રેતા: આર. આર. શેઠની કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, પાકું પૂઠું, પૃ. ૫૯૦, રૂ. ૪૦.

ઝીણવટપૂર્વક સમજ આપી અલંકારોની પૂર્વ-પશ્ચિમની દૃષ્ટિએ છણાવટ કરી કલ્પનવાદ ને ચક્રાવૃત્તિવાદનો પરિચય આપવામાં આવ્યો છે. કલ્પનની ચિત્રકળા આદિ વિભિન્ન કળાઓના પ્રકાશમાં વધુ ચર્ચા કરવામાં આવી છે અને અલંકારનું છંદને મુકાબલે શું મહત્ત્વ છે તેની પણ વાત કરી લેવામાં આવી છે. પછી કલ્પનવાદની એક આંદોલન તરીકે સમજ આપવામાં આવી છે, અને એ વાદની સામેના પાશ્ચાત્ય પ્રત્યાઘાતોની પણ માહિતી પૂરી પાડવામાં આવી છે, ચોથા ને પાંચમા પ્રકરણોમાં અનુક્રમે 'રૂપક' અને 'પ્રતીક'ની ચર્ચા કરાઈ છે. બન્ને વચ્ચેની ભેદરેખા આ ચર્ચામાંથી સ્પષ્ટ ઊપસી આવે છે. પશ્ચિમના વિવિધ સર્જકો–વિવેચકોને મતે રૂપક–પ્રતીકની જે વિભાવના અને એનો જે વિનિયોગ થયો છે તેની અહીં તુલનાત્મક વિશ્લેષણા છે. પ્રકરણ છઠ્ઠું પુરાણકલ્પન વિષે ચર્ચા કરે છે. આ 'મિથ'ની સંજ્ઞાની ચર્ચાથી માંડી એના કલાત્મક વિનિયોગ સુધીની છણાવટ આ પ્રકરણમાં મુખ્યત્વે પશ્ચિમના સર્જકો–વિવેચકોની પ્રવૃત્તિને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી છે. સાતમા પ્રકરણમાં પ્રતિબદ્ધતાનો વિભાવ શો છે તેની વાત કર્યા પછી વિવિધ પ્રકારની પ્રતિબદ્ધતાઓએ પશ્ચિમી દેશોનાં સર્જનોમાં કઈ રીતે યોગ સાધ્યો છે તેની ચર્ચા કરવામાં આવી છે. કલાની ભૂમિકા પર પ્રતિબદ્ધતાની યોગ્યાયોગ્યતા વિષે સોદાહરણ ચર્ચા પણ અહીં કરવામાં આવી છે. આઠમા પ્રકરણમાં કલાકૃતિ માટે ઘણો જાણીતો થઈ હવે તો લગભગ ચવાઈ ગયેલો અંતસ્તત્ત્વ અને આકારનો ઝગડો ચર્ચાના કેન્દ્રમાં છે. અંતસ્તત્ત્વ અને આકારનો મહિમા, તેમનો પારસ્પરિક સંબંધ, આકારનાં ઘટક તત્ત્વો વગેરેની આ પ્રકરણમાં વિશદ ચર્ચા છે. એ સાથે સાથે આપણે ત્યાં પણ આકાર અને અંતર્ગતની જે ચર્ચાઓ થઈ છે એને પણ તપાસવામાં આવી છે. દરેક પ્રકરણને અંતે લેખકે સંદર્ભસૂચિ મૂકી છે એ પણ અભ્યાસીઓને ઉપયોગી થાય તેવી છે.

ગ્રંથ, આમ તાત્ત્વિક ચર્ચાનો છે એટલે લેખકને એના શાસ્ત્રીય નિરૂપણનો આશ્રય લેવો પડે તે સ્વાભાવિક છે. વિદ્વાનો કરતાં એમની નજર સમક્ષ સરેરાશ વાચક છે એ પ્રતીત થયા વગર રહેતું નથી. પ્રત્યેક પ્રકરણની ચર્ચામાં ગુજરાતી–અંગ્રેજી ઉદાહરણો અને અવતરણોનો પણ એમણે યથોચિત ઉપયોગ કર્યો છે. જો કે અહીં એમ લાગે છે કે જ્યાં જ્યાં અંગ્રેજી ઉદાહરણો-અવતરણો આવે છે ત્યાં ત્યાં એનો ગુજરાતી અનુવાદ કે ભાવાનુવાદ પણ અપાયો હોત તો ઠીક રહેત. એકંદરે ગ્રંથ લેખકની અભ્યાસનિષ્ઠા. સૂક્ષ્મ સમજ અને પરિશ્રમ લેવાની પ્રકૃતિનો દ્યોતક બની રહે છે. કાવ્યચર્ચાના ગુજરાતી ગ્રંથોમાં આ ગ્રંથ એક ઉપયોગી ઉમેરો કરે છે.

શબ્દકથા: મરડવુ · મરોડવું · ઉતરડવું

સં. मुटति 'મરડવું', પ્રા. मुडइ હિંદી, પંજાબી વગેરેમાં मुडना 'વળવું, મરડાવું' રૂપે મળે છે. ગુજરાતી રૂપ માટે र કાર ઉમેરાઈને થયેલું म्रुडइ એવું રૂપ ધારવું જરૂરી છે. તે પરથી म्रडइ અને मरडे.

તે જ પ્રમાણે સં. मोटति પ્રા. मोडइ ઉપરથી હિંદી વગેરેમાં मोडना મળે છે. પણ ગુજરાતી માટે र કાર ઉમેરાયેલું म्रोडइ રૂપ કલ્પીએ તો જ मरोडवुं'નો ખુલાસો આપી શકાય.

આવું र કાર ઉમેરવાનું વલણ બીજા કેટલાક ગુજરાતી (અને પંજાબી, પહાડી) શબ્દોમાં જોઈ શકાય છે.

સં. तृद् એટલે 'ફાડવું, ચીરવું' તે પરથી થયેલા तृदि એવા નામ પરથી ગુજ. तरड, तड, પંજાબી तरेड, तेड, મરાઠી तीड 'ફાટ, તરડ' ઊતરી આવ્યા છે.

એ જ પ્રમાણે उद् + तृद એવા ધાતુ પરથી उतरडवुं ગુજરાતીમાં બન્યો છે. उतडवु એ उतरडवुं'નું પ્રાદેશિક રૂપ છે.

હરિવલ્લભ ભાયાણી

આવકાર

એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.
મુંબઈ–૨

માધવ ક્યાંય નથી (પુનર્મુદ્રણ) : લે. હરીન્દ્ર દવે. પૃ ૨૫૬, પાકું પૂઠું, રૂ. ૨૩.

અચલા : લે. જ્યોતીષ જાની. પૃ. ૧૮૯, પાકું પૂઠું, રૂ ૧૫.

તહોમતદાર : લે. ઈવા ડેવ. પૃ. ૨૨૭, પાકું પૂઠું, રૂ. ૧૬.

બાવન પાનાંથી ભવિષ્યદર્શન ભાગ ૧–૨ : લે. નરેન્દ્ર દેસાઈ. પૃ. ૧૩૨, પાકું પૂઠું, રૂ. ૧૫.

વલોણું : લે. રજનીકાન્ત પંડયા. પૃ. ૧૨૬, પાકું પૂઠું, રૂ. ૮.

અઢી અક્ષરની પ્રીત : લે. ભારતી વૈદ્ય. પૃ. ૧૭૧, પાકુ પૂઠું, રૂ. ૧૪.

કાવ્યની પરિભાષા : લે. યશવંત ત્રિવેદી, પૃ. ૫૮૩, પાકું પૂઠું, રૂ ૪૦.

∞

નવભારત સાહિત્ય મંદિર
અમદાવાદ-૧ અને મુંબઈ-૨

જાણે-અજાણે : લે. દિનકર જોષી, પૃ. ૨૩૧, પાકું પૂઠું, રૂ. ૧૭.

વગડાનો શ્વાસ : લે. સુરેશ દલાલ. પૃ. ૧૪૧, કાચું પૂઠું, રૂ. ૧૪.

એક વહેલી સવારનું સ્વપ્ન : લે. દિનકર જોષી. પૃ. ૧૯૨, પાકું પૂઠું, રૂ. ૧૫.

અર્ધભિલ : અનુ. જયા મહેતા. પૃ. ૧૩૧, પાકું પૂઠું, રૂ. ૧૧.

પીપરમિન્ટના પહાડ પર : લે. સુરેશ દલાલ. પૃ. ૧૪, કાચું પૂઠું, રૂ. ૭

પરીકથામાળા (પુનર્મુદ્રણ) ભાગ ૧ થી ૫ : લે. દીપક મહેતા, વંદના મહેતા. કાચું પૂઠું, રૂ. ૨૦.

∞

બાલગોવિંદ પ્રકાશન
ગાંધી માર્ગ, અમદાવાદ-૧

શ્રુતિ અને સ્મૃતિ : ક્રચ્છ : લે. કુંદનલાલ ધોળકિયા. પૃ ૨૫૧, પાકું, રૂ. ૧૭–૫૦.

સ્વામી આનંદ : લે. વીણા શાહ. પૃ. ૫૨, કાચું પૂઠું, રૂ. ૨.

ગતિ અને શક્તિ–૭ : લે. દવે અને સુથાર. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૩–૫૦.

રસાયન–૮ : લે. દવે અને સુથાર. પૃ. ૩૬, કાચું પૂઠું, રૂ. ૪.

અવધૂત આનંદઘન : લે. વીણા શાહ. પૃ. ૪૪, કાચું પૂઠું, રૂ. ૨.

∞

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમદાવાદ–૧

રહસ્યકથા ભાગ ૧ : લે. સુકન્યા ઝવેરી. પૃ. ૧૯૬, પાકું પૂઠું, રૂ. ૧૮.

રહસ્યકથા ભાગ ૨ : લે. સુકન્યા ઝવેરી. પૃ. ૨૪૩, પાકું પૂઠું, રૂ. ૧૭.

તરંગલીલા : લે. નટવરલાલ જોષી. પૃ. ૨૦૮, પાકું પૂઠું, રૂ. ૧૫.

પરિચય : લે. દિનકર શાહ 'જય'. પૃ. ૨૪૫, પાકું પૂઠું, રૂ ૧૯.

કોહિનૂર : અનુ. યશવંત મહેતા. પૃ. ૩૦૦, પાકું પૂઠું, રૂ. ૨૨.

મનોરમા : લે. નટવરલાલ જોષી. પૃ. ૧૪૨, પાકું પૂઠું, રૂ. ૧૦.

ધાર્મિક સંજ્ઞાઓ-૧૨



પારસીઓનો જરથોસ્તી ધર્મ દુનિયાના પ્રમુખ પ્રાચીન ધર્મોમાંનો એક છે. અષો જરથુસ્ટ્રએ ઈ. સ. પૂર્વે ૧૩૦૦ થી ૬૬૦ વચ્ચેના સમયમાં તેને નિશ્ચિત સ્વરૂપ આપ્યું એ પરથી તે જરથોસ્તી ધર્મ કહેવાય છે. અવસ્તા તેમનો મૂળ ધર્મગ્રંથ છે. અહુરમઝ્દ એ સર્વશક્તિમાન વિશ્વનિયંત્રક શક્તિ તરીકે તેમના એક માત્ર દેવ છે, અને અગ્નિને અહુરમઝ્દનું ભૌતિક સ્વરૂપ ગણી તેની તેઓ પૂજા કરે છે. પારસી ધર્મસ્થાનોમાં 'આતશ બહેરામ' સર્વોચ્ચ ગણાય છે. તેમાં વિધિપૂર્વક અગ્નિનું સ્થાપન કરેલું હોય છે. મુસ્લિમ આક્રમકો સામે ધર્મની રક્ષા અર્થે માદરવતન છોડીને ભારતમાં આશ્રય પામેલા પારસીઓએ ઉદવાડામાં ઈ. ૧૭૪૨માં પ્રથમ આતશબહેરામની સ્થાપના કરેલી. તે પછી નવસારી, મુંબઈ ને સુરતમાં પણ તેની સ્થાપના થઈ. આજે ભારતમાં કુલ આઠ આતશ બહેરામ છે. આ ઉપરાંત, પ્રત્યેક પારસી વસાહતોમાં અગિયારી પણ હોય છે જેમાં ય અગ્નિનું સ્થાપન હોય છે. ધર્મસ્થાનમાં અગ્નિને અખંડ રાખવા રાતદિવસમાં પાંચ 'ગેહ'-પ્રહર વખતે તેમાં ચંદનકાષ્ઠ પૂરવામાં આવે છે. આ કાર્ય પણ માત્ર પુરોહિત જ કરે છે. જરથોસ્તી ધર્મમાં ગૃહસ્થાશ્રમનો ત્યાગ કે અસ્વીકાર પાપ ગણાય છે. પ્રત્યેક ગૃહસ્થીના ઘરમાં પણ અખંડ અગ્નિનું સ્થાપન હોય છે.

અગ્નિ, જલ અને પૃથ્વીને પારસીઓ અત્યંત પવિત્ર ગણતા હોઈ તેને મૃતદેહનો સ્પર્શ ન થાય એટલા માટે જ તેઓ શબને 'દોખ્મા'માં રાખીને ગીધને ખવરાવી દે છે.

પારસીઓ ડોક અને પગ ઉઘાડાં રાખતાં નથી. ભોજન પૂર્વે પ્રાર્થના ને ભોજન દરમિયાન મૌન પાળે છે. રજસ્વલા સ્ત્રીની આભડછેટ અંગે તેઓ બહુ ચુસ્ત હોય છે. એમનામાં જાતિભેદ કે વર્ણાશ્રમભેદ નથી, પણ તેમનામાં શહેનશાહી, કદમી અને ફસલી એવા ત્રણ ફિરકા છે જે સામાજિક દૃષ્ટિએ તો સરખા જ છે. 'હુમત' (સુવચન), 'હુખ્ત' (સુકાર્ય) અને 'હુવરસ્તં' (સુવર્તન) એ એમના આચારધર્મની ત્રિસૂત્રી છે. ભારતના વિકાસમાં આ કોમનો ફાળો ઘણો ઉમદા છે.



અશ્રુઅંજલી

છે આશ જ્યાં સુધી તો સતત શ્વાસ ચાલશે,
મારી નજરની સામે પછી મોત મ્હાલશે,
બારીક તાંતણે છે નિભાવેલ જિન્દગી,
લથડી કદી પડીશ, કોણ હાથ ઝાલશે?
('વસંત અને પાનખર'માંથી) —જયેન્દ્ર મહેતા

સ્વ. કનુ દેસાઈ


ગુજરાતના કલાવિકાસની સાથે જે કેટલાંક નામો ઓતપ્રોત થઈ ગયાં છે, અથવા ખરું કહીએ તો ગુજરાતની કલાનો વિકાસ જેમનો ઋણી છે તેવાઓમાં એક 'કનુ દેસાઈ'નું નામ પણ ઘણું મોખરે છે. કલાના ક્ષેત્રમાં એમણે ગુજરાતને એક અનોખી શાન બક્ષી છે. ગુજરાતના લગભગ ઘરેઘરમાં એમની કલાનો સીધો કે આડકતરો ઓછો કે વધુ પ્રભાવ રહ્યો છે. અર્ધી સદીથી ય વધુ વર્ષો સુધીની એમની એ અસ્ખલિત કલાસાધના, આ ૮મી ડિસેમ્બરે ૭૩ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી મુંબઈમાં એમનું અવસાન થયું ત્યાં સુધી જારી હતી. એમના અવસાનથી એ કલાસર્જનનો પ્રવાહ થંભી ગયો, ગુજરાતે એક કલારત્ન ગુમાવ્યું.

કલાક્ષેત્રે એમના સદાબહાર પુરુષાર્થનો વિસ્તૃત પરિચય અગાઉ 'કુમાર' (અંક ૬૨૯)માં પ્રકટ થયો છે. બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં ઈ. ૧૯૦૭ની ૧૨મી માર્ચે અમદાવાદમાં એમનો જન્મ. ઉછેર પણ અમદાવાદમાં મોસાળમાં. ચિત્રકામને મુફલિસી નોતરવા બરાબર ગણતા મામાથી છાનાછાના રાતેરાતે ચીતરવાની ચેળ ભાંગવાથી આરંભીને અને પછી એ અરસામાં મુંબઈથી આવીને અમદાવાદમાં સ્થિર થઈ રહેલા કલાગુરુ રવિશંકર રાવળ પાસેથી ચિત્રકલાના પાઠો ભણીને એમણે નકલોમાંથી નીકળી મૌલિકતા દાખવવાનો આરંભ કર્યો. વિદ્યાપીઠમાં એમની કલાશક્તિ જોઈ આચાર્ય કૃપાલાણીએ એમને શાંતિનિકેતન જવાની સગવડ કરી આપી ને કનુભાઈએ નંદબાબુ જેવા કલાગુરુ પાસે કલાની દીક્ષા લીધી. અહીં તેઓ ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓનો સંસ્કાર પામ્યા અને પ્રત્યેક વસ્તુ ને સર્જનમાં ભારતીય સ્પર્શ ને કલામયતા દાખવવાની એમની વિશિષ્ટ દૃષ્ટિ કોળી અને પાંગરી. અહીં ચિત્રકળા ઉપરાંત સંગીત, નૃત્ય ને નાટક વગેરેમાં પણ એમની અભિરુચિ ને દૃષ્ટિ કેળવાઈ.



શાંતિનિકેતનથી પાછા ફર્યા બાદ પૂર્વશરત પ્રમાણે ત્રણ વર્ષ તેમણે ગુજરાત વિદ્યાપીઠમાં સેવા આપી. દરમિયાન ૧૯૨૯માં 'સત્તર છાયાચિત્રો'નો એમનો પ્રથમ ચિત્રસંપુટ પ્રકટ થયો. અવનવાં સંયોજનો અને પશ્ચાદ્ભૂમાં વિષયાનુરૂપ અન્ય રંગ-આલેખન દ્વારા કનુ દેસાઈએ 'છાયાચિત્રો'ની કલાને આગવી રીતે બહુ સુંદરતાથી ને પૂરી સફળતાથી બહેલાવી છે.

ગાંધીજીની દાંડીયાત્રામાં પણ તેઓ જોડાયેલા. એ યાત્રાની જે દસ્તાવેજી ચિત્રનોંધો એમણે કરવા માંડેલી એ તો પોલીસોએ માર મારીને એમને પકડ્યા ત્યારે પડાવી લીધેલી, પણ એ નોંધોની સ્મૃતિ પરથી એમણે 'ભારત પુણ્યપ્રવાસ' નામે દાંડીયાત્રાનો એક સંપુટ પ્રકટ કર્યો. ગાંધીજીને અને સ્વાતંત્ર્ય માટે લડતા દેશના પ્રયાસો દ્વારા રચાતા ઇતિહાસને કેનવાસ પર એકમાત્ર કનુભાઈએ જ વ્યાપક રૂપે ચિત્રાંકિત કર્યો છે. ઈ. ૧૯૩૧માં એમણે 'મહાત્મા ગાંધી' નામે એમનાં ચિત્રો પ્રકટ કરેલાં.



વિદાય થતા વર્ષની ગણિત-ગમ્મત
એકી-બેકી સંખ્યાનું જાદુઈ વર્તુલ

ઈ. ૧૯૮૦ની સાલ હવે વિદાય લે છે ત્યારે તેની સાથે થોડી ગમ્મત કરી લઈએ. ગણિત-ગમ્મતના જાદુઈ અંકચોરસોની જેવું આ એક અદ્‌ભુત જાદુઈ વર્તુલ રચ્યું છે. એમાં તેના ડાબા-જમણા એ બે મુખ્ય ભાગ પાડ્યા છે. આ બંને અર્ધ ભાગને પણ આઠઆઠ ભાગમાં અને એ આઠેય ભાગને પણ બે-બે ભાગમાં વહેંચ્યા છે. અને આ છેલ્લા દરેક ભાગમાં પણ ચારચાર ખાનાં છે. આમ, ડાબી-જમણી બંને બાજુ ૬૪+૬૪=કુલ ૧૨૮ ખાનાંઓ-વાળા આ જાદુઈ વર્તુલમાં ૪૯૫ની એક સંખ્યા બાદ કરીને ૪૩૧થી ૫૩૯ સુધીની કુલ ૧૨૮ સંખ્યાઓ એવી રીતે ગોઠવી છે કે જમણી તરફના અર્ધવર્તુલમાં બધી જ સંખ્યાઓ એકી અને ડાબી તરફના અર્ધમાં બેકી છે. હવે આપણે જમણી બાજુના એકી સંખ્યાઓવાળા અર્ધવર્તુલમાંથી કેટલાંક ઉદાહરણો લઈને આ જાદુઈ અંકવર્તુલની ખૂબીઓ સમજીએ.

પ્રથમ તો દરેક ઊભી હારની સંખ્યા લઈએ: પહેલી જ હારમાં ૪૭૯, ૪૩૯, ૫૨૭ ને ૫૩૫ છે. આ ચારે સંખ્યાનો સરવાળો થશે ૧૯૮૦. આ જ રીતે ચારચાર સંખ્યાવાળી બધી જ—એટલે કે સોળેસોળ ઊભી હારમાં આ જ સરવાળો મળશે. હવે આ અર્ધવર્તુલના જે આઠ ભાગ છે, તેમાંથી પાસેપાસેના બે ભાગ લઈએ. એટલે એમાં ચાર આડી ને ચાર ઊભી હાર થઈ. આમ એ ૪×૪=૧૬ ખાનાંનો એક અંકચોરસ બન્યો. હવે બીજા અંકચોરસોની જેમ આમાં યે પ્રત્યેક આડી, ઊભી તથા ત્રાંસી હારની સંખ્યાઓનો સરવાળો એકસરખો જ થાય છે. જુઓ પહેલી આડી હાર: ૪૭૯+૫૫૯+૪૩૧+૫૧૧=૧૯૮૦. એ જ રીતે બાકીની ત્રણે આડી હારની સંખ્યાનો સરવાળો પણ ૧૯૮૦ જ થશે. ત્રાંસી ગોઠવેલી સંખ્યા પણ જુઓ: ૪૭૯+૫૦૩+૫૪૩+૪૫૫=૧૯૮૦. આ જ રીતે આ અર્ધવર્તુલના જોડાજોડના કોઈ પણ બે આઠમા ભાગ સાથે લઈને ૧૬ ખાનાંનો અંકચોરસ રચીને જુઓ. એક જ સરવાળો—૧૯૮૦ જ આવશે.

આવી જ ગમ્મત ડાબી બાજુના અર્ધવર્તુલમાં આપેલી બેકી સંખ્યાઓની છે. જમણી બાજુની એકી સંખ્યાઓમાં આપણે જેમ જુદીજુદી રીતે ગણી જોયું તેમ જ આ ડાબી બાજુની બેકી સંખ્યાઓ પણ ગણી જુઓ. એ જ જવાબ, ૧૯૮૦. આપણે અહીં જોઈ એ ઉપરાંત પણ બીજી અનેક ખૂબીઓ આ જાદુઈ વર્તુલમાં છે. પણ એ હવે તમે જ શોધી લો. અને આ ૪૩૧થી ૫૩૯ સુધીની સંખ્યામાંથી એક માત્ર નહિ વાપરેલી ૪૯૫ની સંખ્યાની યે એક ખૂબી છે. એ છે ૧૯૮૦નો ચોથો ભાગ (૪૯૫×૪=૧૯૮૦).

—કિશોર ગોરધનદાસ


પછી તો એમણે શુદ્ધ ભારતીય ભાવનાઓ અને ગુજરાતની અસ્મિતાના સ્પર્શ સાથે પોતાનાં કલ્પના-પ્રચુર ચિત્રો દ્વારા એમણે એનું કાવ્યમય રૂપસુંદર સ્વરૂપ પ્રસાર્યું. ઘરમાં એમનું એકાદ આલ્બમ હોવું એ સંસ્કારિતાનું દ્યોતક ગણાય એટલે સુધી એમની કલાનો પ્રભાવ એ એમની કલાસાધનાની એક અનોખી સિદ્ધિ છે. ભાવના, કલ્પના કે સર્જનના પ્રમાણમાં અન્ય કોઈ ગુજરાતી કલાકાર એમને આંબી શક્યો નથી. એમનું ચિત્રદર્શન બીજા બધા કરતાં તદ્દન અનોખું જ રહ્યું છે. જીવનના અતિ સામાન્ય પ્રસંગોમાંથી પણ કદી કોઈને ન સ્ફુરે એવું કંઈક નવું એમણે કરી બતાવ્યું છે. વેગભર્યો સ્વૈરવિહાર કરતી એમની રેખાઓ વિવિધદર્શી છતાં પ્રમાણબદ્ધ ચિત્રસંયોજન અને ગૂઢ છતાં મનોહારી રંગદર્શન કરાવે છે. એમની ઊછળતી ભાવોર્મિઓ હમેશાં પ્રણાલિગત વહેણો કરતાં સ્વતંત્ર અને નવા જ માર્ગે વહેતી જણાઈ છે. માત્ર ચિત્રસર્જનો જ નહિ, એમણે તો નંદબાબુ સાથે હરિપુરા કૉંગ્રેસનું શોભનકાર્ય પણ કરેલું. પૂર્ણિમા, ભરતમિલાપ, રામરાજ્ય, મીરા (એમ. એસ. શુભલક્ષ્મી) અને શ્રી. શાંતારામની ફિલ્મોમાં એમણે કલાનિર્દેશન પણ કરેલું. 'ગીતગોવિંદ' નામની એક ફિલ્મ પોતે પણ બનાવી હતી.

ગુજરાતનું અલગ રાજ્ય રચાયું તે પછી ભાવનગરમાં ભરાયેલા કૉંગ્રેસના અધિવેશનમાં કનુભાઈએ માત્ર ગણતરીના દિવસોમાં ગુજરાતનું જે દર્શન કરાવ્યું એ પણ મોટી સિદ્ધિ હતી. ૧૯૬૪માં ન્યૂ યૉર્કમાં 'નિકોલસ રોરિક મ્યૂઝિયમ'માં એમણે પોતાનાં ચિત્રો રજૂ કરેલાં. ગાંધી જન્મશતાબ્દી સમયે ગાંધીજીની જીવનકથા વર્ણવતી સોળસોળ ડબ્બાની બે આખી ટ્રેઈન એમણે તૈયાર કરી આપી હતી.

ઈ. ૧૯૩૮માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને ૧૯૬૫માં ગુજરાત સરકારે કરેલા એમના સન્માન ઉપરાંત અનેક માન-સન્માનોથી તેઓ વિભૂષિત હતા. પુસ્તકોનાં લગભગ પાંચેક હજાર જેટલાં કથાચિત્રો, સુશોભનો ને આવરણો, ૩૦ ચિત્રસંપુટો, ૫૫થી યે વધુ ફિલ્મોનું કલાદિગ્દર્શન, લગ્નપત્રિકાઓ ને આમંત્રણપત્રો વગેરે જેવા નાનામોટા સેંકડો કલામય નમૂનાઓ વગેરેમાં એમની કલાના અતિ વિસ્તૃત વ્યાપ વડે એમણે જનસમાજને કલાભિમુખ બનાવ્યો એ એમની ગૌરવવંતી દેણગી છે.

ગુજરાતની અસ્મિતાની કૂચમાં ગુજરાતની કલાનો ઝળહળતો ધ્વજ પણ ફરકે છે, અને બહાર પણ તેની જે દ્યુતિ પ્રસરી ચૂકી છે એ પ્રકાશ પાથરનારાઓમાં કનુ દેસાઈનું નામ સદા અગ્રગણ્ય રહેશે જ. □

કાઠિયાવાડની પહેલી રેલવેની શતાબ્દી



ભાવનગર રેલવેસ્ટેશન–ઈ. ૧૯૦૯

બરાબર એક સદી, એટલે કે ઈ. ૧૮૮૦ની ૧૮ ડિસેમ્બરના રોજ કાઠિયાવાડમાં ભાવનગર-ગોંડલ રેલવે દોડતી થઈ. આજના સૌરાષ્ટ્રની એ પહેલી રેલગાડી હતી. પાટા પર દોડતી એ રેલગાડી ને એને ખેંચી જતા એંજિનને જોવા લોકો ટોળે વળતાં ને નારિયેળ વધેરીને તેને વધાવતા. આજનું સૌરાષ્ટ્ર ત્યારે કાઠિયાવાડ નામે ઓળખાતું અને તેમાં બસો બે જેટલાં નાનાંમોટાં દેશી રાજ્યો, તાલુકાઓ ને જાગીરો હતાં. પરંતુ તેમાં મોટાં ગણાતાં રાજ્યો માટે પણ પોતાને ખર્ચે રેલમાર્ગ નાખવો એ બહુ મોટું સાહસ હતું. ભાવનગર-ગોંડલ રેલવે એ એવું એક મોટું સાહસ હતું અને તેની સફળતામાં તેનું ગૌરવ હતું.

હિંદુસ્તાનમાં બ્રિટિશ ઈસ્ટ ઇંડિયા કંપનીનું શાસન શરૂ થયું ત્યારે આ દેશમાં રેલવે વ્યવહાર સ્થાપવા માટે સૌ પ્રથમ ઈ. ૧૮૫૦માં તે અંગેનું સર્વેક્ષણ હાથ ધરાયું અને ત્યાર બાદ ઈ. ૧૮૫૩ની ૧૬ એપ્રિલે મુંબઈ અને થાણા વચ્ચે જે રેલગાડી દોડતી થઈ તે હિંદુસ્તાનમાં સૌ પ્રથમ હતી. છતાં બ્રિટિશ હિંદમાં સરકાર અને વ્યાપારી ગણતરીવાળા ધનાઢ્ય લોકો પણ રેલવેમાં નાણાં રોકવા બહુ આતુર ન હતા, ત્યારે ભાવનગર રાજ્યના મહારાજા તખ્તસિંહજી (ઈ. સ. ૧૮૭૦–૧૮૯૬) અને વજીર ગગા ઓઝા (ઈ. સ. ૧૮૪૭–૧૮૯૧)એ રાજ્યના ખર્ચે રેલવે બાંધવા વિચાર્યું એ તેઓની દીર્ઘદૃષ્ટિ ને રાજકીય કુશળતા સૂચવે છે.

આમ તો, સૌરાષ્ટ્રમાં રેલવે લાઈન નાખવાનો સૌ પ્રથમ વિચાર ઈ. સ. ૧૮૬૯માં થએલો, સર રિચર્ડ ટેમ્પલ જ્યારે મદ્રાસમાં ફેમિન ડેલીગેટ હતા ત્યારે તેમણે એક વખત ટીકા કરી હતી કે 'સૌરાષ્ટ્ર જેવો મોટો પ્રદેશ રેલવેની બાબતમાં નકશા પર તદ્દન ખાલી છે.' તે પછી જ્યારે સર રિચર્ડ ટેમ્પલ મુંબઈના ગવર્નર બન્યા ત્યારે તેમણે ભાવનગર રાજ્યના સંયુક્ત કારભારીઓ ગગા ઓઝા અને એડવર્ડ હોપ પર્સિવલને રાજ્યમાં રેલવે લાઈન નાખવા ભારપૂર્વકનો અનુરોધ કર્યો. તેમણે ઘોઘાથી ગોંડલ સુધી અને પછી રાજકોટ સુધી રેલવે નાખવા સૂચવેલું. પરંતુ આ વિચારનો ગગા ઓઝાએ વિરોધ કર્યો. એમની દૃષ્ટિએ એથી રાજ્યનાં અમુક હિતો જોખમાતાં હતાં. એટલે એ વિચાર ત્યાંથી જ અટકી ગયો.


એ પછી ઈ. ૧૮૭૭માં ગગા ઓઝા અને કર્નલ જે. ડબલ્યુ. વૉટ્સનના સંયુક્ત કારભારકાળમાં આ પ્રશ્ન ફરી ઊપડયો. ત્યારે પોલિટિકલ ઍજન્ટ જેમ્સ બી. પીલે તેમાં ટેકો આપ્યો. હિન્દુસ્તાનના અનેક ભાગોમાં એ સમયે ભયંકર દુષ્કાળ પડયો હતો. તેના વરવા ઓળા કાઠિયાવાડમાં પણ ફરી વળ્યા હતા. મુંબઇ ઈલાકાના ગવર્નર સર રિચર્ડ ટેમ્પલને લાગ્યું કે દુષ્કાળનો ભોગ બનેલા વિસ્તારમાં લોકોને ઉપયોગી થઈ પડે તેવાં સ્થાયી બાંધકામો જો રાહત-કાર્યો દ્વારા થઇ શકે તો આ વિસ્તારની પ્રજાને દુષ્કાળના કપરા દિવસોમાંથી ઉગારી લઈ શકાય. આ સંજોગોમાં ભાવનગર રેલવે યોજનાનો પ્રશ્ન નવેસરથી ગંભીરતાપૂર્વક વિચારવામાં આવ્યો. ભાવનગર રાજ્યની ઇચ્છા મુજબ ભાવનગર-ગોંડલ રેલ્વે લાઈન કરવાનું નક્કી થયું. હિંદુસ્તાનના ગવર્નર જનરલ લૉર્ડ લિટને આ યોજનાને મંજૂરી આપી અને ઍલેક્ઝાંડર આઈઝેક નામના બાહોશ એન્જિનીઅરની આ કાર્ય માટે નિમણૂક કરી.

ઈ. ૧૮૭૮ના માર્ચમાં કામ શરૂ થયું. અને ૫૦ લાખ રૂપિયાના ખર્ચે રેલમાર્ગનું કામ પૂરું થયું. આ માર્ગમાં બનાવવા પડેલા પુલો માટે ૨૧ લાખ રૂપિયા બીજા ખર્ચાયા અને રેલ-વ્યવહારનું સંપૂર્ણ કાર્ય પૂરું થતાં ભાવનગર અને ગોંડલ બંને રાજ્યોના મળી રૂપિયા ૮૬ લાખનો એકંદર ખર્ચ થયો. આમાં બે ભાગનો ખર્ચ ભાવનગર રાજ્યનો અને એક ભાગનો ગોંડલ રાજ્યનો હતો. આ આખીયે રેલવે લાઈનનો ખર્ચ ભાવનગર અને ગોંડલ રાજ્યે આપ્યો હોવાથી તેને 'ભાવ-

તા. ૧૮ ડિસેમ્બર ૧૮૮૦ના રોજ ભાવનગર-ગોંડલ રેલમાર્ગનું મુંબઇ ઈલાકાના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસને ઉદ્‌ઘાટન કર્યું તે પ્રસંગે લેવાએલી છબી. મધ્યમાં ગવર્નર, ભાવનગરના મહારાજા તખ્તસિંહજી, દીવાન શામળદાસ પરમાણંદદાસ અને ભૂતપૂર્વ દીવાન ગગા ઓઝા. (જેમના વારસ શ્રી. સોમેશચંદ્ર ઓઝાના સૌજન્યથી આ છબી મળી છે.)



આકાશદર્શન



મેષથી આરંભી મીન સુધીની બાર રાશિઓ અથવા અશ્વિનીથી આરંભી રેવતી સુધી સત્તાવીસ (અને અભિજિત સહિત અઠ્ઠાવીસ) નક્ષત્રોનું એક ચક્ર અહીં પૂરું થાય છે. વર્ષારંભથી આકાશદર્શનનો કાર્યક્રમ વિચાર્યો હોય તો તેનો એક દોર પણ અહીં પૂરો થાય છે. અહીં એટલે કે આ સાથેના નકશામાં દર્શાવેલા આકાશવિસ્તારમાં. ચૌદ વર્ષ પહેલાં આ પાનાંઓ પરથી આપણે આકાશદર્શનનો પ્રારંભ કરેલો, અને પાછલાં નવ વર્ષથી જુદીજુદી રીતે નિયમિત દર માસે આ વિભાગમાં ફરીફરીને આ તારાઓ, તેનાં મંડળો, તેમના વિસ્તાર, તેમની સાથે વણાયેલી કથાઓ વગેરેનો પરિચય આપણે મેળવતા રહ્યા. પૂરા થતા વર્ષના તારાઓને એક વધુ સલામ આપી નવા આરંભાતા વર્ષના સ્વાગત સાથે એમને મળી લઈએ. હવે આમ થી આપણને કોઈ અપરિચિત નથી. લગભગ બધા મુખ્ય કે અગ્રગણ્ય તારાઓ, તારામંડળો વગેરે આપણા પરિચિત છે. અત્યારના આકાશમાં પૂર્ણ રૂપે દેખાતી વૈતરણીને જોઈ લેવાનો આ ઉમદા સમય છે. મૃગમંડળનાં નીલ તેજથી પ્રકાશિત 'બાણરજ' પાસેથી આરંભાઈને વાંકાચૂકા વળાંક લેતી છેક દક્ષિણ ક્ષિતિજે જ્યાં પહોંચે છે ત્યાં તેના મુખના સ્થાને જે તારો છે તે આથી 'નદીમુખ' નામે જ ઓળખાય છે. આપણાથી ૧૬૦ પ્રકાશવર્ષ જેટલો દૂર એ તારો છે. તારામંડળના બહુ ઝાંખા તારાઓ શોધી શોધીને પૂરી નદી જોવી જરા મુશ્કેલ છે. અને આમે પ હાલના આકાશમાં તો સંખ્યાબંધ તારામંડળો જોવા મળે છે, તેમની વચ્ચે યે તેને શોધવી કઠણ છે. પણ પૂર્વપરિચયના કારણે આ બધાં તારામંડળોને ઓળખવાં હવે મુશ્કેલ નહિ લાગે. 'તિમિંગલ' તારામંડળમાં 'મિરા' અને 'યયાતિ'માં અલગૂલ' જેવા બે 'અગ્રગણ્ય રૂપવિકારી તારાઓ પણ હાલ એક સાથે જોઈ શકાશે.

આકાશદર્શનમાં એકાદ સારું દૂરબીન જો પાસે હોય તો એની સહાયથી આકાશની સમૃદ્ધિનું કંઈ ઓર દર્શન થાય છે. આ માટે કેવું દૂરબીન પસંદ કરવું એ અંગે અગાઉ થોડી માહિતી આપી હતી. નવા રસિયાઓને આજે એ કામ લાગશે. 'ઑપેરા ગ્લાસ' કે 'ફીલ્ડ ગ્લાસ' તરીકે ઓળખાતાં સાદા દૂરબીનો ક્રિકેટની મૅચ જોવામા, મંદિરોમાં ભગવાનનાં દર્શન કરવામાં કે સાચા (અને આજકાલના જુદા) અર્થમાં 'બર્ડ વૉચિંગ' કરવામાં કામ લાગે પણ આકાશદર્શનમાં થોડા ઝાંખા તારાઓને કે ચંદ્ર પરના 'ડાઘ' કંઈક વધુ સ્પષ્ટતાથી જોવા સિવાય એ વિશેષ ઉપયોગી બને નહિ. પરંતુ ત્રિપાર્શ્વ કાચ સાથેની રચનાવાળાં મોંઘા શક્તિશાળી બાયનોક્યુલર વડે ચંદ્ર પરનાં કૅટર્સ, ગુરુના મુખ્ય મુખ્ય ચંદ્રો, કેટલાક યુગ્મ તારાઓ અને તારાગુચ્છો તથા અમુક ધૂમ્રળ નિહારિકા વગેરે જોઈ શકાય છે. સૂર્યકલંકો પણ જોઈ શકાય, પણ સૂર્ય સામે સીધું દૂરબીન માંડવું એ આંખ માટે અત્યંત જોખમી છે એ હમેશાં ધ્યાનમાં રાખવું. તારાના તેજની વધઘટ, તક મળે તો ધૂમકેતુ અને કદાચ નવા તારા (વિસ્ફોટ) પણ એના વડે માણી શકાય.

સામાન્યતઃ આવાં દૂરબીનોમાં બે મુખ્ય અંગ હોય છે: એક 'ઑબ્જેક્ટિવ લેન્સ' આગળનો કાચ, જે પ્રકાશ ગ્રહણ કરે છે; અને બીજો જોવાનો કાચ–'ઑક્યુલર લેન્સ'. જેમ ઑબ્જેક્ટિવ લેન્સ મોટો તેમ તેની પ્રકાશ ગ્રહણ કરવાની શક્તિ વધુ. વિશેષ શક્તિશાળી બાઈનૉક્યુલરમાં ત્રિપાર્શ્વ કાચની ગોઠવણ હોય છે, જેનો એક મુખ્ય લાભ દૂરબીનની લંબાઈ ઘટાડવાનો છે. વિજ્ઞાનમાં પ્રકાશ વિશેના પ્રકરણમાં આ બધી સમજણ વિગતે આપી હોય છે ને તે શાળાઓમાં શિખવાય પણ છે જ. મોટે ભાગે બધાં દૂરબીનો પર ૭ × ૩૫ કે ૭ × ૫૦ એમ દૂરબીનની શક્તિ જણાવતા આંકડા આપ્યા હોય છે. એનો અર્થ એ છે કે એ દૂરબીન વડે, નરી આંખે દેખાય તે કરતાં સાત ગણું મોટું દેખાય છે; અને ૩૫ કે ૫૦નો આંક એ દૂરબીનના ઑબ્જેક્ટિવ લેન્સનો મિ.મી.માં વ્યાસ દર્શાવે છે. આ રીતે ૩૫ મિ.મી.ના કરતાં ૫૦ મિ.મી.ના કાચવાળું દૂરબીન વધુ પ્રકાશ ગ્રહણ કરી શકે છે.

બાઇનૉક્યુલરની રચના અનુસાર તેમાંથી દેખાતા વિસ્તારની મર્યાદા – ફીલ્ડ ઑવ વ્યૂ'માં પણ ફેર પડે છે. દા.ત. ૬°નું ક્ષેત્ર બતાવતા બાઈનૉક્યુલરમાંથી આપણે ૬°ના ઘેરાવાનો આકાશી વિસ્તાર જોઈ શકીએ. જે સામાન્યતઃ ૧૦૦૦ ફૂટના અંતરે ૧૦૦ ફૂટના ઘેરાવા જેટલો થાય. બાઇનૉક્યુલર જેમ વધુ શક્તિશાળી તેમ તેના વડે જોવામાં વધુ સ્થિરતા પણ જરૂરી છે. વળી, એ વજનદાર પણ હોઈ શકે, એટલે લાંબા સમય સુધી તેને હાથમાં સ્થિર પકડી રાખતાં યે થાકી જવાય. સારો માર્ગ એ છે કે એને કોઈ ટેકા પર ગોઠવીને પછી તેમાંથી જોવું. વિદ્યાર્થીઓમાં આકાશદર્શનનો રસ કેળવવા માટે શાળાઓમાં એકાદ સારું દૂરબીન કે બાયનૉક્યુલર વસાવવું જોઈએ. □

નગર-ગોંડલ રેલવે' નામ અપાયું. કુલ ૨૦૧ માઈલ જેટલી લાંબી આ રેલવે યોજનામાં ભાવનગરથી વઢવાણ વચ્ચે કુલ ૧૦૬ માઈલની મુખ્ય લાઈન પર ૧૭ સ્ટેશનો અને ધોળકા જંકશનથી ધોરાજી તરફ જતી ૯૫ માઇલ લાંબી શાખા લાઈન પર કુલ ૧૨ સ્ટેશનો હતાં.

તા. ૧૮ ડિસેમ્બર ૧૮૮૦ના રોજ મુંબઈના ગવર્નર સર જેમ્સ ફરગ્યુસને આ 'ભાવનગર-ગોંડલનું રેલવે'નું ઉદ્ઘાટન કર્યું.

એકસો વર્ષ પહેલાં એક દેશી રાજ્યને માટે એ જમાનામાં ગંજાવર ગણાય તેવા આ સાહસે એક નવી પ્રેરણા પૂરી પાડી. ત્યાર પછીના દસકામાં તો કાઠિયાવાડની લગભગ દરેક મોટી રેલવે બંધાવી શરૂ થઈ.

—પ્રો. પી. જી. કોરાટ

વૃદ્ધિથી હરખે નહિ, હાનિથી નહિ શોક;
સમ બુદ્ધિ જેની રહે, એવા વિરલા કોક.

રાજમાર્ગ પરથી ભગવાન બુદ્ધ પસાર થઈ રહ્યા હતા. એ એકદમ અટકી ગયા. શિષ્ય આનંદે પૂછ્યું : 'કેમ પ્રભુ ! ઊભા રહ્યા ?'

'અરે, ગજબ થઈ ગયો હોત ! મારા પગ તળે પેલી કીડી કચડાઈ જાત.'

'વાહ, પ્રભુ ! આપની અહિંસાની ભાવના કેટલી બધી મહાન છે !'

'બેટા આનંદ ! એમાં અહિંસાનો સવાલ નથી. મારા જ પર મારો પગ પડી ના જાય એટલી સાવચેતી તો મારે રાખવી જ જોઈએ. મારામાં અને કીડીમાં આત્મતત્ત્વ તો એ જ છે ને !'

આપણે જીવ માત્રમાં આપણું દર્શન કરી શકીએ તો જ સહાનુભૂતિ શબ્દ સાર્થ થાય.

અનેકાર્થી શબ્દ : ખંડ=ભાગ, કકડો; જૂથ, સમૂહ (જેમ કે તરુખંડ, પુસ્તકનાં પ્રકરણોનો ખંડ); પ્રકરણ; એક ચોળી કે કાંચળી થાય તેટલું મોળિયાં સાથે વણેલું કપડું, રેજો; ઘરનો એક ભાગ, ઓરડો; પૃથ્વીના પાંચ મોટા ભાગોમાંનો એક (એશિયા, અમેરિકા, આફ્રિકા, યુરોપ અને ઑસ્ટ્રેલિયા); વિભાગવાળું; નાનું, ટૂંકું.

કહેવતોના અર્થ : 'આમદની ટોપી મામદને માથે, ને મામદ ફરે ઉઘાડે માથે.'—એકની પાસેથી પૈસા લઈ બીજાને સંતોષવો, ને તેની પાસેથી ફરી માગી ત્રીજાને આપવા એમ ફરતા-ફરતી પૈસા લઈ વેપાર ચલાવતા, અગર એ રીતના જીવન-વ્યવહારવાળા માણસોના વર્તન માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો : 'ભાયના ભેંસ હેઠે અને ભેંશના બકરી હેઠે'; 'ફઈનું પહેલું માસીને ને માસીનું પહેલું ફાવને'; 'પૂંજી વગર પેઢી માંડવી'; 'પોલે પાને વેપાર', 'રેતીમાં નાવ ચલાવવી' વગેરે.

મૅજિસ્ટ્રેટ, આરોપીને : 'તારે અહીં કેમ આવવું પડ્યું ?'

આરોપી : આ બે પોલીસો મને અહીં ઘસડી લાવ્યા છે, સાહેબ.'

મૅજિસ્ટ્રેટ : 'હં ! પીધો હશે !'

આરોપી: 'હા સાહેબ, એ બંનેએ પીધો હશે.'

શબ્દકોશમાં 'કાર્ય' આરંભે અને 'ક્ષુદ્રતા' અંતે આવે છે; 'આપત્તિ' શરૂઆતમાં છે અને 'હું' છેવટે છે; 'ઈશ્વર' અને 'શયતાન'ની વચ્ચે પણ પુષ્કળ અંતર છે.

विपत्तिष्वव्यथो दक्षो नित्यमुत्थानवान्नरः।
अप्रमत्तो विनीतात्मा नित्यं भद्राणि पश्यति ॥

જે પુરુષ વિપત્તિમાં પણ શાન્ત રહેનારો, ચતુર, સદા ઉદ્યોગી, પ્રમાદ વગરનો તથા વિનયવાળો છે તે સર્વદા કલ્યાણને જ પામે છે.

હાથીપગાનો રોગ જો એક વર્ષથી વધુ જૂનો ન હોય તો સવારસાંજ એકએક કપ ગૌમૂત્રમાં એકએક ચમચી હળદરનું ચૂર્ણ મેળવી પીવાથી મૂળગામી લાભ થશે.

કોઈ ઝેરી ચીજ ખાવામાં આવી ગઈ હોય તો રાઈથી ઊલટી કરાવવી. એક ચમચો રાઈનો લોટ પાણીમાં નાખી પાવો એટલે તરત જ ઊલટીઓ ચાલુ થશે.

વાયુથી અંગ પકડાઈ જાય તો રાઈનો લેપ કરવો. લેપ કલાકથી વધુ ન રાખવો.

પાકેલી બગલ—બાંબલાઈ કે ગૂમડું ફોડવા માટે રાઈને બારીક વાટી તેનો લેપ કરવો.

અર્ધાંગ વાયુ પર રાઈનું તેલ ચોળવું.

સાંધાના સોજા પર સંચળ ને રાઈ સરખા વજને વાટી તેનો લેપ કરવો.

ભારતમાં કેરોસીનની સૌપ્રથમ આયાત ઈ. ૧૮૯૩માં ન્યૂ યૉર્કથી થઈ.

ખીલ ઉપર જીરુ પાણી સાથે ઘસોટીને લગાડવાથી ફાયદો થાય છે.



કલાકણિકા : પંજાબના ફૂલકારી ભરતની એક ભાત. માત્ર ભૌમિતિક આકારોથી પ્રકટાવેલી સાદી છતાં ભરચક આ ભાતની પાછળ લેવાતો શ્રમ પંજાબી નારીઓની ધીરજ અને કલાપ્રિયતાનો ઘોતક છે.

ખેતીની સમૃદ્ધિ માટે અનેક પગલાં

ખેતીની સમૃદ્ધિ માટે ખેડૂતને કેન્દ્રમાં રાખીને ગુજરાત સરકારે અનેક કાર્યક્રમો હાથ ધર્યા છે. ખેત-ઉત્પાદન વધે, તેના યોગ્ય બજારભાવ મળે અને ખેતીમાંના અવરોધો દૂર થાય તે માટે ખેડૂતોના હિતમાં સરકારે અમલમાં મૂકેલાં કેટલાંક પગલાં આ પ્રમાણે છે:

* ખાતરની ખરીદીમાં આદિમ જાતિઓના અને અનુસૂચિત જાતિઓના ખેડૂતોને ૫૦ ટકાની તેમ જ અન્ય ખેડૂતોને ૨૫ ટકાની સબસીડી માટે રૂા. ૯·૩ કરોડની જોગવાઈ કરવામાં આવી.
* બાકીદાર ખેડૂતોને રાહત આપવા તગાવી માટે રૂા. ૫ કરોડની ફાળવણી કરવામાં આવી.
* ખેતીના વિકાસ માટે ૧૯૭૭-૭૮ના વર્ષમાં અંદાજપત્રમાંની કુલ જોગવાઈનો ૧૨·૬૯ ટકા ખર્ચ થયો હતો. ૧૯૭૮-૭૯માં આ ખર્ચ વધીને ૧૪·૭૩ ટકા હતો, જ્યારે ચાલુ વર્ષના અંદાજપત્રમાં આ જોગવાઈ વધારીને ૧૭ ટકા ઉપરાંતની કરવામાં આવી.
* પાકને જીવાત સામે રક્ષણ આપવા હવાઈ તેમ જ જમીન પરના છંટકાવના વિસ્તારને ગયા વર્ષ કરતાં ચાલુ વર્ષે બમણો કરવામાં આવ્યો. નાણાંકીય જોગવાઈ અઢીગણી કરવામાં આવી. ૧૯૭૯-૮૦ના વર્ષના રૂા. ૯૨·૩૦ લાખના ખર્ચ સામે ચાલુ વર્ષે રૂા. ૨૯૦ લાખની રકમ ખર્ચવાનું મહત્ત્વાકાંક્ષી આયોજન કરાયું.
* જમીન સંરક્ષણ અને વોટર-શેડ કાર્યક્રમનું વિસ્તૃતિકરણ કરાયું. ૮·૮૦ લાખ હેકટરના વિસ્તારને આવરી લેવાયો.
* ખેતી, શિક્ષણ અને સંશોધન તેમ જ પાક અને જમીન-સંરક્ષણ માટેનું આયોજન ખર્ચ ૧૯૭૬-૭૭માં રૂા. ૫ કરોડ હતું તે ૧૯૭૯-૮૦માં રૂા. ૧૩-૬૫ કરોડ અને ચાલુ વર્ષે રૂા. ૨૪·૮૪ કરોડ વધારવામાં આવ્યું.
* ખેડૂતોને જમીન સંરક્ષણનાં કામો માટે સહાય કરવા માટે અનુદાન ૨૫ ટકા હતું તે વધારીને ૫૦ ટકા કરાયું.
* ૧૯૭૬-૭૭માં ૬૪૦૦૦ કિ. ગ્રામના હાઈબ્રીડ કપાસના બિયારણની વહેંચણી સામે ૫,૪૦,૦૦૦ કિ. ગ્રામ બિયારણની વહેંચણી કરવામાં આવી.
* જંતુનાશક દવાઓ ખરીદવા માટે કેન્દ્ર સરકાર પાસેથી રૂા. ૭ કરોડનું ખાસ ભંડોળ મેળવી ખેડૂતોને ટૂંકા ગાળાની લોન મંજૂર કરવામાં આવી.
* કપાસની સીધી ખરીદી કરવા માટે રાજ્ય સરકારે રૂા. ૬ કરોડની લોન ગુજરાત સ્ટેટ કોટન કો-ઑપરેટિવ માર્કેટિંગ ફેડરેશનને મંજૂર કરી, ૫૦,૦૦૦ ગાંસડીની નિકાસ માટે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવી.
* રાજ્યના છ જિલ્લાઓમાં વિશિષ્ટ મગફળી વિકાસ યોજના મંજૂર થઈ. આ યોજનામાં હવાઈ છંટકાવની રાહત ઉપરાંત ટ્રેકટર માઉન્ટેડ સ્પ્રેયર્સની ખરીદી પર સહાય અપાય છે.
* મગફળી ઉનાળુ પાકની યોજના હેઠળ હેકટર દીઠ રૂા. ૧૦૦/- રાહત તરીકે અપાય છે. આથી ૧૯૭૮-૭૯માં ૨૫,૦૦૦ હેકટર વિસ્તારમાં ઉનાળુ મગફળી થતી હતી તે વધીને ચાલુ વર્ષે એક લાખ હેકટર વિસ્તારને આવરી લેશે.
* આદિવાસી વિસ્તારમાં ખરીફ પાક તરીકે મગફળીના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા નહિ આવરી લેવાયેલ એવા વિસ્તારમાં મગફળી ઉત્પાદન માટે હેકટર દીઠ રૂા. ૨૫૦ રાહત અપાય છે. આથી ખેડૂતોની આવકમાં રૂા. ૪૦ કરોડનો વધારો થશે.
* ખેડૂતોને મગફળીના પાક માટે યોગ્ય ભાવે બજાર મળી રહે તે માટે પગલાં લેવાયાં.
* કઠોળને મિશ્રપાક અને રવી અને ઉનાળુ પાક તરીકે વાવવાની યોજનાને પરિણામે કઠોળનું ઉત્પાદન ત્રણ વર્ષમાં વધીને ૩ લાખ ટન થવાનો અંદાજ છે.
* આર્થિક પછાત ખેડૂતોને ૫૦ ટકા સહાયને ધોરણે કીટ્સ પૂરા પાડવાની યોજનામાં ચાલુ વર્ષે રૂા. ૬૧ લાખ ખર્ચાશે.

ખેતીના વિકાસ માટે વિવિધ સહાય
ખેડૂતોના હિત માટે જાગ્રત સરકાર